આજનો સુવિચાર

સફળતા અનુભવથી મળે છે અને અનુભવ નિષ્ફળતાથી મળે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2020)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૪ અંક : ૧૦૮ જૂનાગઢ તા.૨૨-૦૪-૨૦૨૨ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

## વડાપ્રધાન મોદીનાં જમ્મુ પ્રવાસ પહેલા કાશ્મીરમાં ત્રાસવાદી હુમલો : બે જવાન શહિદ : ૬ આતંકવાદી ઠાર

### આજે વહેલી સવારે સીઆઈએસએફનાં કાફલા ઉપર ગ્રેનેડ હુમલો : બારામુલ્લામાં એન્કાઉન્ટર હજુ પણ ચાલુ: ચાર ત્રાસવાદી ઠાર

(દિલ્હી બ્યુરો) જમ્મુ, તા. ૨૨ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૪ એપ્રિલે કાશ્મીરની મુલાકાતે જવાના છે તે પૂર્વે જ મોટું આતંકવાદી ષડયંત્ર રચાયું હોય તેમ આજે વહેલી સવારે જમ્મુમાં બે ત્રાસવાદી હુમલા થયા હતા. એક હુમલો સીઆઈએસએફ જવાનોની બસ ઉપર કરવામાં આવ્યો હતો જેમાં એક જવાન શહીદ થયા હતા. જયારે બીજા હુમલામાં સામસામી ભીષણ અથડામણ થઈ હતી. તેમાં એક જવાન શહીદ થયા ઉપરાંત અન્ય ૬ ઘાયલ હતા. ઈન્ટરનેટસેવા તથા એન્કાઉન્ટર સ્થળ આસપાસની શાળા-કોલેજો બંધ કરી દેવામાં આવી છે.

જમ્મુની ભાગોળે આવેલા સુજવાંના એક મકાનમાં જૈસ-એ-મોહમ્મદના બે સહિત કેટલાક ત્રાસવાદીઓ છુપાયા હોવાની બાતમીના આધારે સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારમાં ઘેરો નાખ્યો હતો અને છૂપાયેલા ત્રાસવાદીઓને આત્મસમર્પણ કરવાની ચેતવણી આપીહતી. પરંતુઆતંકવાદીઓએ સુરક્ષા કાફલાપર અંધાધુંધ ગોળીઓ વરસાવવાનું શરૂ કરી દેતા સામસામી અથડામણ થઈ હતી.

આ અથડામણમાં સીઆઈએસએફના એએસઆઈ એસપી પાટીલ શહીદ થયા હતા જયારે અન્ય ૬ જવાનો ઘાયલ થયા હતા. આ ભીષણ અથડામણના પગલે આસપાસના વિસ્તારોમાં નાકાબંધી કરી દેવામાં આવી છે. એક ડઝન જેટલી સ્કુલો બંધ કરવા ઉપરાંત ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. આસપાસના માર્ગ પરથી પસાર થતા તમામ વાહનોની ચકાસણી કરવામાં આવી રહી છે. આસપાસના અન્ય ભાગોમાં ત્રાસવાદીઓ છે કે કેમ તે માટે મોટા પાયે તલાશ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

સુત્રોએ એમ જણાવ્યું છે કે, સુરક્ષા દળોના વળતા પ્રહારમાં બે ત્રાસવાદીઓને ઢાળી દેવામાંઆવ્યા છે પરંતુ હજુ વધુ ત્રાસવાદી હોવાથી સામસામી અથડામણ ચાલુ છે. જમ્મુમાં જ આજે પરોઢીયે થયેલા અન્ય એક ત્રાસવાદી હુમલામાં પણ એક જવાન શહીદ થયાનું જાણવા મળ્યું છે. જમ્મુના ચઢ્ઢા કેમ્પ પાસે સીઆઈએસએફની બસ પર ત્રાસવાદીઓએ ગ્રેનેડ હુમલો કર્યો હતો. ૧૫ જવાનો સાથેની આ બસમાં ગ્રેનેડ ઝીંકાતા પ્રચંડ વિસ્ફોટ થયો હતો. ત્રાસવાદીઓ હુમલો કરીને ફરાર થઈ ગયા હતા. આ હુમલામાં એક જવાન શહીદ થયાનું અને અન્ય ૬ ઘાયલ થયા હોવાનું બહાર આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૪મીએ કાશ્મીરની મુલાકાત લેવાના છે. કલમ ૩૭૦ હટાવાયા બાદ મોદીની આ પ્રથમ મુલાકાત છે તે પૂર્વે જ એક જ દિવસમાં ત્રાસવાદીઓએ બે-બે હુમલા કરતા સુરક્ષા દળો પણ સ્તબ્ધ થઈ ગયા છે. સુરક્ષા દળોએ પોતે એવો દાવો કર્યો છે કે ત્રાસવાદીઓના મોટા હુમલાનું કાવતરૂ નિષ્ફળ બનાવી દેવામાં આવ્યું છે.

## દેશમાં ઓમીક્રોનનાં ૮-૮ સ્વરૂપ મળ્યા

નવીદિલ્હી તા.૨૨ દેશના કેટલાક રાજયોમાં વધતા સંક્રમણ દરમ્યાન કોરોનાના વેરિએન્ટ ઓમિક્રોનના બે નહીં બલકે આઠ નવા વેરીએન્ટનો પતો લાગ્યો છે, તેમાંનું એક વેરીએન્ટ દેશની રાજધાની દિલ્હીમાંથી મળ્યું છે. જેની તપાસ ઈન્સાકાંગ અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (એનસીડીસી)ના વૈજ્ઞાનિકોએ શરૂ કરી છે.

જાણકારી મુજબ આ વેરિએન્ટ હાલમાં જ વિદેશ યાત્રાથી દિલ્હી પાછા ફરેલા એક કોરોના સંક્રમિત દર્દીમાં મળ્યું છે. જોકે તેની વારસાગત રચના હાલના વેરીએન્ટની તુલનામાં એકદમ અલગ છે. એટલે દિલ્હી તરફથી આગળની તપાસ માટે તેને ઈન્સાકાગને મોકલાયું છે. ઈન્સાકાંગના એક વરિષ્ઠ વૈજ્ઞાનિક તેની પુષ્ટિ કરતા કહ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર કોરોના વાઈરસના હાલના સ્વરૂપ અને તેની વારસાગત રચનાની સાથે જયારે મેળવતુ કરવામાં આવી તો તે બીએ ૨.૧૧.૧ મ્યુટેશન સાથે હળતુમળતું છે. અલબત તેના જન સ્વાસ્થ્ય પર પ્રભાવના બારામાં કોઈ જાણકારી નતી મળી એટલે લોકોએ હાલ ભગરાવવાની જરૂર નથી.

## દેશનાં ૮ રાજયોમાં ગંભીર વિજ કટોકટી નેશનલ ગ્રીડ ઠપ્પ થવાની ભીતિ

(દિલ્હી બ્યુરો) નવીદિલ્હી,તા.૨૨ દેશમાં ૮ રાજ્યોમાં સર્જાયેલ વીજ કટોકટીને પગલે હવે કેન્દ્ર સરકારે રાજ્યો દ્વારા સેન્ટ્રલ ગ્રીડમાંથી વધુ વીજળી ન ખેંચાય અને દેશભરમાંઅંધારપટ ન સર્જાય તે માટે તમામ રાજયોને તેનાં બંધ પડેલા પાવરહાઉસને તાત્કાલીક ધોરણે ચાલુ કરવા આદેશ આપ્યો છે. ખાસ કરીને મોંઘા કોલસાના કારણે અનેક રાજ્યોએ તેના કોલસા આધારિત વીજ એકમોને બંધ કરી દીધા હતા અથવા તો તેની ઉત્પાદન ક્ષમતા ઘટાડી દીધી હતી.

પરંતુ હજુ એપ્રિલ માસના અંત પૂર્વે જ દેશમાં આઠ રાજ્યોમાં વીજ કટોકટી સર્જાઈ છે અને તેની સાથે આ રાજયોમાં આઠ-આઠ કલાકનો વીજકાપ લાદી દેવામાં આવ્યો છે અને ધીમે-ધીમે ગુજરાત સહિતના રાજ્યોને પણ વીજ કટોકટીનો સામનો કરવો પડશે.આ વચ્ચે કોલસાના ઉંચા ભાવને કારણે રાજ્યોએ અગાઉ પોતાના જે કોલ આધારિત વીજ મથકો બંધ કરી દીધા હતા તે તાત્કાલીક ચાલુ કરવા કેન્દ્ર સરકારે આદેશ આપ્યો છે.વાસ્તવમાં આ રાજ્યોમાં કોલસાની તંગી નથી પરંતુ કોલસાના ઉંચા ભાવને કારણે તે ખરીદાતા નથી કે સ્ટોક કરાતો નથી અને સેન્ટ્રલ ગ્રીડમાંથી વીજ મેળવીને રાજ્યો પોતાની જરુરિયાત પૂરી કરી છે પરંતુ જો આ રીતે રાજ્યો વધારાની વીજળી ખેંચવા લાગે તો નેશનલ ગ્રીડ કોલેપ્સ થઈ જશે.

## યુક્રેનનાં મારીયુપોલ શહેર ઉપર રશિયાનો કબ્જો સમગ્ર શહેર કબ્રસ્તાનમાં ફેરવાયું

### યુક્રેનનાં સૈનિકોએ મદદ માટે એસઓએસ મોકલ્યા યુધ્ધને કારણે યુક્રેનને ૬૦ અબજ ડોલરનું નુકશાન

માર્યુપોલ તા. ૨૨ : રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેનના માર્યુપોલ શહેર ઉપર કબજો જમાવવાનો દાવો કર્યો છે. પુતિનના વિજયના દાવા ઉપરાંત અમેરિકાનું કહેવું છે કે અત્યાર સુધી રશિયન સેનાએ યુક્રેન ઉપર કબજો કરી શકી નથી. દરમ્યાન યુક્રેનિયન સત્તાવાળાઓએ મારિયુપોલ શહેરની બહાર એક સ્થળની ઓળખ કરી છે જયાં ૨૦૦ સામૂહિક કબરો બનાવવામાં આવી છે.

આ સામૂહિક કબરો સેટેલાઈટ ઈમેજમાં પણ સ્પષ્ટ દેખાય છે. સ્થાનિક લોકોનો દાવો છે કે રશિયાએ માર્યુપોલ પર કબજો જમાવતા ૯,૦૦૦ નાગરિકોની હત્યા કરી છે અને તેઓને આ સામૂહિક કબરોમાં દફનાવવામાં આવ્યા છે.

રશિયન સેના સામે લડનારા યુક્રેની સૈનિકોએ મદદ માટે પોકારો કરવા શરૂ કરી દીધા છે. તેમનું કહેવું છે કે અમારી પાસે માત્ર થોડા કલાકો જ રહ્યા છે. વધુમાં વધુ થોડા દિવસો સુધી અમે ટકી શકીએ તેમ છીએ.

અત્યારે મારિયુપોલ ચારે તરફથી ઘેરાઈ ગયું છે. યુક્રેની સૈનિકો એક સ્ટીલ પ્લાંટમાં આશ્રય લઈ રહ્યા છે. ત્યારે રશિયાએ બીજું આખરીનામું પણ આપી દીધું છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ વિશ્વ બેંક સાથેની રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે એક અંદાજ મુજબ, તેમને આર્થિક નુકસાનને ભરપાઈ કરવા માટે દર મહિને ૭ બિલિયન ડોલરની જરૂર પડશે. યુક્રેનને અત્યાર સુધીમાં ૬૦ અબજ ડોલરનું નુકસાન થયું છે, વિનાશમાંથી બહાર આવવા માટે દર મહિને સાત બિલિયન ડોલરની જરૂર છે.

## દિલ્હીમાં ૪ માસનાં માસૂમ બાળકને કોરોના : સ્થિતિ ગંભીર

નવી દિલ્હી,તા. ૨૨: રાજધાની દિલ્હીમાં ફરી એકવાર કોરોનાના કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. ગત બુધવારે એક હજારથી વધુ નવા કેસ સામે આવ્યા હતા. તો બીજી તરફ સંક્રમણ દરમાં પણ વધારો જોવા મળ્યો હતો.

દિલ્હીના LNJP હોસ્પીટલના ડોકટર સુરેશ કુમારે જણાવ્યું કે અત્યારે હોસ્પીટલમાં કોરોનાના કુલ ૭ દર્દીઓ એડમીટ છે. જેમાંથી પાંચ એડલ્ટ છે અને બે બાળકો છે. એક બાળક ૭ વર્ષનું છે અને એક તો ફક્ત ૪ મહિનાનું બાળક છે. તમને જણાવી દઈએ કે ૪ મહિનાનું બાળક ઓક્સીજન સપોર્ટ ઉપર છે. બાળકને કોરોના થયો છે અને બાળકની હાલત નાજુક છે.

## નવી દિલ્હીમાં જોન્સન - મોદી શિખર મંત્રણા : યુક્રેન મુદો ચર્ચાનું કેન્દ્ર

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૨ ગુજરાતની એક દિવસની મુલાકાત બાદ આજે દિલ્હી પહોંચેલા બ્રિટીશ વડાપ્રધાન બોરીસ જોન્સન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે યોજાનારી શિખર મંત્રણા ઉપર સૌનું ધ્યાન ખેંચાયુ છે. જોન્સન આજે વિદેશમંત્રી એસ.જયશંકર સાથે પણ મુલાકાત કરનાર છે.

જોન્સનની આ દિલ્હી યાત્રામાં દ્વીપક્ષી સંબંધો ઉપરાંત યુક્રેન યુદ્ધ તે ચર્ચાનું મુખ્ય કેન્દ્ર હશે. રશિયા જે રીતે યુક્રેન ઉપર કબ્જો વધારી રહ્યું છે અને હવે કયારે આ દેશનું પતન થાય તે જ પ્રશ્ન છે તે વચ્ચે ભારતે જે રીતે પશ્ચિમી દેશોથી અલગ રશિયા સાથે વલણ લીધુ છે તે મુદો બન્ને નેતાઓ વચ્ચે ચર્ચાનું કેન્દ્ર છે.

જોન્સને અમદાવાદથી દિલ્હી પહોંચેલા રશિયન બનાવટના હેલીકોપ્ટરમાં પણ બેસવા ઈન્કાર કર્યો તે સૂચક છે. ભારત અને બ્રિટન વચ્ચે રક્ષા-ટુરીઝમ-વિજ્ઞાન ટેકનોલોજી અને ઈલેક્ટ્રોનીકસ ક્ષેત્રે ભાગીદારી વધુ મજબૂત બનાવવા અને બ્રિટીશ કંપનીઓની હાજરી ભારતમાં વધારવા માટે બોરીસ જોન્સન પ્રવાસ કરશે તો ભારતના ડેરીસહિતના ઉત્પાદનો ઉપર જે રીતે બ્રિટન-યુરોપમાં પ્રતિબંધ છે તે મુદો ભારત ઉઠાવશે.

જોન્સન યુક્રેન મુદે ભારતને હવે ખુલ્લી રીતે પશ્ચિમી દેશો સાથે આવવા દબાણ કરશે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિટનમાં ખાલીસ્તાની ત્રાસવાદીઓના સંગઠનોની ભૂમિકા અને સ્વતંત્રતા મુદે બ્રિટનને આકરા પગલા લેવા જણાવશે.

## અમેરીકી સાંસદ ઈલ્હાન ઉંમરે પાક. કબ્જાગ્રસ્ત કાશ્મીરની મુલાકાત લીધી : ભારતનો તિવ્ર વિરોધ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૨ અમેરિકી કોંગ્રેસના મહિલા સાંસદ ઈલ્હાન ઉમરે ગુરૂવારે પાકિસ્તાની કબજા વાળા વિસ્તારની મુલાકાત લેતા ભારત લાલઘુમ થયું છે. ભારતને ઉમરની આ મુલાકાત ગળે ઉતરી નથી અને તેમની આ મુલાકાતને હલકી માનસિકતા ગણાવાઈ છે

ઈલ્હાન ઉમર ચાર દિવસીય યાત્રાના ભાગરૂપે પાકિસ્તાન આવ્યાં છે અને ગુરુવારે તેમણે પાકિસ્તાની કબજાવાળા વિસ્તારની મુલાકાત લીધી. તેમણે પૂર્વ પીએમ ઈમરાનખાના ઘેર જઈને તેમની સાથે પણ મુલાકાત કરી હતી.

ભારતને અમેરિકી સાંસદની પીઓકેની મુલાકાત ઉપર આકરો વાંધો ઉઠાવ્યો છે. વિદેશ મંત્રાલયે આ સંદર્ભમાં પ્રેસ કોન્ફરન્સ કરીહતી તેમના આ પગલાંની ઝાટકણી કાઢવામાં આવી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું કે અમે ઈલ્હાન ઉમરની પીઓકેની મુલાકાત વિશે જાણ્યું છે. હું કહેવા માગું છું કે જો કોઈ રાજદ્વારી પોતાની છીછરી માનસકિતા દેખાડે તો આ તેમનુ કામ છે. પરંતુ જયારે કોઈ આપણી ક્ષેત્રીય અખંડિતતા અને એકતાનું ઉલ્લંઘન કરે ત્યારે આપણે તેમની મુલાકાતને નિંદનીય માનીએ છીએ.

## ફોજદારી કેસોની ટીવી ચેનલો ઉપર ડિબેટ બાબતે સુપ્રિમ કોર્ટ ભારે નારાજ : ન્યાયીક કાર્યવાહીમાં સીધો હસ્તક્ષેપ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૨ સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યુંહતું કે ક્રિમિનલ કોર્ટના ડોમેનમાં હોય તેવા મુદ્દાઓને સ્પર્શતી ટીવી ચેનલોમાં ચર્ચાઓ અથવા ચર્ચાઓ ફોજદારી ન્યાયના વહીવટમાં સીધો હસ્તક્ષેપ સમાન છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ નીરીક્ષણ કર્યું છે કે ક્રિમિનલ કેસોમાં નિર્ણાયક પુરાવો કોર્ટ દ્વારા નક્કી થાય, ટીવી ચેનલોની ડીબેટ/ચર્ચાઓ દ્વારા નહીં. સુપ્રીમ કોર્ટે નીરીક્ષણ કર્યુ છે કે ક્રિમિનલ કોર્ટના દાયરામાં જે કેસો ચાલી રહ્યા છે તેને સ્પર્શતી ટીવી ઉપરની ચર્ચાઓ કે ડિબેટ ફોજદારી ન્યાયના વહીવટમાં સીધો હસ્તક્ષેપ સમાન છે. સુપ્રીમ કોર્ટે કહેલ કે ફોજદારી ગુનાને લગતી તમામ બાબતો અને કોઈ ચોક્કસ વસ્તુ પુરાવાના નિર્ણાયક ભાગ તરીકે બને છે કે કેમ તે અંગેની કાર્યવાહી કાયદાની અદાલત દ્વારા થવી જોઈએ, ટીવી ચેનલો દ્વારા નહીં. જસ્ટિસ યુ યુ લલિત અને પી એસ નરસિમ્હાની બનેલી બેંચે એક ફોજદારી અપીલમાં આપેલા ચુકાદામાં ઉપરોક્ત અવલોકન કર્યું હતું.

## જહાંગીરપુરીનાં હિંસા પ્રભાવિત વિસ્તારોમાં મમતા બેનર્જી ટીએમસીનું પ્રતિનિધિમંડળને મોકલશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૨ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને ટીએમસીના વડા મમતા બેનર્જીએ આજે દિલ્હીના જહાંગીરપુરીમાં હિંસા પ્રભાવિત વિસ્તારની મુલાકાત લેવા તૃણમૂલ કોંગ્રેસને ફેક્ટ-ફાઈન્ડિંગ ટીમ મોકલવાનો નિર્ણય કર્યો છે. આ ટીમમાં પાંચ ટીએમસી સાંસદ હશે. સાંસદોનું પ્રતિનિધિમંડળ હિંસા વિસ્તારની મુલાકાત લેશે અને લોકો સાથે વાત કરશે અને ઘટનાની હકીકતો જાણશે. ત્યારબાદ આ ટીમ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને પોતાનો રિપોર્ટ સોંપશે.

દિલ્હીના જહાંગીરપુરીમાં હનુમાન જયંતિની શોભાયાત્રા દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. દિલ્હીના જહાંગીરપુરીમાં ફેકટ-ફાઈન્ડિંગ ટીમ મોકલવાનો મમતા બેનર્જીનો નિર્ણય એવા સમયે આવ્યો છે જયારે ભાજપે તેનું એક પ્રતિનિધિમંડળ બીરભૂમ જિલ્લાના બોગતુઈમાં પણ મોકલ્યું છે.

## ટુંક સમયમાં ૫ થી ૧૧ વર્ષનાં બાળકોને કોરોના વેકસીન અપાશે

નવી દિલ્હી તા. ૨૨ : ભારતના સેન્ટ્રલ ડ્રગ્સ ઓથિરિટીની એક વિશેષજ્ઞ સમિતિએ પાંચથી ૧૧ વર્ષના બાળકો માટે બાયોલોજિકલ ઈના કોવિડ ૧૯વિરોધી રસી કોર્બેવેક્સ મએટે ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપવાની ભલામણ કરી છે. સીડીએસસીઓની કોવિડ ૧૯ ઉપર વિષય વિશેષજ્ઞ સમિતિએ જોકે બે થી ૧૧ વર્ષના આયુના બાળકોની વચ્ચે કોવેક્સીનના ઉપયોગ માટે ભારત બાયોટેક પાસે ઈમરજન્સી ઉપયોગ ઓથોરિટી (ઈયુએ) તેની અરજીની સમીક્ષા માટે વધુઆંકડા માંગ્યા છે. ભારતના ડીસીજીઆઈએ ગત વર્ષે ૨૮ ડિસેમ્બરના રોજ વયસ્કોમાં ઈમરજન્સી સ્થિતિઓમાં પ્રતિબંધિત ઉપયોગ માટે કોવોવૈક્સને મંજૂરી આપી હતી અને આ વર્ષે ૯ માર્ચના રોજ કેટલીક શરતોને આધીન ૧૨ થી ૧૭ વર્ષના આયુ વર્ગના લોકો માટે ઉપયોગની મંજૂરી આપી હતી.

## ઈલકેટ્રીક વાહનોમાં આગ લાગવાનાં બનાવો અંગે કેન્દ્ર સરકાર ચિંતિત : કડક કાર્યવાહીનો નિર્દેશ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૨ ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરમાં આગની વધતી જતી ઘટનાઓને ધ્યાનમાં રાખીને, સરકાર કસૂરવાર કંપનીઓ સામે જરૂરી આદેશો જાહેર કરશે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મિનિસ્ટર નીતિન ગડકરીએ કહ્યુંહતું કે આવા મામલામાં નિષ્ણાત સમિતિનો રિપોર્ટ મળ્યા બાદ સરકાર જરૂરી આદેશો જાહેર કરશે. આવા કેસોની તપાસ માટે આ કમિટીની રચના કરવામાં આવી છે. ગડકરીએ અનેક ટ્વીટ દ્વારા કહ્યું કે છેલ્લા બે મહિનામાં ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરને લગતા અનેક અકસ્માતો સામે આવ્યા છે. ગડકરીએ કહ્યું કે તેમણે આ ઘટનાઓની તપાસ કરવા અને ઉપચારાત્મક પગલાંની ભલામણ કરવામાટે નિષ્ણાત સમિતિનીરચના કરી છે.

રિપોર્ટના આધારે તેઓ બેદરકારી દાખવનાર કંપનીઓ પર જરૂરી આદેશ જાહેર કરશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તેઓ ટૂંક સમયમાં ઈલેક્ટ્રિક વાહનો માટે ગુણવત્તા-કેન્દ્રિત માર્ગદર્શિકા જાહેર કરશે. તેમણે કહ્યું કે જો કોઈ કંપની તેની પ્રક્રિયામાં બેદરકારી દાખવશે તો તેને ભારે દંડ ફટકારવામાં આવશે અને તમામ ખામીયુક્ત વાહનોને પરત લેવાનો આદેશ પણ આપવામાં આવશે.

ગડકરીએ પોતાના ટ્વીટમાં કહ્યું કે છેલ્લા બે મહિનામાં ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરને લગતા ઘણા અકસ્માતો સામે આવ્યા છે. આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે કેટલાક લોકોએ જીવ ગુમાવ્યો છે અને આ ઘટનાઓમાં કેટલાક લોકો ઘાયલ થયા છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ


MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક


દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

સુરભિ મસાલે


ઘરમાં મસાલા હોય તો ફકત સુરભિનાં જ હેમ સાસુજી !



માત્ર સસ્તુ નહી...વસ્તુ માંગો... બહેન વસ્તુ લેવી હોય તો સુરભિ મસાલા માં જવુ પડે....

અમો દર વર્ષે મસાલા તો સુરભિ માં જ બનાવીયે છીયે તેથી તો આખુ વર્ષ મસાલા માં સ્વાદ, સુગંધ અને સોડમ એક વર્ષ સુધી એક સરખી જ રહે છે. ૧૦૦% શુધ્ધતાની ગેરેંટી સાથે તો આપ પણ એકવાર સુરભિ માં મસાલા બનાવી જોવો અને કાયમી ગ્રાહક બનશો. આપને મસાલા પસંદ પડે તો બીજાને સલાહ કરજો કે બહેન મસાલા તો સુરભિ માં જ બનાવવા જોઈયે.

દરેક જાતના આખા મરચાઓ ઈંડીકટ તૈયાર મળશે.અને આપની પસંદગી મુજબના મરચા તુરંત પીસી દેવામાં આવશે. ગોંડલ રેશમ પટ્ટી, ઘોલર પટ્ટી, કાશ્મીરી, ઉબલી. કાશ્મીરી ડબી, જીણા તીખા વગેરે મરચાઓ મળશે દરેક જાતની હળદર, ધાણા, ધાણી, જીરૂ, વરીયાળી, રાય, મેથી, તજ, બાદીયા, તીખા તેમજ સુરભિનો ખાસ મુખવાસ, હળદર પાવડર, ધાણાજીરૂ પાવડર, ગરમ મસાલો, સ્પે. બાંધાની હીંગ જેમાં સ્વાદ, સુગંધ, સોડમ ની ૧ વર્ષની ગેરેંટી સાથે આચાર મસાલો ગોળકેરી મસાલો રાયતો મસાલો, ચા મસાલો, અડદીયા મસાલો, સુંઠ પાવડર વગેરે મળશે.



મો. [illegible] / મો. [illegible] / મો. [illegible]
વિજય ફુડ્સ પ્રોડક્ટસ - અનાજ માર્કેટીંગ યાર્ડ પાસે, દોલતપરા, જૂનાગઢ.

### ઉમેદવારો માટે ટોલ ફ્રી નંબર જાહેર

# ક્લાર્કની પરીક્ષામાં ઈલેક્ટ્રોનિક ગેજેટ લઈ જવા ઉપર પ્રતિબંધ

## વર્ષ ૨૦૧૮માં બિનસચિવાલય ક્લાર્ક અને આફિસ આસિસ્ટન્ટની ભરતીની જાહેરાત કરવામાં આવી હતી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૨

ફેબ્રુઆરી બાદથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મુલતવી રાખવામાં આવેલી બિનસચિવાલય ક્લાર્ક અને આફિસ આસિસ્ટન્ટની પરીક્ષા આખરે ૨૪એપ્રિલે યોજાવાની છે. પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિ ન થાય તે માટે મંડળ દ્વારા સાવચેતીના ભાગરૂપે કેટલીક તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. સરકારી નોકરી મેળવવાની લાલચમાં આવીને કેટલાક ઉમેદવારો લેભાગુ તત્વોની જાળમાં ફસાઈને લાખો રૂપિયા ગુમાવી દેતા હોય છે. ત્યારે આવા લોકો જો નોકરીની ખોટી લાલચ આપે કે પૈસા ઉઘરાવવાનો પ્રયાસ કરે તો તરત જ મંડળને આ વિશે જાણ કરવાની તેમજ પોલીસ સમક્ષ ફરિયાદ કરવા અંગે પણ મંડળે ઉમેદવારોને સૂચન આપ્યું છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં બિનસચિવાલય ક્લાર્કનું પેપર લીક થતાં તે સમયે મંડળના ચેરમેન અસિત વોરાએ રાજીનામું આપતા પરીક્ષા રદ કરવામાં આવી હતી. ઓક્ટોબર, ૨૦૧૮માં પહેલીવાર ભરતીની જાહેરાત કરાઈ હતી અને ૨૦૧૯માં શૈક્ષણિક લાયકાતના મુદ્દે આંદોલનના કારણે પણ સ્થગિત રાખવામાં આવી હતી. છેલ્લી પરીક્ષામાં ૩,૯૦૧ પોસ્ટ માટે ૧૦.૪૫ લાખ ઉમેદવારો હતા. મંડળના નવા ચેરમેન એ.કે. રાકેશ દ્વારા અગાઉ નવી એસઓપી અને ચુસ્ત વ્યવસ્થા હેઠળ ૨૪ એપ્રિલે પરીક્ષા લેવાશે તેવું જાહેર કર્યું હતું. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ઉમેદવારોને પરીક્ષાને લગતી બાબત માટે મદદ મળે તે માટે ટોલ ફ્રી હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે. જેનો નંબર ૧૮૦૦ ૧૨૦ ૩૦૪૭ છે. જે ૨૪ એપ્રિલે સવારે ૧૧ વાગ્યા સુધી કાર્યરત રહેશે.

મંડળ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પરીક્ષા કેન્દ્રમાં સીધી કે આડકતરી રીતે કોઈપણ પ્રકારની ગેરરીતિ ચલાવી લેવામાં આવશે નહીં. મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લૂ ટૂથ જેવા ઈલેક્ટ્રોનિક ગેજેટ પણ લઈ જવા દેવામાં આવશે નહીં. બંધ હાલતમાં પણ ગેજેટ સાથે હોલમાં ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે નહીં.

# ભાવનગરની પ્રાથમિક શાળામાંથી પ્રશ્નપત્રો ચોરાતા રાજ્યમાં ધોરણ ૭ની પરીક્ષાના બે પેપર થયા રદ

## પ્રાથમિક શાળામાં તાળા તોડીને રાત્રિના સમયે પેપર ચોરી કરવામાં આવી હોવાની માહિતી મળી રહી છે

(પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર તા.૨૨

ગુજરાત રાજ્યમાં એનેક્વાર શાળાથી માંડીને સરકારી ભરતી પરીક્ષાઓના પ્રશ્નપત્ર લીક થવાના મામલા પ્રકાશમાં આવ્યા છે. પરંતુ ભાવનગરની તળાજાની નેસવડ પ્રાથમિક શાળામાં તો પરીક્ષાના પ્રશ્નપત્રો જ ચોરી થઈ ગયાની ફરિયાદ થઈ છે. ધોરણ ૬, ૭, ૮ ના પરીક્ષા પેપર સ્કૂલમાંથી ચોરાયા છે. જેના કારણે, રાજ્યભરમાં ધો ૭ની પરીક્ષાના બે પેપર રદ કરવામાં આવ્યા છે. ધોરણ સાતના વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના પેપર રદ કરવામાં આવ્યા છે. તારીખ ૨૨ અને ૨૩ એપ્રિલે લેવાનાર વાર્ષિક પરીક્ષાના પેપર રદ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. જે અંગે ભાવનગર પોલીસ અને એલસીબીની ટીમે તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે, રાજ્યના શિક્ષણ મંત્રીના જિલ્લામાં જ આવી ચોંકાવનારી ઘટના બની છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ભાવનગરના તળાજા તાલુકાની નેસવડ પ્રાથમિક શાળામાંથી ધોરણ સાતની વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રોની ચોરી થઈ છે. જેની જાણ થયા બાદ આ અંગેની પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. પ્રાથમિક શાળામાં તાળા તોડીને રાત્રિના સમયે પેપર ચોરી કરવામાં આવી હોવાની માહિતી મળી રહી છે. જે બાદ સ્કૂલનાં આચાર્યએ તળાજા પોલીસ મથકમાં આ અંગેની ફરિયાદ નોંધાવી છે. જે બાદ ભાવનગર એલ.સી.બી અને એસ.ઓ.જી પોલીસ ડોગસ્કોડ તેમજ શિક્ષણ વિભાગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

શિક્ષણ વિભાગની સૂચના પ્રમાણે, વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં આજે તા.૨૨/૪/૨૨ અને આવતીકાલે તા.૨૩/૪/૨૨ના રોજ યોજાનારી ધોરણ સાતની વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનની પરીક્ષા રદ કરવામાં આવી છે. સોમવારથી રાબેતા મુજબ ધોરણ ૭ની પરીક્ષા યોજાશે. અન્ય ધોરણોની પરીક્ષા અગાઉથી આપેલા સમયપત્રક મુજબ ચાલુ રહેશે. નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ના સ્ટાન્ડર્ડ ગણિતના પેપરમાં પ્રશ્ન નંબર ૨૧માં આકૃતિ ઉપરથી પૂછવામાં આવેલા એક ગુણના જવાબમાં ખુદ બોર્ડની આન્સર કીમાં જ જવાબ ખોટો હતો અને ઉત્તરવહી ચકાસણી બાદ પેપર નિરીક્ષકોએ આ પ્રશ્ન અંગે ભુલ હોવાનું ધ્યાન દોરતા આખરે બોર્ડે સુધારો કરવો પડ્યો છે.

પ્રશ્ન નં.૨૧માં આ પ્રશ્નનો જવાબ ત્રણ હતો. સંખ્યાબંધ પેપર પેપર તપાસાયા બાદ આન્સર કીમાં ફેરફાર કરી જવાબ ૨ કરાતા શિક્ષકોએ પેપર ફરી જોવાની અને સુધારવાની ફરજ પડતા સમય અને શક્તિનો બગાડ થયો હતો.

# સુરતમાં બજરંગ દળના કાર્યકરો ઉપર હુમલો, તંગદીલી

## ઘાયલ કાર્યકર્તાઓનો આરોપ છે કે, મજહર અને અબ્બાસ નામના શખ્સો દ્વારા જીવલેણ હુમલો કરાયો હતો

(પ્રતિનિધિ દ્વારા)

સુરત તા.૨૨

સુરત શહેરના સારોલી વિસ્તારમાં બજરંગ દળ અને VHPની હિન્દૂ તરફી પોસ્ટ મુકતા અદાવત રાખી મજહર અને અબ્બાસ નામના સહિતના શખ્સોએ બજરંગદળના કાર્યકર્તાઓ ઉપર જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવતા વાતાવરણ તંગ બન્યું છે. ઘાયલ કાર્યકર્તાઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, પુણા પોલીસે તપાસ આરંભી. સુરતમાં ફરી ધંધુકા વાળી ઘટનાનું પુનરાવર્તન જોવા મળ્યું હતું. બજરંગદળ અને VHPની હિન્દૂ તરફી પોસ્ટ મુકવાના મામલે અદાવત રાખી બજરંગ દળના ૩ કાર્યકર્તા ઉપર સુરતના સારોલી વિસ્તારમાં આવેલી શ્યામ સંગની માર્કેટ નજીક જીવલેણ હુમલો કરતા ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ થતાં જ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યારે પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી હતી અને આ મામલે તપાસ શરૂ કરી હતી. લોકોને જાણકારી મળતા જ હિન્દુ સંગઠન મોટી સંખ્યામાં સારોલી વિસ્તારમાં રસ્તા ઉપર ઉતરી આવતાં વાતાવરણ તંગ બન્યું હતું. વિગતે વાત કરીએ તો, ગુજરાત રાજ્યમાં ધંધુકામાં જે રીતે હિંદુ મુસ્લિમ સંગઠનો આમને સામને આવી જતા રાજયનું વાતાવરણ તંગ બન્યું હતું, તે જ પ્રકારની ઘટના સુરતના સારોલી વિસ્તારમાં બનતા ચકચાર મચી જવા પામી હતી. સુરતના સરોલી વિસ્તારમાં આવેલા શ્યામ સંગીની માર્કેટ નજીક મોડી સાંજે બજરંગદળના કાર્યકર્તાઓ ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં કાર્યકર્તાઓ શ્યામ નારાયણ મિશ્રા, અરવિંદ મિશ્રા અને પરાગ દત્ત મિશ્રા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. વાત વાયુવેગે ફેલાતા સ્થાનિક લોકો રસ્તા ઉપર દોડી આવ્યા હતા. હિન્દુ સંગઠન બજરંગ દળ અને VHPની હિન્દૂ તરફી પોસ્ટ મુકતા વિવાદ સર્જાયો હતો, આ વાતની અદાવત રાખીને કેટલાક લોકો દ્વારા તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી, પણ વ્યાપારીઓ અને હિન્દુ આગેવાનો દ્વારા બાબતને ગંભીરતાપૂર્વક લેવામાં આવી ન હતી, પરંતુ ગઈકાલે મોડી સાંજે તેમના ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ઘાયલ કાર્યકર્તાઓનો આરોપ છે કે, મજહર અને અબ્બાસ નામના શખ્સો દ્વારા જીવલેણ હુમલો કરાયો છે. તેમણે કહ્યું, હિન્દુ આગેવાનોમાં બડા હિન્દૂ નેતા બનકર ઘુમતા હે એમ કહી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયાની માહિતી મળતા હિન્દુ સંગઠનો સાથે કાપડ વેપારીઓ પણ મોટી સંખ્યામાં રોડ ઉપર ઊતરી આવ્યા હતા, જેને લઈને વાતાવરણ તંગ બન્યું હતું. આ ઘટનાની જાણકારી મળતા જ પોલીસ પણ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી હતી અને આ મામલે ગુનો દાખલ કરી હુમલાખોરોને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમ બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

# આણંદ પાસે બે બસ વચ્ચે અકસ્માત, ૧૩ મુસાફરો ઘાયલ

## આણંદ રેલવે સ્ટેશનથી નીકળેલી બસ બોરસદ પહોંચી ત્યાં જ મળસ્કે અકસ્માત થયો, ચારની હાલત અતિગંભીર

(પ્રતિનિધિ દ્વારા)

આણંદ તા.૨૨

બોરસદ આણંદ માર્ગ ઉપર વહેરા પાટિયા નજીક બે બસો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. એસટી બસ અને મીની ટ્રાવેલર્સ બસ વચ્ચે અકસ્માત સર્જાતા ટ્રાવેલર્સમાં સવાર ૧૨ થી વધુ મુસાફરો ઘાયલ થયા હતા. આ તમામ મુસાફરો કર્ણાટકથી આવ્યા હતા. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કર્ણાટકથી કેટલાક દર્શનાર્થીઓ રેલવે દ્વારા આણંદ રેલવે સ્ટેશન આવી પહોંચ્યા હતા. આણંદ રેલવે સ્ટેશનથી મુસાફરો ટેમ્પો ટ્રાવેલર બસમાં સવાર થઈને માણેજ જઈ રહ્યા હતા. આ તમામ મુસાફરો માણેજ પાસે મણિલક્ષ્મી તીર્થ ખાતે દર્શનાર્થે જવાના હતા, તે પહેલા જ બોરસણના આણંદ રોડ ઉપર વહેરા પાટિયા પાસે તેમની ગાડીને અકસ્માત સર્જાયો હતો. એસટી બસ અને મિની ટ્રાવેલર્સ સામસામે ટકરાઈ હતી. વહેલી સવારે ૫ વાગ્યે અકસ્માત સર્જાયો હતો. જેના બાદ ૧૦૮ દોડતી થઈ હતી. ૧૨ થી વધુ મુસાફરો ઘાયલ થયા હતા. તમામને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માતની ઘટનામાં ચાર મુસાફરોની સ્થિતિ ગંભીર છે. ઘટના બાદ સ્થાનિકો મદદે દોડી આવ્યા હતા. તેમજ પોલીસની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી.

# શું નાના સંતાનોની સગાઈ કરવી તે સજાપાત્ર ગુનો નથી ? : હાઈકોર્ટનો સવાલ

## નાનપણમાં સગાઈ કરી દેવાથી વ્યક્તિની સ્વતંત્રતાને હાની પહોંચે છે અને તે પોતાના નિર્ણય લેવામાં સક્ષમ હોતા નથી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૨

ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને પ્રશ્ન કરી એ જાણવા માંગ્યું છે કે શું માતા-પિતા તેમની સગીર વયની દીકરીઓની સગાઈ કરાવી દે તો તે બાળલગ્ન કાયદા હેઠળ સજાપાત્ર બને છે કે નહીં. છે, કારણ કે સગાઈ કરાવવી તે લગ્ન તરફ આગળ વધવાનું જ એક પગલું છે. ઉપરોક્ત સવાર હાઈકોર્ટે એક હેબિયસ કોર્પસની અરજીની સુનાવણી દરમ્યાન પૂછ્યો હતો. જેમાં બનાસકાંઠાના એક પરિવારે તેમની સગીર દીકરીનું અપહરણ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ કરતી હેબિયસ કોર્પસ પિટિશન દાખલ કરી ત્યારે કોર્ટે આ પ્રશ્ન ઉઠાવ્યો હતો. જે પરિવાર તરફ તેમણે શંકા વ્યક્ત કરી હતી તેમણે કથિત રીતે છોકરીના માતા-પિતાને જણાવ્યું હતું કે જ્યાં સુધી છોકરી ૧૮ વર્ષની ન થાય અને લગ્ન ન કરે ત્યાં સુધી તેઓ તેને મળવા દેશે નહીં. પોલીસે દાવો કર્યો હતો કે વિવિધ સ્થળોના સીસીટીવી ફૂટેજ દર્શાવે છે કે છોકરી પોતાની મરજીથી શંકાસ્પદ સાથે ગઈ હતી. આ દરમ્યાન જાણવા મળ્યું કે છોકરીની સંમતિ વિના તેના માતા-પિતાએ તેની સગાઈ અન્ય પુરૂષ સાથે કરી આવી હતી. આ બાબતની જાણ થતાં જસ્ટિસ સોનિયા ગોકાણી અને જસ્ટિસ મૌના ભટ્ટની ખંડપીઠે માતા-પિતાના વકીલને પ્રશ્ન કર્યો હતો કે, "તે ૧૮ વર્ષની થાય તે પહેલાં તેની સગાઈ શા માટે થઈ ગઈ? જો લગ્ન શક્ય ન હોય તો ? ૧૮ વર્ષ પહેલાં સગાઈને કેવી રીતે પરવાનગી આપી શકાય ? શું તે કાયદા દ્વારા માન્ય છે? તમે માતા-પિતા તરીકે કાયદાનું ઉલ્લંઘન કરો છો અને કોર્ટમાં ફરિયાદ કરવા આવો છો." કોર્ટે વધુમાં ટિપ્પણી કરી હતી કે માતા-પિતાએ તેમની દીકરીઓની વહેલી સગાઈ કરાવી દીધી કારણ કે નાની ઉંમરે છોકરીઓ તેમની સ્વતંત્ર ઈચ્છાનો ઉપયોગ કરી શકતી નથી. ન્યાયાધીશોએ સર્વોચ્ચ અદાલતના ચુકાદાને ટાંકીને કહ્યું હતું કે જાતિ, સંપ્રદાય અને ધર્મને ધ્યાનમાં લીધા વિના પોતાની પસંદગીના પુરૂષ સાથે લગ્ન કરવા એ સ્ત્રીનો મૂળભૂત અધિકાર છે. ટૂંકી ચર્ચા પછી, ન્યાયાધીશોએ સરકારી વકીલ અને અરજદારના એડવોકેટને આ અંગે જવાબ આપવા માટે કહ્યું હતું કે, 'શું બાળ લગ્ન પર પ્રતિબંધ મૂકતો કાયદો માતા-પિતાને તેમની દીકરીઓની ૧૮ વર્ષની ઉંમર પહેલાં સગાઈ કરાવવા અંગે સજા નથી કરતો ? કારણ કે સગાઈ એ લગ્ન તરફ આગળ વધવાનું એક પગલું છે.' કોર્ટે કહ્યું કે તે અવલોકન કરી રહ્યું છે કે છોકરીઓની વહેલી સગાઈ એ જ તેમના માટે ઘર છોડવાની ઉત્પત્તિ છે, જે સિસ્ટમ ઉપર વધુને વધુ બોજ બની રહી છે.

"અમારે ખરેખર તે જ મુદ્દાને લક્ષ્ય બનાવવાની જરૂર છે જે આ (સમસ્યા)નું કારણ બની રહ્યું છે. શરૂઆતનો મુદ્દો એ છે કે તેણીને એવી વ્યક્તિ સાથે સગાઈ કરવા માટે ફરજ પાડવામાં આવે છે જે તેને પસંદ નથી, કોર્ટે કહ્યું. જયારે અરજદારના વકીલે રિવાજોને ટાંકીને છોકરીઓની વહેલા સગાઈની સિસ્ટમનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ન્યાયાધીશોએ દલીલને નકારી કાઢી અને કહ્યું કે જો આવી સિસ્ટમ પ્રચલિત હોય તો પણ છોકરીઓ પાસે પોતાને અનુકૂળ હોય તેવી જગ્યાએ જવા સિવાય કોઈ વિકલ્પ નથી. હાઈકોર્ટે પોલીસને છોકરીની ૧૮ વર્ષની થાય તે પહેલા તેને શોધી કાઢવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે, "અમે એ જોવા માંગીએ છીએ કે શું આ સગાઈ પણ એક કારણ હતું કે તેનું અપહરણ કરવામાં આવ્યું હતું."

### આસામ પોલીસે ગુજરાતમાં આવી કરી હતી ધરપકડ

# મેવાણીના જામીન કોર્ટે ફગાવ્યા, ત્રણ દિવસના રિમાન્ડ ઉપર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૨

ગુજરાતના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીને કોર્ટે ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલી દીધા છે. અગાઉ, કથિત ટ્વિટ માટે અપક્ષ ધારાસભ્યની ધરપકડ કરવામાં આવી હતી અને તેને આસામ લઈ જવામાં આવ્યા હતા. કોંગ્રેસ સમર્થિત અપક્ષ ધારાસભ્ય મેવાણીને સાંજે અમદાવાદથી ગુવાહાટી થઈને કોકરાઝાર લાવવામાં આવ્યા હતા અને મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. મેવાણીના વકીલ મનોજ ભગવતીએ કહ્યું, "પોલીસે ૧૪ દિવસની કસ્ટડી માંગી હતી, જેનો અમે વિરોધ કર્યો હતો. કોર્ટે બંને પક્ષોને સાંભળ્યા બાદ ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા અને કહ્યું કે, આ સમયગાળા દરમ્યાન તેમને કોકરાઝારની બહાર ક્યાંય લઈ જઈ શકાશે નહીં. આસામ કોંગ્રેસ દ્વારા મેવાણીના સહાયક તરીકે નિયુક્ત કરાયેલા ભગવતીએ જણાવ્યું હતું કે, મેવાણી દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી. ભારતીય દંડ સંહિતા અને માહિતી ટેકનોલોજી અધિનિયમની વિવિધ કલમો હેઠળ કોકરાઝાર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાયા બાદ બુધવારે રાત્રે મેવાણીની ગુજરાતના પાલનપુર શહેરમાંથી ધરપકડ કરવામાં આવી હતી. મેવાણીને ગુરૂવારે સવારે ગુજરાતથી ગુવાહાટી એરલિફ્ટ કરવામાં આવ્યા હતા અને પછી રોડ માર્ગે કોકરાઝાર લઈ જવામાં આવ્યા હતા. મેવાણીની ધરપકડની ટીકા કરતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ તેને અલોકતાંત્રિક અને ગેરબંધારણીય ગણાવ્યું હતું. રાહુલે કહ્યું કે, આ તે લોકોનું અપમાન છે જેમણે (મેવાણી)ને જનપ્રતિનિધિ તરીકે ચૂંટ્યા છે. એફઆઈઆર અનુસાર, મેવાણીએ એક ટ્વિટમાં કથિત રીતે દાવો કર્યો હતો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી "ગોડસેને ભગવાન માને છે". કોકરાઝાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરમાં કહેવામાં આવ્યું છે કે, બનાસકાંઠાના વડગામ સીટના અપક્ષ ધારાસભ્ય મેવાણી, જેમણે કોંગ્રેસને સમર્થન આપવાનું વચન આપ્યું હતું, તેમણે મોદીની ગુજરાત મુલાકાત દરમ્યાન કોમી સદભાવની અપીલ કરવા માટે સમાન ટ્વીટનો ઉપયોગ કર્યો હતો. મેવાણીની ધરપકડથી નારાજ, ગુજરાતમાં કોંગ્રેસના નેતાઓએ શહેરના સારંગપુર સર્કલ ઉપર પ્રદર્શન કર્યું અને તેમની મુક્તિની માંગ કરી.

# ભાણવડના વેરાડ ગામે આરોગ્ય મેળો સંપન્ન



(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના વેરાડ આરોગ્ય કેન્દ્ર વિસ્તારમાં આયુષ્યમાન ભારત યોજનાની ચોથી વર્ષગાંઠ નિમિતે બ્લોકહેલ્થ મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧,૧૦૦ જેટલા લોકોએ જુદી જુદી આરોગ્ય વિષયક સેવાઓનો લાભ લીધો હતો. આ કેમ્પમાં જનરલ રોગ નિદાન, સગર્ભા તપાસ, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ તેમજ લોહીના ટકાની તપાસ, આયુર્વેદિક દવા, મેલેરિયા, ટીબી, આઈસીડીએસ, ફૂડ એન્ડ ડ્રગ, ચામડી, દાંત, માનસિક રોગ વિગેરે માટે સ્ટોલ રાખવામાં આવ્યા હતા. આ સાથે યોજવામાં આવેલા રક્તદાન કેમ્પમાં કુલ ૫૧ લોકોએ રક્તદાન કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર એમ.એ. પંડયા, જિલ્લા વિકાસ અધિકારી ડી.જે. જાડેજા, મુળુભાઈ બેરા, આરોગ્ય વિભાગના ચેરમેન, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી રાજ સુતરિયા વિગેરે સાથે આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયામાં રઘુવંશી જ્ઞાતિનો સમૂહ ભોજન સમારોહ ભવ્ય રીતે સંપન્ન



(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૨

ખંભાળિયા જાણીતા રઘુવંશી સદગૃહસ્થ દત્તાણી પરિવાર દ્વારા બુધવારે રઘુવંશી જ્ઞાતિના સમૂહ ભોજન કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ લીધો હતો. ખંભાળિયાના જાણીતા વૈભવ પાનવાળા ભાવેશભાઈ જેંતીલાલ દત્તાણી તથા રમણીકભાઈ જેંતીલાલ દત્તાણી પરિવાર દ્વારા ગત તારીખ ૨૦ના રોજ રાત્રે અત્રે બેઠક રોડ ઉપર આવેલી શેઠ વી.ડી. બરછા નવી લોહાણા મહાજન વાડી ખાતે રઘુવંશી ભાઈઓ તથા બહેનોના સમુહ ભોજન(નાત) કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બપોરે સારસ્વત માસ્તાન બ્રહ્મભોજન પણ કરાવવામાં આવ્યું હતું. આ સમૂહ પ્રસાદનો લાભ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ લીધો હતો. આ આયોજન બદલ અનેક લોકો દ્વારા આયોજક દત્તાણી પરિવારનું જાહેર સન્માન પણ કરવામાં આવ્યું હતું. લોહાણા મહાજનના વડપણ હેઠળ વિવિધ સંસ્થાના હોદેદારો, કાર્યકરો તથા સ્વયં સેવકોની જહેમતથી રંગેચંગે સંપન્ન થયેલા આયોજન સહભાગી થવા બદલ તમામ જ્ઞાતિજનોનો જાહેર આભાર આયોજક ભાવેશભાઈ દત્તાણી તથા રમણીકભાઈ દત્તાણી દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ખંભાળિયાના અતિચકચારી પ્રકરણમાં આરોપીઓના વધુ રિમાન્ડ નામંજૂર કરતી ખંભાળિયાની સેસન્સ અદાલત

(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૨

અમદાવાદ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એન.સી.બી.) ઝોનલ યુનિટ, ગુજરાત રાજ્ય દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા પંથકમાંથી થોડા સમય પૂર્વે ઝડપાયેલા કરોડો રૂપિયાની કિંમતના ડ્રગ્સ પ્રકરણમાં એસ.ઓ.જી. વિભાગ ગત તારીખ ત્રીજી ફેબ્રુઆરીના રોજ તપાસ હાથ લઈ અને આ અંતર્ગત મુંબઈના રહીશ સજ્જાદ સિકંદર બાબુ ઘોસી તથા સલાયાના સલીમ યાકુબ કારા અને અસગર યાકુબ કારા ઉપરાંત એક વિદેશી શખ્સને પણ ઝડપી લીધા બાદ તેનો કબજો મેળવ્યો હતો.

ખંભાળિયાની સેસન્સ અદાલતમાં વિવિધ મુદ્દાઓ રજૂ કરી અને ઉપરોક્ત આરોપીઓના દસ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવતા આરોપીઓ તરફે એડવોકેટ ધીરેન વી. સાયાણીની વિવિધ દલીલોને ધ્યાને લઈને અદાલતે આરોપીઓના રિમાન્ડની અરજી નામંજૂર કરી હતી.

### એક મહિનામાં બાળકો થઈ જાય છે ૨ વર્ષના !

# સાઉથ કોરિયાના લોકોની ઉંમર દુનિયા માટે બની રહસ્ય

## બાળકનો જન્મ થતાંની સાથે જ તેની ઉંમર શૂન્ય ગણવામાં આવે છે અને દર વર્ષે તેની ઉંમર ૧ જાન્યુઆરીએ વધે છે

(એજન્સી)

નવી દિલ્હી તા.૨૨

તમે સમગ્રવિશ્વમાં કોરિયન લોકોની સુંદરતા અને તેમના યુવાન દેખાવના વખાણ તો સાંભળ્યા જ હશે. ઘણીવાર લોકો કોરિયન જેવી ગ્લોઈંગ સ્કિન મેળવવા માટે અલગ-અલગ રીત અપનાવે છે. જો કે, તમને જાણીને નવાઈ લાગશે કે દક્ષિણ કોરિયામાં લોકોની ઉંમર એક ચપટીમાં વધી જાય છે. બાળકના જન્મના થોડા અઠવાડિયા પછી, તેમની ઉંમર ૨ વર્ષ સુધીની ગણાવા લાગે છે. બહુ ઓછા લોકો જાણતા હશે કે દક્ષિણ કોરિયામાં લોકોની ઉંમર નક્કી કરવાની કોઈ એક રીત નથી. વૃદ્ધાવસ્થાની ગણતરી ઘણી રીતે કરવામાં આવે છે. જ્યાં આપણા દેશમાં વ્યક્તિની ઉંમર તેના જન્મના દિવસ અને વર્ષ દ્વારા નક્કી કરવામાં આવે છે, દક્ષિણ કોરિયામાં તેની પદ્ધતિ થોડી અલગ છે. અહીં વર્ષ બદલાતા વ્યક્તિની ઉંમર બદલાય છે. દક્ષિણ કોરિયામાં આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત વય ગણતરી પદ્ધતિ નથી. જયારે દક્ષિણ કોરિયામાં બાળકનો જન્મ થાય છે, ત્યારે બાળકને એક વર્ષનું માનવામાં આવે છે. આ દેશમાં ઉંમરની ગણતરી કરવાની આ સૌથી લોકપ્રિય પદ્ધતિ છે. આ અર્થમાં, જો બાળકનો જન્મ આ વર્ષે ડિસેમ્બરમાં થાય છે, તો જાન્યુઆરી શરૂ થતાંની સાથે જ તે ૨ વર્ષનો ગણવામાં આવશે અને ૧ દિવસના બાળકની ઉંમર પણ એક વર્ષ તરીકે ગણવામાં આવશે. આ કોરિયન એજ સિસ્ટમની વિશેષતા છે. આટલું જ નહીં, અન્ય વય પ્રણાલી અનુસાર, બાળકનો જન્મ થતાંની સાથે જ તેની ઉંમર શૂન્ય ગણવામાં આવે છે અને દર વર્ષે તેની ઉંમર ૧ જાન્યુઆરીએ વધે છે, તેને જન્મના મહિના અથવા તારીખ સાથે કોઈ લેવાદેવા નથી. દક્ષિણ કોરિયાની વિચિત્ર વય-નિર્ધારણ પદ્ધતિને કારણે, હવે અહીં એક સત્તાવાર પદ્ધતિ બનવા જઈ રહી છે. જો આ કાયદેસર બની જશે, તો અહીના લોકોના દસ્તાવેજો માટે અચાનક એક વર્ષ ઓછું થઈ જશે. દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ સુક યેઓલ તેને લાગુ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. બીબીસીના અહેવાલ મુજબ, રાષ્ટ્રપતિ કહે છે કે જ્યાં મૂંઝવણ છે, ત્યાં સામાજિક અને આર્થિક નુકસાન પણ છે.

# મિત્રને સોરી કહેવા માટે ૧૫ વર્ષ સુધી શોધતો રહ્યો શખ્સ

(એજન્સી)

નવી દિલ્હી તા.૨૨

દુનિયામાં વિવિધ પ્રકારના લોકો છે અને તેમની વિચારસરણી પણ અલગ છે. કેટલાક લોકો એવા હોય છે જે કોઈપણ ઉંમરે કોઈનું દિલ દુભાવવા નથી માંગતા, જ્યારે કેટલાક એવા પણ હોય છે જેમને પોતાની ભૂલનો થોડો મોડો ખ્યાલ આવે છે. એવું જ કંઈક એર્વિન નામના વ્યક્તિ સાથે થયું. તેણે નાનપણમાં પોતાના કોઈ ક્લાસમેટ સાથે ખરાબ વર્તન કર્યુ હતુ જેનો પસ્તાવો તેને મોટા થયા બાદ થઈ રહ્યો હતો. જો એર્વિનને જ્યારે તેની ભૂલનો અહેસાસ થયો, ત્યારે તેણે તેના ક્લાસમેટની માફી માંગવાનો વિચાર આવ્યો, પરંતુ મુશ્કેલી એ હતી કે તેને કેવી રીતે શોધવો. તેણે ટિકટોક વીડિયો દ્વારા તેના ક્લાસમેટની માફી માંગવાનું નક્કી કર્યું અને પસ્તાવાથી ભરેલો સંદેશ પોસ્ટ કર્યો. થોડી જ વારમાં તેનો મેસેજ વાયરલ થઈ ગયો. જો એર્વિન એક કોમેડિયન છે અને તે ટિકટોક ઉપર પણ ખૂબ જ લોકપ્રિય છે. તેણે હાલમાં જ તેના ફોલોવર્સને કહ્યું હતું કે તેણે બાળપણમાં એક ભૂલ કરી હતી, જેના વિષે તેને હજુ પણ ખરાબ લાગે છે.

# જૂનાગઢ જીલ્લામાં બેંકો દ્વારા વિવિધ સેકટર માટે રૂા.૭૪૮૧ કરોડનો વાર્ષિક ધિરાણ પ્લાન લોન્ચ કરાયો

**કૃષિ ક્ષેત્ર માટે ૪૯૭૯ કરોડની જોગવાઈ : નાના અને મધ્યમ ઉદ્યોગો માટે ૯૫૦ કરોડ : હાઉસિંગ લોન માટે રૂા.૩૪૫ કરોડ**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨



જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩માં વિવિધ બેંકો દ્વારા રૂા.૭૪૮૧ કરોડનો વાર્ષિક ધિરાણ પ્લાન લોન્ચ કરાયો છે. લીડ બેંક અને નાબાર્ડ દ્વારા આ વાર્ષિક ધિરાણ પ્લાનને કલેકટર કચેરી ખાતે અધિક કલેકટર એલ.બી. બાંભણિયાએ લોન્ચ કર્યો હતો. આ વાર્ષિક પ્લાનમાં કૃષિ ક્ષેત્રને પ્રાધાન્ય આપી વર્ષ દરમ્યાન કુલ રૂા.૪૯૭૯ કરોડના ધિરાણની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે નાના અને મધ્યમ ઉદ્યોગો માટે રૂા.૯૫૦ કરોડ અને હાઉસિંગ સેકટર માટે રૂા.૩૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નાબાર્ડના જિલ્લા પ્રબંધક કિરણ રાઉત અને લીડ બેંકના મેનેજર અનીલ તોસનીવાલની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં ટર્મ લોન માટે રૂા.૫૯૬ કરોડ, એલાઈડ એકટીવીટી માટે રૂા.૧૩૩ કરોડ, એકસપોર્ટને પ્રોત્સાહન આપવા ૩૨ કરોડ, સામાજિક ક્ષેત્ર માટે રૂા.૭૮ કરોડ સહિત અન્ય ક્ષેત્રો માટે એમ કુલ ૭૪૮૧ કરોડની જોગવાઈ રાખવામાં આવી છે. આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારી અંગત મંડોત, નાયબ પશુપાલન નિયામક ડો. પાનેરા, જિલ્લા ખેતીવાડી અધિકારી દવે, રાષ્ટ્રીયકૃત તેમજ સહકારી બેંકના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વયસ્ક લોકો માટે માત્ર કોરોનાની નહિ અન્ય રસી પણ લેવી જરૂરી છે

**સ્ટર્લિંગ હોસ્પીટલ રાજકોટનાં ડો. કૃતાર્થ કાંજીયા-ઈન્ફેકશીયસ ડિસીઝ સ્પેશિયાલિસ્ટનું મંતવ્ય**

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૨

દર વર્ષે એપ્રિલ મહિનાના છેલ્લા અઠવાડિયાને વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીક તરીકે સેલિબ્રેટ કરવામાં આવે છે. સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટના અને સૌરાષ્ટ્ર- કચ્છના એક માત્ર તાવ અને ઈન્ફેકશનના નિષ્ણાંત ડો. કૃતાર્થ કાંજીયા જણાવે છે કે, માત્ર બાળકોમાં નહિ પરંતુ વયસ્ક (**Adult**) લોકોમાં પણ વેકસીન વિશે જાગૃકતા ફેલાવવા માં આવે જેથી **Vaccine Preventable Diseases** (ચેપી રોગોથી) બચી શકાય. આ ઉપરાંત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (**WHO**) પણ આ વીકમાં જન જાગૃતિના અવા નવા કાર્યક્રમ પણ યોજે છે અને લોકોમાં જાગૃતિ લઈ આવવાનો પ્રયાસ કરે છે. જેમેકે આ વર્ષની તેમની થીમ છે **"Long Life For All"**

**વયસ્ક લોકોને વેક્સિન આપવી કેમ જરૂરી છે ?**

ઉમર વધવાની સાથે આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થાય છે અને ઈન્ફેક્શનથી થતા રોગોનું જોખમ વધી જાય છે. આ ઉપરાંત ડાયાબિટીસ, કેન્સર, ફેફસા, હૃદયરોગ, **HIV** અથવા કિડની ની બીમારી જે વ્યક્તિ ને હોય તેમની રોગપ્રતિકારક શકિત ઓછી હોય છે. આવા દર્દીને રસી આપવાથી જીવલેણ ઈન્ફેક્શન થી બચી શકાય છે.

**શું બધા લોકો માટે રસી સરખી હોય છે ?**

ના, દરેક દર્દીની તાસીર, ઉમર અને **Comorbidity** એટલે ડાયાબિટીસ, કિડની, **HIV**, ફેફસા, વગેરે જેવી બીમારી ધ્યાનમાં રાખીને ઈન્ફેક્શન સ્પેશિયાલિસ્ટ ડોકટર બધા દર્દીને અલગ અલગ પ્રકારની રસી આપતા હોય છે.

**વેક્સીન લેવાનો ફાયદો શું છે ?**

રસી લેવાથી જે તે ઈન્ફેક્શન થી બચી શકાય છે અને ગંભીર ઈન્ફેક્શન અને આઈ. સી.યુ. માં દાખલ થવાનું જોખમ ઘટી જાય છે. ઈન્ફેક્શન ન થવાથી એન્ટીબાયોટીક દવાનો ઉપયોગ અને હોસ્પિટલાઈઝ થવાનો ખર્ચ લોકોને ઘટી જાય છે. **HPV** જેવી વેક્સિન સર્વાઈકલ કેન્સરથી પણ બચાવે છે.

**વયસ્ક લોકોમાં કઈ કઈ વેક્સિનની જરૂર હોય છે ?**

ડૉ. કૃતાર્થ ના જણાવ્યા પ્રમાણે વયસ્ક લોકોમાં નીચે મુજબની રસી ની જરૂર હોય છે જેમકે, **1.Pneumococcal Vaccine** (ન્યુમોનિયા ની રસી ), **2.Meningococcal Vaccine** (મગજના તાવની રસી), **3.HPV** (સર્વાઈકલ કેન્સરની રસી), **4.Hepatitis B** (ઝેરી કમળો), **5.Tdap Vaccine** (ધનુરની રસી), **6.**ઈન્ફુલએન્ઝા (ફ્લૂની રસી), **7.Varicella Vaccine** (અછબડાની રસી), **8.Hepatitis A** (સાદો કમળો), **9.**ટાઈફોડની રસી વગેરે જેવી રસી લેવી જોઈએ.



વયસ્ક લોકોમાં વેક્સિનેશન ના ફાયદાઓ વિશે લોકોમાં જાગૃતિ આવે તે માટે સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટમાં ડો. કૃતાર્થ કાંજીયાના માર્ગદર્શન હેઠળ નિયમિત રીતે એડલ્ટ વેક્સિનેશન સેન્ટર ચલાવવામાં આવે છે. જેમાં વયસ્ક લોકો, કેન્સરના તેમજ **HIV** ના દર્દી, ફોરેન જતા વિદ્યાર્થીઓ અને બરોળ કાઢી હોય (**Splenectomy**) તેવા લોકો માટે વેક્સિનેશનની સુવિધા તેમજ માર્ગદર્શન ઉપલબ્ધ છે.

વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીકના ઉપલક્ષામાં વયસ્ક લોકો માટે ખાસ રાહત દરે વેક્સિનેશન ની સુવિધા તારીખ ૨૫ એપ્રિલ થી ૩૦ એપ્રિલ સુધી સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટ ખાતે ઉપલબ્ધ છે.

# બગડુ ગામ ખાતે ખેડૂત શિબિર યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨


જૂનાગઢ તાલુકાના બગડુ મુકામે ભાલાળા એગ્રો કેમિકલ અને અમેરિકન કંપની વડેશિયન લાઈફ સાયન્સ કંપની દ્વારા આયોજિત ખેડૂત શિબિરમાં ૪૫૦ ખેડૂત ભાઈઓએ ભાગ લીધો હતો. આ પ્રંસંગે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. એ.આર. પાઠક તથા ડો. વી.પી. ચોવટીયા તથા અમેરિકાથી પધારેલ ગોયલ તથા સહ વિસ્તરણ નિયામક ડો. જી.આર. ગોહિલ તથા ભાલાળા એગ્રો કેમિકલના માલિક વિપુલ ભાલાળા, ખેતીવાડી નિગમ જૂનાગઢ પ્રકાશભાઈ ચોથાણી તથા તરંગભાઈ વેકરીયા તેમજ ગામના સરપંચ રસિકભાઈ વેકરીયા વગેરે લોકોએ મિટિંગમાં ભાગ લઈ મીટીંગને સફળ બનાવેલ હતી. આ શિબિરનો મુખ્ય ઉદેશ ખેડૂતોને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મળે અને ખેતી ખર્ચ ઘટે તે માટે તદન નવી જ ટેક્નોલોનીની જાણકારી આપી હતી.



# સાળંગપુરધામમાં પંચધાતુમાંથી નિર્મિત ૫૪ ફૂટની હનુમાનજીની વિરાટ મૂર્તિ પ્રસ્થાપિત કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર, તા.૨૨





શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ સાળંગપુર ધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર પરિસરમાં કુલ ૧,૩૫,૦૦૦ સ્કવેર ફૂટ વિસ્તારમાં હનુમાનજીની પંચધાતુમાંથી બનેલી ૫૪ ફૂટની વિરાટ મૂર્તિ પ્રસ્થાપિત કરવામાં આવશે. ૩૦ હજાર કિલો વજનની દાદાની વિરાટ મૂર્તિ અત્યારે હરિયાણાના માનેસરમાં બની રહી છે. દાદાની આ વિરાટ મૂર્તિ નરેશભાઈ કુમાવત બનાવી રહ્યા છે. પરમ પૂજ્ય ધર્મધૂરંધર ૧૦૦૮ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ વડતાલ બોર્ડના સાથ સહકારથી દાદાની આ મૂર્તિ આગામી ૧૪ તારીખે પ્રસ્થાપિત કરવામાં આવશે. આ મૂર્તિની ડિઝાઈન અને માર્ગદર્શનમાં કુંડળધામના પરમપૂજ્ય જ્ઞાનજીવનદાસ સ્વામીએ વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. તો શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામીએ આ પ્રોજેકટને કિંગ ઓફ સાળંગપુરનું નામ આપ્યું હતું. મૂર્તિની વિશેષતામાં દાદાની આ મૂર્તિ સાળંગપુર આવતા ૭ કિલોમીટર દૂરથી દેખાવા લાગશે, કિંગ ઓફ સાળંગપુર પ્રોજેકટ ૧,૩૫,૦૦૦ સ્કવેર ફૂટમાં બનાવવામાં આવશે, ૧૩ ફૂટના બેઝ ઉપર દાદાની મૂર્તિ દક્ષિણ મુખે રાખવામાં આવશે, બેઝ ઉપર દાદાનું જીવન ચરિત્ર કંડારતી વોલ મ્યુરલ બનાવવામાં આવશે, બેઝ ઉપર સાળંગપુરધામનો ઈતિહાસ કંડારતી વોલ મ્યુરલથી સુશોભિત થશે, પરિક્રમા અને દાદાની મૂર્તિના મધ્યમાં ૧૧,૯૦૦ સ્કવેર ફૂટમાં સ્ટેપ વેલ અને એમ્ફી થિએટર બનાવવામાં આવશે, એમ્ફી થિએટરમાં ૧૫૦૦ દર્શનાર્થીઓ બેસીને લાઈટ એન્ડ સાઉન્ડનો ફાઉન્ટેન શોનો રોમાંચ માણી શકશે, દાદાની સામેના ૬૨૦૦૦ સ્કવેરફૂટ વિસ્તારમાં ભવ્ય ગાર્ડન બનાવવામાં આવશે, આ ગાર્ડનમાં ૧૨૦૦૦ લોકો એક સાથે બેસીને દાદાના દર્શન, સભા પ્રવૃતિ, ઉત્સવ તથા સામાજિક પ્રવૃતિઓમાં ભાગ લઈ શકશે, કિંગ ઓફ સાળંગપુર પ્રોજેક્ટ આર્ટ અને આર્કિટેક્ટનો સુભગ સમન્વય, પ્રોજેકટમાં હિન્દુ ધર્મની કળા, સંસ્કૃતિ અને ગૌરવની અનુભૂતિ થશે, ત્રણ-ચાર સ્ટેપમાં મૂર્તિ લગાડવામાં આવશે, ૧૪ ઓકટોબરથી લોકો દાદાની મૂર્તિના દર્શન કરી શકશે. આ મૂર્તિ લાગ્યા બાદ આખા સાળંગપુરની કાયાપલટ થઈ જશે. દાદાની મૂર્તિ સાળંગપુરની શાનમાં વધારો કરશે એટલે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવશે.

# જૂનાગઢનાં જોષીપરા રેલ્વે અંડરબ્રીજ/ઓવરબ્રીજ બનાવવા અંગે શહેરી વિકાસ મંત્રીને રજૂઆત કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ મહાનગરમાં જોષીપરા તથા બસ સ્ટેન્ડ પાસે રેલ્વે ફાટકનાં કારણે ટ્રાફિકની સમસ્યા ઉપસ્થિત થતી હોય, જે સમસ્યાનો વહેલી તકે નિકાલ કરવા ગાંધીનગર ખાતે શહેરી વિકાસ વિભાગનાં મંત્રી વિનોદભાઈ મોરડીયા સમક્ષ જૂનાગઢ મહાનગરનાં મેયર ગીતાબેન મોહનભાઈ પરમાર, શહેર ભાજપ પ્રમુખ પુનિતાભાઈ શર્મા, ડે. મેયર ગીરીશભાઈ કોટેચા, ચેરમેન હરેશભાઈ પરસાણા, શાસકપક્ષ નેતા કિરીટભાઈ એચ. ભીંભા, અન્ય આગેવાનો, કમિશ્નર રાજેશ તન્ના, કાર્યપાલક ઈજનેર દિપકભાઈ ગોસ્વામી તેમજ લગત અધિકારીઓ દ્વારા રજૂઆત કરવામાં આવેલ હતી. જે રજૂઆત ધ્યાને લઈ શહેરી વિકાસ વિભાગનાં મંત્રી વિનોદભાઈ મોરડીયા દ્વારા જૂનાગઢમાં જોષીપરા તથા બસ સ્ટેશન ખાતે ઓવરબ્રીજ/અન્ડરબ્રીજનાં રજુ કરાયેલ પ્લાનમાં થોડો સુધારો દર્શાવવી અને નવા સુધારા વધારા સાથે તાત્કાલીક આ પ્રોજેકટનો મંજુરી આપવા અંગે હકારાત્મક વલણ અપનાવી અને વહેલી તકે આ પ્રોજેકટને મંજુરી આપવા જણાવેલ છે.

# ખંભાળિયામાં સફાઈ અભિયાન સાથે સફાઈ કામદારને સન્માનિત કરાયા



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૨૨

ખંભાળિયામાં અહીંના યુવા કાર્યકરો દ્વારા તાજેતરમાં સફાઈ ઝુંબેશ સાથે સફાઈ કામદારોના સન્માનના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત પ્રદેશ ભાજપ સૂચના મુજબ સેવા સપ્તાહના ભાગરૂપે ખંભાળિયા શહેર ભાજપ દ્વારા અહીંના વોર્ડ નં.૪ના લુહારશાળ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અંતર્ગત આ વિસ્તારની સ્થિતિ અંગે સફાઈ પહેલાના અને સફાઈ બાદના ફોટો લેવામાં આવ્યા હતા. આ સાથે સ્વચ્છતા અભિયાન પછી સફાઈ કામદારોને ફુલહાર કરી, મીઠા મોઢા કરાવીને દરેક સફાઈ કામદારને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, નગરપાલિકા કારોબારી ચેરમેન હીનાબેન આચાર્ય, નગરપાલિકાના સદસ્યા રેખાબેન ખેતીયા, અઝુભાઈ ગાગિયા, અશોકભાઈ કાનાણી, કારૂભાઈ માવદીયા, હરેશભાઈ ભટ્ટ, ઈમ્તિયાઝખાન લોદિન, ભવ્ય ગોકાણી, નિકુંજ વ્યાસ, યુનુસ ચાકી, રાણાભાઈ ગઢવી, હસમુખભાઈ દેસાણી, રાહુલ બેરડીયા, અલ્લારખાભાઈ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વંથલીના નાંદરખી પ્રાથમિક શાળાના બાળકો ખેલ મહાકુંભમાં અવ્વલ

**શાળાના ૧૧ બાળકોએ વિવિધ સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરી નંબર મેળવ્યો**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

વંથલી તાલુકાના નાંદરખીની પ્રાથમિક શાળાના બાળકો ખેલ મહાકુંભમાં અવ્વલ આવ્યા છે. શાળાના ૧૧ જેટલા બાળકોએ વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ સારૂ પ્રદર્શન કરી સ્પર્ધામાં નંબર મેળવ્યો છે. વંથલી તાલુકા કક્ષાના ખેલ મહાકુંભનું આયોજન તા.૨૧ થી ૨૫ માર્ચ દરમ્યાન કરવામાં આવ્યું હતું. જેમાં નાંદરખી ગામની પ્રાથમિક શાળાના બાળકોએ ભાગ લીધો હતો. જેમાંથી શાળાના વિદ્યાર્થીઓ રાઠોડ ફેનીલ, ઠાકોર સંગીતા લાંબીકુંદ અને મસાનીયા દિપક ઊંચી કુદમાં તથા ઠાકોર મેહુલ ગોળા ફેંક, સાગઠીયા આર્યન સ્ટે.બ્રોડ જમ્પમાં અવ્વલ આવ્યા છે તેમજ બામણિયા ઉષા, બામણિયા પ્રિયંકા, બામણિયા સેજલ અને ઘોડ પાયલ ૧૦૦ થી ૬૦૦ મી. દોડમાં અવ્વલ આવી શાળાનું નામ રોશન કરતા શાળાના આચાર્ય અને શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતા.

# એચડીએફસી બેંકના 'મુંહ બંધ રખો' અભિયાને ૧૦ કરોડથી વધારે ભારતીયોમાં સલામત બેંકિંગ વ્યવહાર અંગે જાગૃતિ ફેલાવી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૨

એચડીએફસી બેંકે તેના 'મુંહ બંધ રખો' અભિયાનની બીજી આવૃત્તિ હાથ ધરી હતી, જેણે પ્રિન્ટ અને ડિજિટલ માધ્યમો મારફતે ૧૦ કરોડથી વધારે ભારતીયોમાં સલામત બેંકિંગ વ્યવહારો અંગે જાગૃતિ ફેલાવીને ઈતિહાસ રચ્યો છે.

નવેમ્બર ૨૦૨૧માં આ અભિયાનની બીજી આવૃત્તિ લૉન્ચ કરવામાં આવી હતી, જેમાં સાઈબર ફ્રોડ અને ફક્ત કેટલીક સલામત બેંકિંગની ટેવોનું પાલન કરીને કેવી રીતે તેની સામે લડત આપી શકાય છે, તેના ઉપરના વ્યાપક કન્ઝ્યુમર એજ્યુકેશન પ્રોગ્રામનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમે તમારી ગુપ્ત વ્યક્તિગત માહિતી કોઈપણ વ્યક્તિને નહીં આપવાના મહત્ત્વ ઉપર પ્રકાશ પાડ્યો હતો.

આ કાર્યક્રમના સમાપન સમારંભમાં નાણાં મંત્રાલયના સંયુક્ત સચિવ સમીર શુકલા (આઈએએસ) તથા નેશનલ સાઈબર સિક્યુરિટીના સંયોજક લેફ્ટ. જનરલ રાજેશ પંત ઉપસ્થિત રહ્યાં હતા તથા તેમની સાથે એચડીએફસી બેંકના વરિષ્ઠ અધિકારીઓએ પણ હાજરી આપી હતી, જેમાં બેંકના રીટેઈલ ક્રેડિટ સ્ટ્રેટેજી અને કન્ટ્રોલના હેડ પ્રશાંત મહેરા, ચીફ ઈન્ફોર્મેશન સિક્યુરિટી ઓફિસર સમીર રાતોલિકર, ક્રેડિટ ઈન્ટેલિજેન્સ અને કન્ટ્રોલ (સીઆઈસી)ના હેડ મનિષ અગ્રવાલ તથા સીઆઈસી, પેમેન્ટ બિઝનેસ અને ડિજિટલ લોનના હેડ વિવેક ગોયલનો સમાવેશ થાય છે.

આ અભિયાનના ભાગરૂપે બેંકે છેલ્લાં ચાર મહિનામાં સમગ્ર દેશમાં સલામત બેંકિંગ ઉપર ૨,૮૦૦થી વધારે વર્કશોપ યોજી હતી. આ વર્કશોપમાં પ્રેક્ષકોની વ્યાપક રેન્જને આવરી લેવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, કાયદાની અમલબજવણી કરનારી એજન્સીઓ, વરિષ્ઠ નાગરિકો, ચેનલ પાર્ટનર્સ, હાઉસિંગ સોસાયટી અને શૈક્ષણિક સંસ્થાઓનો સમાવેશ થાય છે. ૬૨૦ વર્કશોપમાં ૬૦,૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જે વર્કશોપનો ઉદ્દેશ્ય લોકોમાં નાની વયથી સલામત બેંકિંગની ટેવો વિકસાવવાનો હતો.

# મીઠાપર ખાતે આવેલ વર્ષો જુના સૂર્ય મંદિરનું રીનોવેશન કરવા ઉચ્ચ સ્તરે રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૨૨

ગીર-સોમનાથ જિલ્લાના વેરાવળ નજીક આવેલ મીઠાપર ગામમાં વર્ષો જૂનું સૂર્ય મંદિર આવેલું છે. જે જર્જરિત હાલતમાં છે, આવી ઐતિહાસિક ધરોહરની જાળવણી માટે વિદ્યાર્થી નેતા ભાવેશ સોલંકીએ ટ્વિટના માધ્યમથી પ્રધાનમંત્રી સહિતનાઓને જણાવ્યું હતું કે, "ગીર-સોમનાથ જિલ્લાના વેરાવળ પાસે મીઠાપર ગામમાં આવેલ હજારો વર્ષ જૂનું સૂર્ય મંદિર છે, જેને પુરાતત્વ વિભાગ સંભાળે છે, એનું બોર્ડ સડી ગયું છે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને વિનંતી કે આ સ્થળનું રીનોવેશન કરાવી પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે, ત્યારબાદ વેરાવળ નગરપાલિકાના પ્રમુખ પિયુષભાઈએ આર્કિટેક્ટ અને સલાહકાર સાથે લઈ આ સ્થળની મુલાકાત કરી અને ટ્વિટના માધ્યમથી પ્રધાનમંત્રીને પ્રભાસ પાટણના તમામ સૂર્ય મંદિરોનું રીનોવેશન કરવાના સંકેત આપ્યા હતા. વિશેષમાં ભાવેશ સોલંકીએ જણાવ્યું હતું કે, આટલી બેનમૂન કારીગરીને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવો જ ઘટે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# આતંકવાદનાં મામલે ભારતે કઠોર નિર્ણયો ચાલું રાખવા જોઈએ

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા પાકિસ્તાનમાં આશ્રય લઈ રહેલા મુશ્તાક અહમદ ઝરગરને આતંકવાદ નિરોધક કાયદા અંતર્ગત આતંકી જાહેર કરવો એ જ દર્શાવે છે કે, ભારત સરકાર પાકિસ્તાન ઉપર દબાણ વધારી રહી છે. છેલ્લા એક અઠવાડિયામાં ભારત કુલ ચાર આતંકી વડાઓને અધિસૂચિત કરી ચૂક્યું છે. આ કામ ચાલુ જ રહેવું જોઈએ, બલ્કે પાકિસ્તાનને સમયે સમયે ચેતવણી પણ આપવી જોઈએ, જેથી તે એવા કોઈ ભ્રમમાં ન રહે કે સંબંધ સુધારની તેની વાતોની ભારત ઉપર કોઈ અસર પડવાની છે. ભારતે પાકિસ્તાનમાં આશ્રય મેળવી રહેલા આતંકીઓને અધિસૂચિત કરવાની સાથે જ એ માંગ પણ કરવી જોઈએ કે તેમને અમારા હવાલે કરવામાં આવે. તેનાથી જ પાકિસ્તાનને એ સંદેશ જશે કે ભારત ફક્ત કાગળિયે કાર્યવાહી નથી કરી રહ્યું. મુશ્તાક અહમદ ઝરગર કાશ્મીરી મૂળનો આતંકવાદી છે અને હાલમાં પાકિસ્તાનમાં રહીને કાશ્મીરમાં આતંકવાદને ખાતર-પાણી આપવાનું કામ કરી રહ્યો છે. તેને ઈન્ડિયનએરલાઈન્સ વિમાનના અપહરણમાં બંધકોના બદલામાં છોડવો પડ્યો હતો. તેની સાથે જે એક અન્ય આતંકી મસૂદ અઝહરને છોડવામાં આવ્યો હતો, તે પણ ભારત માટે ખતરો બનેલો છે. જોકે મસૂદ અઝહરને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે પણ પ્રતિબંધિત કરેલો છે, પરંતુ પાકિસ્તાન તેના વિરૂધ્ધ કોઈ પગલાં ઉઠાવવા તૈયાર નથી. ભારત એની અવગણના ન કરી શકે કે પાકિસ્તાન એક તરફ કાશ્મીરમાં હસ્તક્ષેપ કરવાનું છોડતું નથી અને બીજી તરફ એફએટીએફની કાર્યવાહીથી બચવા માટે પોતાને ત્યાં સંરિક્ષત આતંકીઓ વિરૂધ્ધ બનાવટી પગલાં ભરી રહ્યું છે. આજ કારણે હાલમાં જ ભારત અને અમેરિકાએ સંયુક્ત નિવેદન જારી કરીને એમ કહેવું પડ્યું કે પાકિસ્તાન આતંકવાદ વિરૂધ્ધ ઠોસ અને અપરિવર્તનીય કાર્યવાહી કરે. પાકિસ્તાન તેનાથી ગિન્નાયું ખરૂ, પરંતુ ભારતે ત્યાં સુધી શાંતિથી ન બેસવું જોઈએ, જ્યાં સુધી પાકિસ્તાની સેના આતંકવાદને સમર્થન આપવાનું બંધ ન કરે. જોકે કાશ્મીરમાં લગભગ દરરોજ પાકિસ્તાન પ્રશિક્ષિત આતંકીઓને ઠાર મારવામાં આવે છે, પરંતુ તેમના દુસ્સાહસનું નિર્ણાયક દમન થયું નથી. તેઓ કાશ્મીરી હિંદુઓને ધમકાવી અને તેમને નિશાનો બનાવી રહ્યા છે. આ સિલસિલો અટકાવવાની જરૂરિયાત છે. તેના માટે એવી જોગવાઈઓ કરવાનું જરૂરી છે, જેનાથી સીમા પારથી આતંકીઓ ઘૂસણખોરી ન કરી શકે. એ સમજવું જરૂરી છે કે કાશ્મીરમાં શાંતિની સાચી રીતે બહાલી ત્યારે જ થઈ શકશે, જ્યારે આતંકીઓની સાથે સાથે તેમના સમર્થકો વિરૂધ્ધ પણ કઠોર કાર્યવાહી કરવામાં આવશે. આતંકના સમર્થકો ચાહે સીમાની આ પાર હોય કે પેલે પાર, તેમને ભારતની કાર્યવાહીનો ભય હોવો જ જોઈએ.

# ભવિષ્યમાં અમેરિકાના નેવી જહાજો ભારતીય શિપયાર્ડમાં જોવા મળી શકે છે



વોશિંગ્ટન તા.૨૨

ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સે એક નાના પરંતુ નોંધપાત્ર પગલામાં, ભારતીય શિપયાર્ડની માત્ર જાળવણી જ નહીં પરંતુ અમેરિકન નૌકાદળના જહાજોનું સમારકામ પણ કરવાની શક્યતાઓ શોધવાનું નક્કી કર્યું છે. આનાથી માત્ર ભારત-યુએસ સંરક્ષણ વેપારને જ નહીં, પણ ભારતીય શિપયાર્ડમાં વધારાનો વ્યવસાય આવશે એવી અપેક્ષા છે. આ અંગેનો નિર્ણય તાજેતરમાં વોશિંગ્ટનમાં યોજાયેલી ભારત-યુએસ ૨+૨ મંત્રી સ્તરીય બેઠક દરમ્યાન લેવામાં આવ્યો હતો. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકન સાથે સંરક્ષણ સચિવ લોયડ ઓસ્ટિને અમેરિકન પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કર્યું હતું જ્યારે ભારતીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ વિદેશ પ્રધાન એસ જયશંકર અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કર્યું હતું. ૨+૨ મીટિંગ પછી જારી કરાયેલ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતુ કે, નૌકાદળના ક્ષેત્રમાં સંરક્ષણ ઔદ્યોગિક સહકારને વધુ વધારવા માટે, બંને પક્ષો યુએસ મેરીટાઈમ સીલિફ્ટ કમાન્ડના જહાજોના સમારકામ અને જાળવણી માટે ભારતીય શિપયાર્ડનો ઉપયોગ કરવાની શક્યતાઓ માટે સંમત થયા હતા જેથી યુએસ નૌકાદળના જહાજોને સમારકામ માટે સમર્થન મળી શકે. છેલ્લા એક દાયકામાં, ભારતીય અને અમેરિકન સૈન્ય વચ્ચે, ખાસ કરીને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સૈન્ય વચ્ચેનો સહકાર વધ્યો છે. નોંધનીય છે કે, મિલિટરી સીલિફ્ટ કમાન્ડ જહાજો યુનાઈટેડ સ્ટેટ્સ નેવીની માલિકીના જહાજોના મુખ્ય કાફલાના બનેલા છે અને લાંબા ગાળાના ચાર્ટર હેઠળ ટૂંકા ગાળાના અથવા વોએજ-ચાર્ટર્ડ શિપ્સ દ્વારા સંવર્ધિત કરવામાં આવે છે.

# ઉના અને કોડીનાર નર્સરી ખાતેથી આંબાની કલમ અને નાળીયેરીના રોપા તદ્દન નજીવા દરે મળશે




## વૈજ્ઞાનિક ઢબે ઉછેર કરાયેલા કલમ-રોપાની ખેડૂતોમાં માંગ

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૨૨

રાજ્ય સરકારના સહયોગથી ખેડૂતોને તદન નજીવા દરે ગુણવત્તાયુક્ત અને વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરાયેલા આંબાની કલમ, નાળિયરીના રોપા સહિતના ફળ અને ફુલની કલમ- રોપા નદન નજીવા દરે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ કલમો અને રોપાઓ ગીર-સોમનાથ જિલ્લા સહિતના ખેડૂતો કોડીનાર અને ઉના નર્સરી ખાતેથી મેળવી શકશે. આ સંદર્ભે નાયબ બાગાયત નિયામક એ.એમ. દેત્રોજાએ જાણાવે છે કે, રાજ્ય સરકારના સહયોગથી આંબાની કલમ, નાળયેરીના રોપોના સહિતના છોડનું તદન નજીવા દરે વિતરણ તો કરવામાં આવે છે. આ સાથે જ મહત્વનું છે કે, ખેડૂતોને ખાતરીબદ્ધ કલમ અને રોપા મળી રહે છે. નર્સરીમાં રોપા ઉછેરની કામગીરી વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવે છે. સાથે જ નર્સરીમાં પોતાનું મધર બ્લોક હોય છે અને અહિંયાના સ્થાનિક વાતવરણ તૈયાર કરવામાં આવ્યું હોય છે. જેથી આ કલમ-રોપામાં રોગ જીવાત પ્રમાણ ખૂબ નિયંત્રિત જોવા મળે છે. જ્યારે ખેડૂતો કોઈ ખાનગી સ્થળેથી ખરીદી કરે તો નર્સરીના ભાવ કરતા અંદાજિત બેગણી કિંમત ચૂકવવીવ પડતી હોય છે સાથે ગુણવત્તાની કોઈ ખાતરી મળતી હોતી નથી. આમ, ખેડૂતોને નર્સરીના માધ્યમથી ખાતરીબદ્ધ, ગુણવત્તાયુક્ત અને નજીવા દરે રોપ-કલમ વગેરે મળી રહે છે. જેની ઉત્પાદન ઉપર ભવિષ્યમાં સકારાત્મક અસર પડતી હોય છે. કોડીનાર બાગાયત નર્સરીના મદદનીશ બાગાયત નિયામક જગદીશ રાઠોડ જણાવે છે કે, મુખ્યત આંબાની કલમ અને નાળીયરના રોપાનું નર્સરી દ્વારા નજીવા દરે વિતરણ કરવામાં આવનાર છે. નાળિયેરીની ત્રણ જાતમાં દેશી બોનાની રોપાની રૂા.૬૦ તેમજ દેશી નાળિયેર અને લોટણની રૂા.૪૦-૪૦ વેંચાણ કિંમત નક્કી કરવામાં આવી છે. આંબાની કલમની બે જાતમાં ભેટ કલમના રૂા.૧૧૦ અને ખૂટા કલમના રૂા.૪૦ ચૂકવીને ખેડૂતો કલમની ખરીદી કરી શકશે. આ ઉપરાંત અન્ય ફળ પાકોના અને સુશોભનના રોપાની દરેકના છોડ માટે માત્ર રૂા.૧૫ શુલ્ક નિર્ધારિત કરવામાં આવ્યો છે. નર્સરીમાં નાળિયેરી, આંબાની વિવિધ જાતો ઉપરાંત જામફળ, લીંબુ, પપૈયા, સીતાફળ, રામફળ જેવા અન્ય ફળના રોપ પણ તૈયાર કરવામાં આવે છે. આ ઉપરાંત સુશોભનના રોપામાં કોટન, ફૂલો, સોપારી, ગ્રાસ, જેવી વિવિધ ૧૨ જેટલી વેરાઈટી તૈયાર કરે છે. આ નર્સરી દ્વારા રોપા-કલમ પૂરા પાડવાની સાથે ખેડૂતોને મૂંઝવતા વિવિધ બાગાયતી પાકોના પ્રશ્નો અંગે પણ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપે છે. સમગ્ર ગુજરાત રાજ્યમાંથી કોઈપણ ખેડૂત કોડીનાર નર્સરી ખાતે આવીને આ છોડ ખરીદી શકે છે. ખેડૂતોએ આંબા અને નાળિયેરીના છોડ ખરીદવા માટે ૮(અ)નો દાખલો અને આધારકાર્ડ સાથે લાવવાના રહે છે. કોડીનાર નર્સરીમાં આંબાની ભેટ કલમ માટે આખું વર્ષ માંગ રહે છે. જેના કારણે નર્સરી દ્વારા વર્ષમાં એક દિવસ તા.૧૫મી મેના રોજ રજીસ્ટ્રેશન કરવામાં આવે છે અને જુલાઈ માસમાં ઉત્પાદનના આધારે ખેડૂતોને રોપ વિતરણ કરાઈ છે. ત્યારે આ રોપાઓ અને કલમ ન માત્ર ગીર સોમનાથ જિલ્લાના પરંતુ સમગ્ર રાજ્યના ખેડૂતો માટે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

## રાજયમાં રસ્તા ઉપર રખડતા ઢોરની સમસ્યા

# ગાય સાથે બાઈક ભટકાતા મોતમાં રૂા.૫૬ લાખનાં વળતરનો આદેશ

## વડોદરા શહેરનાં વાઘોડિયા રોડ ઉપર ગાય સાથે બાઈક ભટકાતા બાઈક સ્લીપ થઈ જતા ચાલકનું મોત થયું હતું

(પ્રતિનિધિ દ્વારા)

વડોદરા તા.૨૨

રખડતા ઢોરોની સમસ્યા રાજયમાં ઘણી પેચીદી બની ગઈ છે. જો આ સમસ્યાનો દુર કરવા માટે રખડતા ઢોરો ઉપર પ્રતિબંધ લદાય તો માલધારી સમાજ બાંયો ચઢાવે છે અને ચૂંટણીનાં વર્ષને ધ્યાને રાખતા જો આવો કોઈ પ્રતિબંધ ન લાદવામાં આવે તો રસ્તે રખડતા ઢોર રાજયનાં કોઈનો કોઈ ખૂણામાં કોઈ વ્યકિતનો જીવ લઈ લે છે. જોકે, હવે આવી જ એક રખડતા ઢોરથી મૃત્યું થવાની ઘટનામાં મૃતકનાં કુટુંબનો કોર્ટે ૫૬ લાખ રૂપિયા ચૂકવવા આદેશ કરતા ફરી એકવાર રખડતા ઢોરનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. બનાવની ઘટના મુજબ વડોદરા શહેરનાં વાઘોડિયા રોડ ઉપર ગાય સાથે બાઈક ભટકાતા બાઈક સ્લીપ થઈ જતા ચાલકનું મોત થયું હતું આ અંગે મૃતકનાં પરિવારજનો કોર્ટમાં વળતરનો દાવો કરતા પાલિકા, ગુજરાત સરકાર અને પોલીસ કમિશ્નરને વળતર પેટે રૂા.૫૬ લાખ ચુકવવા માટે કોર્ટે હુકમ કર્યો છે જેનાં પગલે સરકારી વિભાગોમાં હલચલ મચી થઈ છે. પ્રાપ્ત થતી વિગત મુજબ વાઘોડિયા તાલુકાનાં બાકરોલ ખાતે ખાનગી કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા અને શહેરનાં



વાઘોડિયા રોડ ઉપર રહેતા કેતનાકુમાર હસમુખલાલ શાહ કેજેઓ તા.૨૪-૭-૧૩નાં રોજ રાત્રે લગભગ ૮:૩૦ વાગે વાઘોડિયા રોડ ઉપર આવેલ વૈકુંઠ સોસાયટી પાસે સ્ટ્રીટ લાઈટનાં અભાવે રોડ ઉપર આવી ગયેલી ગાયનો નાજીક પહોંચ્યા ત્યાં સુધી જોઈ શકયા નાહોતા અને જે બાદ તેમણે અચાનક બ્રેક મારતા તેમનું બાઈક સ્લીપ થઈ ગયું હતું. જેનાં કારણે તેમનાં માથાનાં ભાગે ડીવાઈડર વાગતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાદ આ ઈજાનાં કારણે ટુંકી સારવાર દરમ્યાન તેમનું ૩૦-૭-૧૩નાં રોજ નિધન થયું હતું. આ અંગે કેતન શાહનાં પત્ની અંજના કેતનાકુમાર શાહે વડોદરા મહાનગર સેવાસદન, ગુજરાત સરકાર અને પોલીસ કમિશ્નર સામે વળતરની માંગણી સાથે તેમનાં વકિલ મારફત કોર્ટમાં એવી રજૂઆત કરી હતી કે પાલિકાની જવાબદારી છે કે, રોડ રસ્તા ઉપર સ્ટ્રીટ લાઈટ નાંખવી પણ પાલિકાએ આ બાબતની ઘોર ઉપેક્ષા કરી હતી. આ માટે કાયદા મુજબ પ્રતિવાદીઓ જવાબદાર છે. પાલિકા, સારકાર અનો પોલીસાની ભારે લાપરવાહી અનો ખામી ભરેલી મેઈન્ટેનન્સ સર્વીસનાં લીધે આ ભયંકર અકસ્માત થયો હતો. મૃતકનો પગાર રૂા.૨૦ હજાર હતો અને તંદુરસ્ત હતા અને ઓછામાં ઓછા પંદર વર્ષ સુધી નોકરી કરી પગાર મેળવી શકયા હોત. બધી જ ગણતરી મુજબ કુલ રૂા.૫૬,૬૬,૦૩૦નું નુકશાન થયું છે. આ અંગે કોર્ટમાં કેસ ચાલી જતા અદાલતે વાદી અંજનાબેન શાહનો દાવો મંજુર કર્યો હતો અને પાલિકા, સરકાર અને પોલીસા કમિશ્નરનો ૯ ટકાનાં વ્યાજ સાથે રૂા.૩૪,૨૦,૪૬૦ તેમજ વ્યાજ સાથે કુલ રકમ રૂા.૫૬ લાખ ચુકવવા હુકમ કર્યો હતો.

# માથાના દુઃખાવાના ડિસઓર્ડરથી વાર્ષિક ૫૦ ટકાથી વધુ વૈશ્વિક વસ્તી અસરગ્રસ્ત છે : અભ્યાસ

લંડન તા.૨૨

દર વર્ષો માથાના દુઃખાવાના ડિસઓર્ડર દ્વારા ૫૨ ટકાથી વધુ વૈશ્વિક વસ્તી અસરગ્રસ્ત થાય છે, જેમાંથી ૧૪ ટકાને માઈગ્રેન હોવાના અહેવાલ છે. એક અભ્યાસ ઉપરથી આમ જાણવા મળ્યું હતું. માથાનો દુઃખાવો વિશ્વભરમાં એક સૌથી પ્રચલિત અનો અક્ષમ કરનારી પરિસ્થિતિઓમાંની એક છે. જે મુખ્યત્વે ૨૦ અને ૬૫ વર્ષની વય વચ્ચેના વયસ્કોમાં જોવા મળે છે. નોર્વેજિયન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના સંશોધકોએ માથાના દુઃખાવાના વૈશ્વિક વ્યાપનો અંદાજ લગાવવા ૧૯૬૧ અને ૨૦૨૦ના અંત વચ્ચેના ૩૫૭ પ્રકાશનોની સમીક્ષા કરી હતી. ધ જનરલ ફોર હેડએક એન્ડ પેઈનમાં પ્રકાશિત સમીક્ષાએ દર્શાવ્યું હતું કે લગભગ ૨૬ ટકા લોકોમાં તણાવ પ્રકારનો માથાનો દુઃખાવો નોંધાયો હતો અને ૪.૬ ટકા લોકોને મહિના દીઠ ૧૫ અથવા વધુ દિવસો માટે માથાનો દુઃખાવો થવાનું નોંધાયું હતું. આનાથી વધુ આગળ અભ્યાસો એમ પણ સુચવ્યું હતું કે વિશ્વની લગભગ ૧૫.૮ ટકા વસ્તીને કોઈ પણ એક દિવસે માથાનો દુઃખાવો થાય છે, અને તેમાંથી અડધા જેટલા વ્યકિતઓનો માઈગ્રેન (૭ ટકા) થવાના અહેવાલ છે. પ્રમુખ લેખક લાર્સ જેકોબ સ્ટોનનરે જણાવ્યું હતું કે અમનો જાણવા મળ્યું હતું કે માથાના દુઃખાવાના ડિસઓર્ડરનો વ્યાપ વિશ્વભરમાં વધુ રહે છે અને વિવિધ પ્રકારના બોજથી ઘણા લોકોનો અસર થઈ શકે છે. આપણે નિવારણ અને વધુ સારી સારવાર દ્વારા આ બોજનો ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ માથાનો દુઃખાવો પુરૂષો કરતા મહિલાઓમાં વધુ સામાન્ય હતો જે માટે ભાગે આધાશીશી (માઈગ્રેન) માટે (મહિલાઓમાં ૧૭ ટકા




તેની તુલનામાં પુરૂષોમાં ૮.૬ ટકા) અનો મહિના દીઠ ૧૫ અથવા વધુ દિવસો માટે માથાનો દુઃખાવો (પુરૂષોમાં ૨.૯ની તુલનામાં સ્ત્રીઓમાં ૬ ટકા) આ ટીમે સલાહ આપી હતી કે મધ્યમ અનો ઓછી આવક ધરાવતા દેશોમાં વધુ તપાસ કરવાથી વધુ ચોક્કસ વૈશ્વિક અંદાજ રજુ કરવામાં મદદ મળશે. એકંદરે માથાના દુઃખાવાનો ડિસઓર્ડર વિશ્વભરમાં ઉચ્ચ રીતો પ્રચલિત છે અનો તો એક ભારે બોજ બની શકે છે. નિવારણ અનો સારવારનો વધુ અસારકારક રીતો લક્ષ્ય બનાવવા વિવિધ જૂથોમાં માથાના દુઃખાવાના અલગ અલગ કારણોનું વિશ્લેષણ ભવિષ્યમાં રસપ્રદ પણ હોઈ શકે છે એમ સ્ટોવનારે કહ્યું હતું.

# સીપીએમ નેતા બ્રિન્દા કરાતેએ દિલ્હીમાં બુલડોઝર અટકાવ્યું, કોર્ટના દસ્તાવેજો લહેરાવ્યા

નવી દિલ્હી તા.૨૨

જ્યારે દેશમાં કોઈ મોટો વિવાદથાય ત્યારે મોટા રાજકીય પક્ષના નેતાએ શું કરવું જોઈએ અને જ્યારે તેઓ રહેતા હોય તે શહેરના ગીચ વસ્તીવાળા વિસ્તારમાં સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ પરિસ્થિતિ ઊભી થઈ રહી હોય તો શું કરવું જોઈએ ? તે સ્થળની મુલાકાત લેવી જોઈએ અને પરિસ્થિતિને શાંત કરવાનો પ્રયાસ કરવો જોઈએ ? અથવા કદાચ કાનૂની દરજ્જો અને કોર્ટના ચુકાદા, જેનું પાલન કરવું મહત્વપૂર્ણ છે, જેથી શાંતિ પ્રવર્તે તે માટે વાતચીત કરવી જોઈએ ? અથવા તેના બદલે, તેઓએ વિરોધપક્ષો ઉપર હુમલો કરવો જોઈએ? અથવા “યોગ સ્વાસ્થ્ય માટે સારૂ છે. હું યોગ કરૂં છું, તમારે પણ કરવું જોઈએ,” એવા જવાબો આપવા જોઈએ ? અથવા તો ટેલિમાર્કેટિંગ ફોનનો ઉપયોગ કરીને અફવાઓ ફેલાવવી જોઈએ ? આ બધા પ્રશ્નોનો જવાબ બધા નાગરિકો માટે જોવા માટે હતો, જે જહાંગીરપુરીની એક વીડિયો ક્લિપ્સમાં છે.

૭૪ વર્ષીય બ્રિન્દા કરાત, જેઓ ૨૦૦૫માં, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (સીપીઆઈ) પોલિટબ્યુરોની પ્રથમ મહિલા સભ્ય બની હતી, તેમણે બધા રાજકારણીઓનેશીખવ્યું હતું કે આવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ. આ પીઢ નેતા બ્રિન્દા કરાત પોતે નેતૃત્વ કરી રહ્યા હતા, અને ગ્રાઉન્ડ ઝીરો ઉપર હાજર હતા અને દિલ્હીના જહાંગીરપુર ખાતે બુલડોઝરને અવરોધિત કરતાજોવા મળ્યા હતા. તેણીએ અધિકારીઓને સુપ્રીમ કોર્ટના આદેશની નકલ બતાવી હતી, જે રાજ્યની મશીનરી સાથે ભારે ડિમોલિશન વિરૂધ્ધ છે. બુલડોઝરની સામે તેણીની માત્રહાજરી જ દર્શાવેછે કે, કેવી રીતે માનવ અધિકાર, કાયદાનું શાસન અને સર્વોચ્ચ અદાલતના આદેશો સંવેદનશીલ પરિસ્થિતિનું રાજકીયકરણ કરવાના કોઈપણ પ્રયાસોથી વધુ મહત્વપૂર્ણ છે. એક સમાચાર અહેવાલમુજબ, આ બેકલાકની તંગદિલી દરમ્યાન નાગરિક સંસ્થાએ કોર્ટના આદેશ હોવા છતાં તેની “અતિક્રમણ વિરોધી ઝુંબેશ” રોકવાનો ઈન્કાર કર્યો હતો.

૨૦ એપ્રિલ, ૨૦૨૨ના રોજ સુપ્રીમ કોર્ટે ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જહાંગીરપુરી વિસ્તારમાં કથિત અતિક્રમણ કરનારાઓ સામે શરૂ કરવામાં આવેલી ડિમોલિશનઝુંબેશમાં યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશઆપ્યો હતો, અહી ગયા અઠવાડિયે કોમી હિંસા ફાટી નીકળી હતી. વરિષ્ઠ એડવોકેટ દુષ્યંત દવેએ આજે ભારતના ચીફ જસ્ટિસ એન.વી. રમનાની આગેવાની હેઠળની બેન્ચ સમક્ષ તાકીદની યાદી માટે ડિમોલિશન ડ્રાઈવ સામેની અરજીનો ઉલ્લેખ કર્યો હતો. ડિમોલિશન બપોરે ૨ વાગ્યે શરૂ થવાનું હતું, પરંતુ તેઓએ સવારે ૯ વાગ્યે ડિમોલિશન શરૂ કર્યું હતું. સીજેઆઈએ આદેશ આપ્યો કે, આવતીકાલે યોગ્ય બેંચ સમક્ષ યથાસ્થિતિ જાળવી રાખો. જોકે, સુપ્રીમ કોર્ટના આદેશો હોવા છતાં, જેનું કાનૂની સમાચાર પોર્ટલ અને અન્ય દ્વારા લાઈવ રિપોર્ટિંગ પણ કરવામાં આવ્યું હતું. પરંતુ ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના આદેશો મુજબ બુલડોઝર ચલાવવામાં આવ્યા હતા અને જહાંગીરપુરીમાં અતિક્રમણ વિરોધી અભિયાન ચાલુ રાખવામાં આવ્યું હતું. ઉત્તર દિલ્હીના મેયર, રાજા ઈકબાલ સિંહે કહ્યું હતું કે, અમને સુપ્રીમ કોર્ટનો આદેશ મળશે ત્યારે અતિક્રમણ વિરોધી અભિયાન બંધ કરવામાં આવશે.

સીપીઆઈ (એમ) પોલિટબ્યુરોના સભ્ય બ્રિન્દા કરાત અને સીપીઆઈએમએલ દિલ્હીના સચિવ રવિ રાય, જેમણે કોર્ટના આદેશોની નકલો લઈને તેઓ બુલડોઝરની સામે ઉભા રહી ગયા હતા, જેઓ કથિતરીતે વધુ બાંધકામોનેતોડી પાડવા માટે સ્થળ ઉપર તૈયારી કરી રહ્યા હતા, આ મિલકતો મુસ્લિમોની માલિકીની હતી. કરાતે સ્પેશિયલ સીપી લો એન્ડ ઓર્ડર, દીપેન્દ્ર પાઠક સાથે પણ વાત કરી હતી અને પુછ્યું હતુ સુપ્રીમ કોર્ટના સ્ટે ઓર્ડર છતાં ડિમોલિશન કેમ અટક્યું નથી. એનડીટીવીના એક અહેવાલ મુજબ, ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશને જહાંગીરપુરીમાં ગેરકાયદેસર અતિક્રમણ હોવાનો દાવો કર્યો છે તે દૂર કરવા માટે નવ બુલડોઝર મોકલ્યા છે. કેટલીક દુકાનો અને એક મસ્જિદની આસપાસ સેંકડો અધિકારીઓ ઊભા હતા જ્યાં શનિવારે અથડામણ થઈ હતી. દિપેન્દ્ર પાઠકે મીડિયાને કહ્યું કે, અમે અહીં સુરક્ષા પ્રદાન કરવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આવ્યા છીએ અને મસ્જિદનો દરવાજો ટૂંક સમયમાં તોડી પાડવામાં આવ્યો હતો.

ડિમોલિશનને રોકવા માટે સુપ્રીમ કોર્ટમાં દોડી ગયેલા અરજદારે ઉત્તરપ્રદેશ, ગુજરાત અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં જોવા મળતી વિચલિત પેટર્ન, જેમાં કોમી અથડામણો અને ત્યારબાદ એક સમુદાયને નિશાન બનાવીને ડિમોલિશન શરૂ કરવા અંગે કોર્ટનું ધ્યાન દોર્યું હતું. ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની નાગરિક સંસ્થામાં ટૂંક સમયમાં ચૂંટણી થવાની છે. કારણ કે, તેનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ એન.વી. રમનાની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે ૨૧ એપ્રિલે થનાર સુનાવણી સુધી યથાસ્થિતિનો આદેશ આપ્યા પછી પણ આ અચાનક આવા બાંધકામો તોડી પાડવાની તેની કાર્યવાહી શા માટે થઈ તે જોવાનું હજુ બાકી છે.

કરાતે દિલ્હી પોલીસને પત્ર લખ્યો હતો કે, ૧૬ એપ્રિલે જહાંગીરપુરીમાં બનેલી સાંપ્રદાયિક પ્રકૃતિની હિંસા સંપૂર્ણ ટાળી શકાય તેવી ઘટનાઓમાં પોલીસની ભૂમિકા વિષે ચેતવણી આપી હતી. તેણીએ પુછ્યું કે, શું બજરંગ દળના જૂથો કથિત રીતે ખુલ્લી તલવારો, લાઠીઓ અને હથિયારોથી સજ્જ હતા, શું તેઓએ પોલીસની પરવાનગી લીધી હતી ? કરાતે કહ્યું કે, શસ્ત્રો સાથેના સરઘસના લોકોએ સ્પષ્ટપણે આર્મ્સ એક્ટનું ઉલ્લંઘન કર્યું હતું. જેમાં આવા ઉલ્લંઘન માટે જેલની કડક જોગવાઈઓ છે. તેણીએ રેકોર્ડ ઉપર મૂક્યું હતું કે, આ વિસ્તારમાં અગાઉ ક્યારેય સાંપ્રદાયિક પ્રકૃતિની ઘટનાઓ બની નથી. બે સમુદાયો સુમેળ સાથે રહેતા હતા. આ વધુ એક પુરાવો છે કે, શોભાયાત્રાના નામે આવી ઘટનાઓ બહારના લોકો દ્વારા અંજામ આપવામાં આવ્યો હતો. તેમના પત્રમાં, કરાતે કહ્યું કે, સીપી એવા પોલીસ કર્મચારીઓ સામે પગલાં લે (૧) જેમણે સરઘસમાં શસ્ત્રો લઈ જવાની મંજૂરી આપી હતી (૨) જેઓ પર્યાપ્ત વ્યવસ્થાના અભાવ માટેજવાબદારહતા (૩) જેમણે સરઘસને મસ્જિદ સામેરોક્વાની મંજૂરી આપી અને (૪) જેઓ એકતરફી અને પૂર્વગ્રહયુક્ત તપાસ કરી રહ્યા છે.

# જહાંગીરપુરી ડિમોલેશન મુદ્દે સુપ્રીમ કોર્ટના આદેશના અમલમાં વિલંબ : કોર્ટના આદેશોનો સંચાર કરવાની પ્રક્રિયા શું છે ?

નવીદીલ્હી તા.૨૨

ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશને બુધવારે દિલ્હીના જહાંગીરપુરીમાં અતિક્રમણ વિરોધી અભિયાન શરૂ કર્યું હતું. જેમ બુલડોઝર આ વિસ્તારમાં ફર્યા હતા અને મકાનો અને દુકાનોને તોડી પાડવાનું શરૂ કર્યું હતું, તે સમયે સુપ્રીમ કોર્ટ આગળ આવી હતી અને ડિમોલિશન ઝુંબેશ ઉપર સ્ટે મૂકવાનો આદેશ આપ્યો હતો. જો કે, સર્વોચ્ચ અદાલતે બીજી વખત આવું પગલું ભરવું પડ્યું કારણ કે ડિમોલિશન ઝુંબેશ ચાલુ રહી હતી અને એનડીએમસી કમિશ્નરે કહ્યું હતુંકે, તેમને સુપ્રીમ કોર્ટના આદેશની નકલ મળીનથી. જહાંગીરપુરી ડિમોલિશનની ઘટનાએ સુપ્રીમ કોર્ટ દ્વારા પસાર કરેલા આદેશોના સંચાર સંબંધમાં ગંભીર મુદ્દો દર્શાવ્યો છે. દિવસની સમયરેખા ઉપર એક નજર કરીએ તો તે બતાવે છે કે સર્વોચ્ચ અદાલતે યથાસ્થિતિના આદેશો જારી કર્યા પછી એક કલાકથી વધુ સમય સુધી ડિમોલિશન ઝુંબેશ ચાલુ રહી હતી.

**ઘટનાઓની સમયરેખા :**

૧૦:૫૮ એ.એમ- ભારતના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ જહાંગીરપુરી મામલાનો ઉલ્લેખ કરવામાં આવ્યો અને તેનેયથાસ્થિતિ માટે હુકમ જારી કર્યો હતો.

૧૧:૨૫ એ.એમ- રેકોર્ડ ઉપર એડવોકેટ એમ આર શમશાદ દ્વારા ઉત્તર દિલ્હીના મેયર, દિલ્હી પોલીસ કમિશ્નર અને દિલ્હી સરકારના મુખ્ય સચિવને ઈમેઈલ દ્વારા મોકલવામાં આવેલ હતા અને યથાસ્થિતિના આદેશ અંગેની માહિતી સાથેનો પત્ર એઓઆર ઓફિસ દ્વારા પણ મોકલવામાં આવેલહતો.

૧૨:૧૫ પી.એમ- વરિષ્ઠ એડવોકેટ દુષ્યંત દવે દ્વારા સીજેઆઈ બેન્ચ સમક્ષ ફરી ઉલ્લેખ કરવામાં આવ્યો, જેમણે કોર્ટનેજાણ કરી કે જહાંગીરપુરીમાં હજુ પણ ડિમોલિશન ચાલુ છે. સુપ્રીમ કોર્ટે રજિસ્ટ્રીને આદેશો આપીને પોલીસ અને એનડીએમસીને ફોન કોલ દ્વારા જણાવવા માટે નિર્દેશ આપ્યો હતો.

**કોર્ટના આદેશનો સામાન્ય રીતે સંચાર કેવી રીતે થાય છે ?**

સામાન્ય કાર્યવાહીમાં, અદાલતમાં પસાર કરવામાં આવેલ કોઈપણ આદેશ સંબંધિત પક્ષકારોનેતેમના વકીલ અથવા પ્રતિનિધિ કોર્ટરૂમમાં હાજર હોય તો તેની જાણ કરવામાં આવે છે. જો સંબંધિત પક્ષ કોર્ટરૂમમાં હાજર ન હોય, તો તે આદેશ ટાઈપ કરવામાં આવે છે, તપાસવામાં આવે છે અને ન્યાયાધીશ દ્વારા સહી કરવામાં આવે છે, ત્યારબાદ અરજદારોને જાણ કરવા માટે એક નકલ આપવામાં આવે છે. નિયમો અનુસાર, ઓર્ડરની જાણ સામાન્ય રીતે રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા કરવામાં આવે છે, પરંતુ તાકીદની બાબતોમાં, ઓર્ડરની નકલ ઈમેઈલ, વોટ્સએપ અથવા ફોન કૉલ દ્વારા સંચાર કરી શકાય છે.

સુપ્રીમ કોર્ટે માર્ચમાં ફાસ્ટર (’ફાસ્ટ એન્ડ સિક્યોર્ડ ટ્રાન્સમિશન ઓફ ઈલેક્ટ્રોનિક રેકોર્ડ્સ’) રેકોર્ડ સિસ્ટમ પણ શરૂ કરી છે, જેમાં તમામ રાજ્યોના ૧૮૮૩ અધિકારીઓ અને રાજ્યો અને જેલ સત્તાવાળાઓના ૭૩ નોડલ અધિકારીઓ માટે ઈમેલ આઈડી એકત્રિત કરવામાં આવ્યા છે, જેથી કોર્ટના આદેશો તરત જ સુનિશ્ચિત થઈ શકે. સંબંધિત અધિકારીઓને તાત્કાલિક જાણ કરવામાં આવે છે. આ સિસ્ટમ હેઠળ, જ્યારે કોર્ટ સત્રમાં હોય ત્યારે આ ઓર્ડર ટાઈપ કરવામાં આવે છે, રજિસ્ટ્રી અધિકારી દ્વારા સહી કરવામાં આવે છે અને સંબંધિત અધિકારીઓને ઈમેલ દ્વારા મોકલવામાં આવે છે. જો કે, અત્યાર સુધી, આ સિસ્ટમ ફક્ત ફોજદારી કેસોમાં જામીન અને તેના આદેશોના સંદેશાવ્યવહાર માટે લાગુ કરવામાં આવી રહી છે.

**જહાંગીરપુરી કેસમાં શું થયું ?**

બુધવારે, જ્યારે સીજેઆઈ સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો ત્યારે એનડીએમસી અથવા પોલીસ માટે કોઈ અધિકારી કે વકીલ હાજર ન હતા. આદેશની ટાઈપ કરેલી નકલ પણ અરજદારોને મોડે સુધી આપવામાં આવી ન હતી. ઈન્ડિયા ટુડે સાથે વાત કરતા, જમીયત ઉલેમા- એ-હિંદના વકીલ એમ.આર. શમશાદે જણાવ્યું હતું કે તેમણે એનડીએમસીના મેયર, જહાંગીરપુરીના એસએચઓ અને દિલ્હીના મુખ્ય સચિવને તેમના પોતાના લેટરહેડ ઉપર એક પત્ર મોકલ્યોહતો અને તેમને જાણ કરી હતી કે સ્થિતિ યથાવત્ રાખવાના આદેશો તપાસ કરવામાં આવેલ છે. સવારે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ ઈમેલ દ્વારા સંદેશાવ્યવહાર મોકલવામાં આવ્યો હતો. જો કે, ૧૨ વાગ્યા સુધી, ડિમોલિશન ચાલુ રહ્યું હતું, સ્થળ ઉપર હાજર અધિકારીઓએ ઈન્ડિયા ટુડેને નિવેદન આપ્યું હતું કે તેમને કોર્ટના આદેશ અંગે કોઈ સંદેશાવ્યવહાર મળ્યો નથી. સુપ્રીમ કોર્ટે સેક્રેટરી જનરલના કાર્યાલયને ૧૨:૧૫ વાગ્યે એનડીએમસી અને પોલીસને જાણ કરવાનો નિર્દેશ આપ્યા પછી જ ડિમોલિશનની ઝુંબેશ અટકાવી દેવામાં આવી હતી.

**નિષ્ણાંતો શું કહે છે ?**

નિષ્ણાતો એમ પણ કહે છે કે સામાન્ય રીતે, જો અધિકારીઓને મીડિયા સહિત કોઈપણ રીતે જાણ કરવામાં આવે છે કે કોર્ટ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે, તો આવી માહિતી સાચી છે કે નહીં તે ચકાસવાની જવાબદારી પણ તેમની જ હોયછે. એવી પરિસ્થિતિમાં કે જ્યાં કોઈને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થઈ શકે છે, તો તે ખાતરી કરવી એ હાજર અધિકારીની જવાબદારી છે કે માહિતીની ચકાસણી કરવામાં આવે. તેઓ કાયદા અધિકારીઓ અથવા સુપ્રીમ કોર્ટના સ્ટેન્ડિંગ કાઉન્સેલને કોઈ આદેશ છે કે કેમ તે ચકાસવા માટે કહી શકે છે. અદાલતોએ "તાકીદની" બાબતો જેમ કે ડિમોલિશન, બેદખલ, હેબિયસ કોર્પસ અર્ આગોતરા જામીન માટે પણ એક ચોક્કસ સિસ્ટમ તૈયાર કરી છે, જ્યારે કોર્ટ સત્ર ચાલુ ન હોય ત્યારે સાંજ કે રાત્રિના સમયે પણ તે આદેશ જારી કરી શકાય છે. સુપ્રીમ કોર્ટના નિયમો અનુસાર, ડિમોલિશન/બેદખલી જેવા કેસનો ઉલ્લેખ ફોન દ્વારા રજિસ્ટ્રી અધિકારીઓ સમક્ષ કરી શકાય છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તાકીદની બાબતોમાં ફોન અથવા વાયરલેસ દ્વારા પણ માહિતી મોકલી શકાય છે. જો કે, સિવિલ કેસ કરતાં ફોજદારી કેસોની પ્રક્રિયાને વધુ તાકીદની ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે, યાકુબ મેમણ મૃત્યુદંડના કેસમાં સર્વોચ્ચ અદાલત દ્વારા મૃત્યુદંડની સજા સામેની અરજીને નકારી કાઢવા અંગેની વાતચીત જેલ સત્તાવાળાઓને વાયરલેસ દ્વારા કરવામાં આવી હતી. નિર્ભયા બળાત્કાર કેસમાં પણ જેલ અધિકારીઓને ફોન અને ફેક્સ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

# ભિક્ષુક તથા છૂટક મજૂરી કરતા વર્ગના બાળકોના શિક્ષણ માટે શરૂ કરાયેલી સિગ્નલ શાળાની મુલાકાત લેતા ચીફ જસ્ટિસ

અમદાવાદ, તા.૨૨

અમદાવાદના અલગ-અલગ વિસ્તારમાં ભિક્ષુક તથા છૂટક મજૂરી કરતા વર્ગના બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવી શકે તે માટે શરૂ કરાયેલી સિગ્લન શાળાની મુલાકાત ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અરવિંદકુમાર અને વરિષ્ઠ ન્યાયમૂર્તિ જસ્ટિસ આર.એમ. છાયાએ લીધી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ એથોરિટીના સંયુક્ત ઉપક્રમે શરૂ કરવામાં આ શાળાની પરિસ્થિતિનો તાગ મેળવ્યોહતો. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ અને મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ શહેરના જુદા-જુદા સિગ્નલ ઉપર ભીખ માંગતા બાળકોને ‘ભિક્ષા નહીં શિક્ષા’ અંતર્ગત સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ માર્ચ મહિનામાં લોન્ચ કરવામાં આવેલ હતો. ગુજરાત રાજયમાં સૌપ્રથમ વખત શરૂ થયેલા આ અનોખા સામાજિક સમરસતા તથા સામાજિક સંવેદના ઊભા કરવાના વિશિષ્ટ અભિગમ સાથેના પ્રયાસમાં દસ બસો અને પ્રત્યેક બસમાં બે શિક્ષકો દ્વારા અમદાવાદ શહેરના જુદા-જુદા લોકેશન ઉપર બાળકોને શિક્ષણ આપવામાં આવી રહેલ છે.

સદર સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટમાં બાળકોને આપવામાં આવી રહેલ શિક્ષણની વ્યવસ્થા જોવા તેમજ બાળકોએ એકાદ માસમાં કેટલું શિક્ષણ અર્જિત કરેલ છે તથા તેઓના અભ્યાસ દરમ્યાન તેઓ કેટલું શીખી શક્યા છે અંગેની જાણકારી મેળવવા ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અરવિંદકુમાર કે જેઓ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના પેટ્રોનઈન ચીફ છે તેમજ ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયમૂર્તિ જસ્ટિસ આર.એમ.છાયા કે જેઓ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ છે તેઓએ સિગ્નલ સ્કૂલની સ્થળ મુલાકાત લીધી હતી. તેઓએ સ્થળ ઉપર લીધેલ મુલાકાત દરમ્યાન બાળકોએ શિક્ષણ પ્રાપ્ત કરેલ છે તે બિરદાવ્યું હતું તથા સદર બાળકોને આગામી વેકેશન દરમ્યાન પણ સવારના વહેલા શિક્ષણ આપવા અનુરોધ કર્યો હતો તથા આ બાળકોની કસોટી લઈ જે બાળકો સારી રીતે શિક્ષણ મેળવી શક્યા છે તેઓને આગામી જૂન માસથી નિયમિત શાળામાં દાખલ કરાવી યોગ્ય શિક્ષણ પુરૂં પાડવા અનુરોધ કર્યો હતો.

ન્યાયમૂર્તિઓ દ્વારા તેઓની મુલાકાત દરમ્યાન બાળકોને પ્રોત્સાહન મળી રહે તે માટે પૌષ્ટિક સૂકા નાસ્તાનું વિતરણ પણ કર્યું હતું તથા બાળકો જીવનમાં સારૂં શિક્ષણ મેળવી ઉત્તરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવેલ. જસ્ટિસ અરવિંદકુમાર અને જસ્ટિસ છાયાએ આ શાળાનીની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ તેમજ પ્રોજેક્ટ સાથે જોડાયેલા શિક્ષકો અને કર્મચારીઓને સારી કામગીરી કરી શકે તે માટે પ્રોત્સાહન આપ્યું હતું. પ્રોજેક્ટ શરૂ કર્યા બાદ હકીકતમાં જેનું અમલીકરણ કઈ સ્થિતિમાં છે, તેનું નિરીક્ષણ કરવા હકારાત્મક અભિગમથી બંને ન્યાયમૂર્તિઓ એસ.જી.હાઈવે પકવાન ચાર રસ્તા સ્થિત સિગ્નલ સ્કૂલ મૂકવામાં આવી છે. આ શાળા એક બસમાં ચલાવવામાં આવે છે. જેની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે વાત પણ કરી. ચીફ જસ્ટિસે વિદ્યાર્થીઓ અત્યાર સુધી શિખ્યા, તેમના અનુભવ અંગે પણ જાણકારી મેળવી. અમદાવાદના અલગ-અલગ વિસ્તારમાં ભિક્ષુક તથા છૂટક મજૂરી કરતા વર્ગના બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવી શકે છે. ૭ માર્ચ ૨૦૨૨ના રોજ મુખ્ય ન્યાયાધીશ અરવિંદકુમાર ઉપરાંત સુપ્રીમ કોર્ટના જજ તથા રાજ્યના મુખ્યમંત્રીની હાજરીમાં આ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી હતી. હાલ ૧૦ સિગ્નલ સ્કૂલમાં ૧૩૯ બાળકો ભણી રહ્યા છે. આ વિદ્યાર્થીઓ માટે ૫ હજારના બોન્ડ પણ આપવામાં આવ્યા છે. જેથી આ બાળકો ધો.૮ પૂર્ણ કરે ત્યારે તેમને ૫ હજારની આર્થિક સહાય આપવામાં આવશે.

# યુપી સરકારના આદેશ ઉપર મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ મંદિરના માઈક બંધ કરી દેવાયા

મથુરા તા.૨૨

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની અપીલ બાદ મથુરાના શ્રી કૃષ્ણ જન્મસ્થાન ઉપર લાઉડસ્પીકર બંધ કરી દેવામાં આવ્યા છે. થોડા સમય પહેલાં જ પોલીસ અધિકારીઓ સાથેની બેઠકમાં, સીએમ યોગીએ ધાર્મિક સ્થળો ઉપર લગાવેલા લાઉડસ્પીકરનો અવાજ પરિસરની બહાર ન જાય તે સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપી હતી, ત્યારબાદ મંદિર પ્રશાસને પોતે જ લાઉડસ્પીકર બંધ કરવાનો નિર્ણય લીધો હતો. અગાઉ શ્રી કૃષ્ણ જન્મસ્થળની આસપાસનો વિસ્તાર લાઉડ સ્પીકરથી ગુંજી ઉઠ્યો હતો. ભક્તો અને પ્રાદેશિક લોકો આ દ્વારા વિષ્ણુ સહસ્ત્રનામ અને મંગળા ચરણોનું પઠન સાંભળતા હતા. તમને જણાવી દઈએ કે શ્રી કૃષ્ણ જન્મભૂમિ મંદિરે મંગલચરણ આરતી દરમ્યાન દરરોજ ૫:૩૦થી ૬:૩૦ વાગ્યા વચ્ચે જોરશોરથી માઈક અને સ્પીકરનો ઉપયોગ કરવામાં આવતો હતો. તેનાથી અન્ય લોકોને ભારે તકલીફ થઈ રહી હતી અને તેના લીધે તંત્રએ આદેશનું પાલન કરતા માઈક બંધ કરવાનો નિર્ણય લીધો છે. ગૌતમ બુદ્ધ નગર પોલીસ સ્ટેશનથી આશરે ૯૦૦ ધાર્મિક સ્થળોને આ મામલે નોટિસ મોકલવામાં આવી હતી. તેમાં મંદિરો અને મસ્જિદોના લાઉડસ્પીકર પણ સામેલ હતા.

# પોલીસને સગીરાઓને શોધવાની તાલીમ આપો અથવા તો લગ્નની ઉંમર વધારવા કાયદો બનાવો : હાઈકોર્ટની ટકોર

**સગીરા હોય ત્યારે ગુમ થાય છે અને પછી પોલીસ શોધી શકતી નથી, ઘણીવાર સગીરા મળી આવે ત્યારે તે પુખ્ત વયની થઈ ગઈ હોવાથી કોર્ટ પણ કંઈ કરી શકતી નથી, આથી ઝડપી તપાસ કરવાનો હાઈકોર્ટનો મત**

અમદાવાદ, તા.૨૨

રાજકોટથી ગુમ થયેલી ૧૪ વર્ષની સગીરાને ગુમ થયાના ચાર વર્ષ થયા હોવા છતાં તેને પોલીસ શોધી નહીં શકતા હાઈકોર્ટે ગંભીર ટકોર કરી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, જો પોલીસ સગીરાને ઝડપથી શોધી ન શકતી હોય તો સંસદમાં છોકરીની લગ્નની ઉંમર વધારવા નિર્ણય લો અથવા પોલીસને સગીરાને શોધવા યોગ્ય કામગીરી અથવા તો પધ્ધતી અપનાવતા શીખવો. આ સાથે ગુમ થયેલી છોકરીને રાજકોટ પોલીસ શોધી નહીં શકતા હાઈકોર્ટે નારાજગી દર્શાવી હતી અને કેસમાં પોક્સોનો ગુનો બનતો હોવાથી કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપી હતી. કોઈ પણ સંજોગોમાં આંતરરાજયોની પોલીસની મદદથી પણ છોકરીને શોધી લાવવા કોર્ટે ટકોર કરી હતી અને કેસની સુનાવણી તા.૫ મેના રોજ રાખી હતી. કેસની વિગતો મુજબ ચાર વર્ષ પહેલા રાજકોટથી ગુમ થયેલી એક સગીરાને શોધવા તેના પિતરાઈ ભાઈએ હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ કરી હતર્ અરજીમાં રજૂઆત કરાઈ હતી કે, તેની પીતિરાઈ બહેન ચાર વર્ષ પહેલાં ૧૪ વર્ષની હતી ત્યારે ગુમ થઈ હતી, જેનો આજદિન સુધી પત્તો મળ્યો નથી. આ કેસમાં હાઈકોર્ટે સરકારને તપાસની વિગતો પુછતાં તેમણે અહેવાલ રજૂ કર્યો હતો કે, સગીરા હવે પુખ્ત થઈ ગઈ છે અને છેલ્લે હરિદ્વારમાં હોવાની માહિતી છે. પોલીસની ધીમી ગતિની તપાસ સામે હાઈકોર્ટે સખ્ત નારાજગી બતાવી હતી અને ટકોર કરી હતી કે, સગીરા હોય ત્યારે પોલીસ તેનેશોધી શકત પુખ્ત થતાં તેનો પત્તો મળે છે, આવું લગભગ રોજેરોજ બની રહ્યું છે. જો પોલીસ સગીરાને ઝડપથી શોધી ન શકતી હોય તો સંસદમાં છોકરીની લગ્નની ઉંમર વધારવા નિર્ણય લો અથવા પોલીસને સગીરાને શોધવા યોગ્ય કાર્ય પદ્ધતિ શીખવો. ચાર વર્ષ અગાઉ રાજકોટથી ગુમ થયેલી સગીરાને શોધવા ગુજરાત હાઈકોર્ટમાં હેબિયસ કોપર્ કરવામાં આવી હતી પરંતુ પોલીસ તેને શોધી નહીં શકતા હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. હાઈકોર્ટે વધુમાં એવી ઝાટકણી કાઢી હતી કે, રોજેરોજ એવા કેસ આવે છે કે, સગીરા ગુમ થઈ હોય અને પુખ્ત બને ત્યાં સુધી પોલીસ તેને શોધી શકતી નથી. દરેકે-દરેક વાહનો તપાસો, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરો પણ સગીરાને પુખ્ત થાય તે પહેલાં શોધી કાઢો. જો ઝડપથી ન શોધી શકો તો પાર્લામેન્ટમાં કાયદાનો સુધારો કરો અને નહિતર પોલીસ યોગ્ય મિકેનિઝમ ગોઠવે. હાઈકોર્ટે પોલીસને એવા સવાલો કર્યા હતા કે, ગુમ થયેલી સગીરાને શોધવા તમે મોબાઈલ ફોન ટ્રેસ કરો છો ? બીજા શું પગલાં લીધા ? પોલીસે જવાબ આપ્યો હતો કે, હરિદ્વાર પોલીસ તરફથી જાણવા મળ્યું હતું કે સગીરા છેલ્લે હરિદ્વારમાં સાધુ-સંતો સાથે જોવા મળી હતી. લોકડાઉન દરમ્યાન તે કોઈ અજાણ્યા યુવક સાથે જોવા મળી હતી. કોર્ટે પોલીસને ટકોર કરી કે, તમને ખબર છે ? જ્યારે સગીરા ગુમ થઈ તે પહેલાં તેની સાથે દુષ્કર્મ થયું હતું. દુષ્કર્મ બાદ તે ગુમ થઈ ગઈ છે. મોટાભાગના કેસમાં સગીરા લગ્ન કરીને બાળકો થઈ જાય પછી પોલીસ શોધી લાવે છે ત્યારે તે પુખ્ત થઈ ગઈ હોય છે, તેથી કોર્ટ પણ કંઈ કરી શકતી નથી. છેવટે તો જાહેર નાણાંનો વ્યય થાય છે.

# ૯ પ્રકારના પાસવર્ડ હેકિંગ એટેક થતાં હોય છે તેને કઈ રીતે ટાળવા ?

નવી દિલ્હી તા.૨૨

આ ડિજીટલ યુગમાં હેકર્સ પાસવર્ડ ક્રેક કરીને સાઈબર હુમલા કરતાં હોય છે. ખાસ કરીને અત્રે ૯ સૌથી સામાન્ય પ્રકારના પાસવર્ડ છે જે હેકીંગ એટેકનો ભોગ બને છે અને તેને કઈ રીતે નિવારી શકાય તે જાણવું જોઈએ. પાસવર્ડ એટેક એ આમ તો અનુમાનની રમત છે કે જેમાં હેકર હેકિંગ સોફ્ટવેરનો ઉપયોગ કરીને પાસવર્ડના જુદા જુદા કોમ્બિનેશનનો પ્રયોગ કરે છે અને છેલ્લે આ રીતે પાસવર્ડ કે કોડ ક્રેક કરે છે. માટે દરેક ઓનલાઈન એકાઉન્ટ ઉપર કોઈ અદ્વિતીય પાસવર્ડ ઊભો કરીને આવા હેકિંગને નિવારી શકાય છે. આ એક પ્રકારનો હુમલો હોય છે જે તમારા ઓનલાઈન એકાઉન્ટ અને પ્રોફાઈલનો બ્રેક કરવા માટે ચોરાયેલ ક્રિડેન્શિયલનો ઉપયોગ કરે છે. આ માટે તમારે કોઈ શંકાસ્પદ લોગ ઈનનો પ્રયાસ નિવારવા માટે ઓનલાઈન એકાઉન્ટ્સ ઉપર બે પરિબળનું ઓથેન્ટિકેશન કરાવવું જોઈએ. પાસવર્ડ હેકર સોશિયલ એન્જિનિયરીંગ વેબસાઈટ ઊભી કરે છે જેની પાછળનો હેતુ યોગ્ય લોગ ઈન પાનાને જોવાનો હોય છે. આ સાઈબર અપરાધીઓ તમને ફેક લોગીન ફીલ્ડ મોકલે છે જે તમારા એકાઉન્ટને એક્સેસ આપશે નહીં. તે માત્ર તમે જે માહિતી ટાઈપ કરો તેનું રેકોર્ડિંગ કરે છે અને સાઈબર અપરાધીઓને ખરેખર જેની જરૂર હોય તે ડેટાર આપે છે. કી લોગર પાસવર્ડ એ એક પ્રકારનું સ્પાઈવેર હોય છે જેનો ઉપયોગ કી બોર્ડ ઉપર તમે જે કઈ ટાઈપ કરો છો તેને ટ્રેક અને રેકોર્ડ કરવા માટે થાય છે. હેકર્સ ઈરાદાપૂર્વક આ સોફ્ટવેરનો ગેરલાભ ઉઠાવીનો નિર્બળ ડિવાઈસને સંક્રમિત કરે છે અને ખાનગી માહિતીનું રેકોર્ડીંગ કરે છે. આ માટે વિશ્વાસપાત્ર કોમ્પ્રિહેન્સિવ એન્ટિ વાયરસ સોફ્ટવેર તમારા ડિવાઈસમાં મોકલી દેવાથી આ પ્રકારના હુમલાઓ નિવારી શકાશે.

# જૂનાગઢ પોલીસ દ્વારા બિનવારસી વાહનોની હરરાજી કરાઈ : રૂા.૪૬ લાખ સરકારમાં જમાં કરાવ્યા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢ જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં અલગ અલગ ગુન્હાના કામે, ડિટેઈન કરેલા વાહનો, બિનવારસી કબજે કરવામાં આવેલ વાહનો ઘણા સમયથી કોઈ માલિક વાહન પરત લેવા માટે આવતા નથી તેમજ છોડાવવા પણ આવતા નથી. જેથી પોલીસ સ્ટેશનોમાં વાહનોનો ભરાવો થઈ જાય છે અને બિન ઉપયોગી બની જતા હોય છે.

જૂનાગઢ જિલ્લાના પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા આવા એકત્રિત થયેલા વાહનોના નિકાલ કરવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવા માટે તમામ થાણા અમાલદારોને સૂચનાઓ કરવામાં આવેલ છે. જે સૂચના આધારે પડતર વાહનોના નિકાલ કરવાની ઝુંબેશ ના ભાગરૂપે જૂનાગઢ ડિવિઝન ના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એ ડિવિઝન પોલીસ સ્ટેશન, સી ડિવિઝન પોલીસ સ્ટેશન, ભવનાથ પોલીસ સ્ટેશન, વિસાવદર પોલીસ સ્ટેશન, બી ડિવિઝનપોલીસ સ્ટેશન, તાલુકા પોલીસ સ્ટેશન તેમજ ટ્રાફિક શાખામાં પડેલ જૂના કુલ ૬૮૭ વાહનોની હરરાજી કરી કુલ રૂા. ૪૫,૮૧,૨૮૦/- આશરે ૪૬ લાખ જીએસટી સહિત સરકારશ્રીમાં જમાં કરાવવામાં આવેલ છે.

જૂનાગઢ જિલ્લાના પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા આપવામાં આવેલ સૂચના આધારે જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ ડિવિઝનના બીલખા પોલીસ સ્ટેશન ખાતેના કુલ ૯૭ વાહનો (મોટર સાયકલ), મેંદરડા પોલીસ સ્ટેશન ખાતેના કુલ વાહનો ૭૯ (૭૫ મોટરસાયકલ, ૦૨ ફોર વ્હીલ, ૦૨ રિક્ષા) તથા ભેસાણ પોલીસ સ્ટેશન ખાતે કબજે કરવામાં આવેલ કુલ ૭૪ વાહનો (૭૧ મોટર સાયકલ, ૦૧ ફોર વ્હીલ, ૦૨ રિક્ષા) બાબતે માલિકો દ્વારા પોતાના વાહનો છોડાવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ના હોય તેવા વાહનોના હરરાજીના હુકમો મેળવી, તમામ કાર્યવાહી પૂર્ણ કરી, બીલખા પોલીસ સ્ટેશનના વાહનોની તા.૨૫.૪.૨૨, મેંદરડા પોલીસ સ્ટેશનના વાહનોની તા. ૩૦.૦૪.૨૦૨૨ તથા ભેસાણ પોલીસ સ્ટેશનના વાહનોની તા. ૦૫.૦૫.૨૦૨૨ ના રોજ હરરાજી કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કુલ ત્રણ પોલીસ સ્ટેશનના વાહનોની હરરાજી હોઈ, રસ ધરાવતા વેપારીઓએ ત્રણેય પોલીસસ્ટેશનખાતે અલગ અલગ રૂ. ૫૦,૦૦૦/- ડિપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે.

જેથી, જૂનાગઢ ડિવિઝનના બીલખા પોલીસ સ્ટેશન, મેંદરડા પોલીસ સ્ટેશન તથા ભેસાણ પોલીસ સ્ટેશન ખાતે કબજે કરવામાં આવેલ કુલ ૨૫૦ વાહનોની અલગ અલગ દિવસોમાં ત્રણ હરરાજી મા રસ ધરાવતા લોકોએ બીલખા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.આર.વાજા (મો.૭૯૮૪૨-૦૮૬૦૦), મેંદરડા પોલીસ સ્ટેશન પીએસઆઈ કે.એમ.મોરી (મો.૯૭૨૩૪-૮૪૮૪૨) તથા ભેસાણ પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એમ.ગઢવી (મો. ૯૪૨૬૧-૩૯૫૬૫), ખાતે સંપર્ક કરવા પોલીસની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

# જૂનાગઢમાં જુની સિવીલ હોસ્પીટલની જગ્યા અસામાજીક તત્વોનો અડ્ડો બને તે પહેલા યોગ્ય કાર્યવાહી કરવા માંગ

## જૂનાગઢના જાગૃત નાગરીક અમૃતભાઈ દેસાઈએ કાયદામંત્રીને કરેલ રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢના જાગૃત નાગરીક અને અગ્રણી અમૃતભાઈ દેસાઈએ ગુજરાત સરકારના કાયદો અને ન્યાય વિભાગના મંત્રીશ્રીને એક વિસ્તૃત પત્ર પાઠવી નવા કોર્ટ ભવનની કામગીરી શરૂ કરવાની માંગ કરી છે. તેમજ જુની સરકારી હોસ્પીટલની ખાલી પડેલી જગ્યા અસામાજીકતત્વોનો અડ્ડો બની જાય તે પહેલા યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે. આપત્રમાં રજુઆત કરતા જણાવેલ છે કે, જૂનાગઢમાં નવા કોર્ટ ભવન માટે ઘણા સમયથી જુની સિવીલ હોસ્પીટલની જગ્યા ફાળવવામાં આવી છે પરંતુ આ જગ્યા ઉપર હજુ સુધી કોઈ કામ શરૂ થયેલ ન હોવાથી ધીરે ધીરે અસામાજીક તત્વો દ્વારા કબ્જો જમાવી દીધો છે અને સિવીલ હોસ્પીટલના ગેઈટની અંદર જ ખાણી-પીણીના ધંધા ઉભા કરી દેવાયા છે. વધુમાં શહેર મધ્યે આવેલ ખુબ મોટી વિશાળ જગ્યા સિવીલ હોસ્પીટલનું સ્થળાંતર થતા ખાલી પડનાર હતી ત્યારે જ આ વિશાળ જગ્યા ઉપર નવું કોર્ટ ભવન નિર્માણ પામે તે માટે રજુઆતો કરવામાં આવી હતી અને પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા પણ આ બાબતે સતત મોનીટરીંગ કરી સુચના આપવામાં આવી હતી. જેના પરિણામે ઘણા સમય પહેલા સિવીલ હોસ્પીટલની ખાલી પડેલી સરકારી જગ્યા ન્યાયાલય માટે ફાળવવામાં આવી હતી. પરંતુ હજુ સુધી કોઈ કામ શરૂ થયું નથી તેમજ સિક્યુરીટી વ્યવસ્થા પણ ન હોવાને કારણે આ જગ્યા ઉપર અસામાજીક તત્વો દ્વારા કબ્જો થઈ રહયો છે આ બાબતનો ધ્યાનમાં રાખી તાત્કાલીક આ વિશાળ જગ્યાને તૈયાર ઈન્ફ્રાસ્ટ્રકચરની દેખરેખ માટે સિકયુરીટી ગાર્ડ મુકવામાં આવે તે પણ ખુબ જરૂરી છે અને આ સરકારી જગ્યા ઉપર અસમાજીક તત્વોનો અડ્ડો બની જાય તે પહેલા કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

# જૂનાગઢ મહાનગરપાલિકાના કર્મચારીને અસરકર્તા વિવિધ પ્રશ્નોનો ઉકેલ લાવવા રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૨

મિશન કામદાર એકતા પરિષદના ઝોન ઈન્ચાર્જ પ્રવિણભાઈ ચુડાસમાએ મહાનાગરપાલિકાના કમિશ્નરનો એક પત્ર પાઠવી મહાનગરપાલિકાના કર્મચારીને અસરકર્તા પ્રશ્નોનો ઉકેલ લાવવાની માંગણી કરી છે. આ પત્રમાં રજુઆત કરતા જણાવેલ છે કે, કોન્ટ્રાકટ પ્રથા રદ કરી કોન્ટ્રાકટમાં કામ કરતા કામદારોને પંજાબની જેમ કાયમી કરવા તેમજ ત્રણ વર્ષ કરતા વધારે સમયથી કામ કરતા ફીકસ પગાર, રોજમદાર, કરાર આધારીત કર્મચારીઓને કાયમી કરવા, નવી પેન્શન યોજનાની જગ્યાએ જુની પેન્શન યોજનાનો અમલ કરવા, પાંચમાં-છઠ્ઠા અને સાતમા પગારપંચનું એરીયર્સ ચુકવવા તેમજ કર્મચારીને લેબર લોના કાયદા મુજબ પીએફઈએસઆઈ, બોનસ વિગેરેનો લાભ આપવા ઉપરાંત લઘુતમ વેતન ધારા મુજબ પગાર ચુકવવામાં આવે તેમજ કેન્દ્રના ધોરણે સાતમાં પગાર પંચના ભથ્થાની અમલવારી કરવામાં આવે, આ સાથે જ સમાન વેતનના નિયમનું પાલન કરવામાં આવે, જૂનાગઢ શહેરના રેલ્વે ફાટક ઓવરબ્રીજ બનાવવામાં આવે તેમજ જૂનાગઢ શહેર નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફીકેશનનું કામ કરવામાં આવે તેવા પ્રશ્નોની રજુઆત કરાઈ છે.

# અદાલતોમાં કેસનો ભરાવોઃ બિલાડીના ગળે ઘંટ બાંધે કોણ ?

(એજન્સી)

નવી દિલ્હી તા. ૨૨

ભારતની અદાલતોમાં કેસોના ભરાવા અને તેને પહોંચી વળવા માટે ન્યાયાધીશોની સંખ્યામાં ભારે ઘટનો મુદ્દો વારંવાર ચર્ચાતો રહ્યો છે. સંખ્યાબંધ વખત આ મામલે વિવિધ સ્તરો અને મંચોએ ચિંતા વ્યક્ત થતી રહે છે, પણ કમનસીબે કેસોનાં ગંજાવર ભારણના નિકાલ માટે કોઈ નક્કર યોજના અમલી બની શકી નથી. આ મુદ્દે તમામ મુખ્ય ન્યાયાધીશો તેમની ચિંતા વ્યક્ત કરી ચુક્યા છે. હાલના મુખ્ય ન્યાયમૂર્તિ એન.વી. રમણે તાજેતરમાં તેલંગાણા રાજ્યના ન્યાયપાલિકા અધિકારીઓની બેઠકમાં આ મુદ્દે પોતાની પીડા વ્યક્ત કરી છે. આ અગાઉ પણ તેઓ ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ ભરવા અને નવી જગ્યાઓ વધારવાની જરૂરતો પર ભાર મૂકી ચુક્યા છે. તેમણે તો અગાઉ એક પ્રસંગે સરકારની સામે કડક વલણ દર્શાવીને આ મુદ્દે પક્ષપાતભર્યાં અને ઢીલાશભર્યાં વલણની ટીકા કરી છે. હવે તેલંગાણાની બેઠકમાં તેમણે અદાલતોમાં જજોની ઓછી સંખ્યાને લીધે ન્યાયની પ્રક્રિયામાં આવતી તકલીફોની પણ વાત કરી છે. સંખ્યાબંધ વખત કહેવાઈ ચુક્યું છે કે, વિલંબથી અપાતો ન્યાય પણ અન્યાય જેટલો જ ગંભીર છે. પરિસ્થિતિની ગંભીરતાને સમજવા છતાં વિવિધ સરકારો દ્વારા આ મુદ્દે કોઈ ગંભીર કાર્યવાહી હાથ ધરાતી ન હોવાની બાબત દેશને માટે ભારે ચિંતા જગાવે છે. જોકે અદાલતો પાસે જે સંસાધનો ઉપલબ્ધ છે, તેનો મહત્તમ ઉપયોગ કરીને ન્યાયની પ્રક્રિયાને ઝડપી બનાવવાના તમામ પ્રયાસ થતા રહે છે. અગાઉની યુપીએ સરકારે જજોની ખાલી જગ્યાઓ ભરાઈ ન શકવાની સ્થિતિમાં નિવૃત્ત ન્યાયાધીશોની સેવાઓ લેવાની, અદાલતની કામગીરી બે પાળીમાં વહેંચવાની પહેલ કરી હતી. તેની હકારાત્મક અસર પણ અનુભવાઈ હતી, પણ અદાલતોની સામે કેસોનો પ્રવાહ એટલો બધો છે કે, આવી પહેલ તેની સામે વામણી સાબિત થઈ ચૂકી છે.



હાલત એવી છે કે, દરેક ન્યાયાધીશ જો રોજના ૧૦૦ કેસનો નિકાલ કરે તો પણ પડતર કેસોના બોજના ઉકેલ માટે વર્ષો નીકળી જાય તેમ છે. જેવી હાલત કેસોના નિકાલની છે, તેવી જ હાલત કાચા કામના કેદીઓની સુનાવણીની પણ છે. એવા સેંકડો કેદીઓ છે, જેમના કેસોની સુનાવણી વર્ષોથી અટકેલી પડી છે. તેઓ તેમના ગુનાની સજા કરતાં વધુ સમય જેલોમાં ગાળી ચુક્યા હોવાના ચોંકાવનારા કિસ્સા સામે આવતા રહે છે. આ બાબતે પણ સર્વોચ્ચ અદાલતે વારંવાર સ્વીકાર્યું છે કે, આવા કેદીઓના કેસોની સુનાવણી ઝડપભેર આટોપાવી જોઈએ, પણ સાક્ષીઓનાં નિવેદન અને પુરાવાનાં અવલોકન જેવી લંબાણભરી કાર્યવાહીને લીધે આ કેસોમાં અપાર વિલંબ થતો હોય છે. હાલત એવી થઈ છે કે, મોટાભાગની જેલોમાં હવે ક્ષમતા કરતાં વધુ કેદીઓ બંધ કરવા પડયા છે, જેમાં મોટાભાગના કાચાકામના હોય છે. ખરેખર તો સરકાર પણ આ ચિંતાજનક સ્થિતિનો સ્વીકાર કરતી રહે છે, ત્યારે ફરી એક વખત સરકાર અને ન્યાયતંત્રે સાથે મળીને આ ગંભીર સ્થિતિના કાયમી ઉકેલ માટે કોઈ નક્કર ઉપાયો શોધી કાઢવા જોઈએ. આ માટે જજોની સંખ્યા અને નિમણૂકો વધારવા ઉપરાંત કેસ ચલાવવાની બિનજરૂરી લંબાણભરી કાર્યવાહીને ટૂંકી કરવા માટે સંયુક્ત પ્રયાસ હાથ ધરવાનું અનિવાર્ય બની ગયું છે.

# રાજયમાં એજ્યુકેશનની કવોલિટી ચેક કરવા ૪૨૫ જેટલી કોલેજોમાં જીટીયુ ત્રાટકશે

## ખાસ એકસપર્ટ કમિટીની રચનાઃ આચાર્ય વગરની ટેક્નિકલ કોલેજોને ફટકારાશે દંડ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા. ૨૨

ગુજરાત રાજ્યની ડિગ્રી ડિપ્લોમા એન્જીનિયરિંગ અને ફાર્મસી કોલેજોમાં શૈક્ષણીક કાર્ય સુધરે તે માટે જીટીયુ એક્શનમાં આવી છે. જીટીયુ શૈક્ષણિક ગુણવત્તા ચકાસવા રાજયની ૪૨૫ કોલેજોમાં ઈન્સ્પેકશન હાથ ધરાશે. દરેક કોલેજોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફને ફરજીયાત હાજર રાખવા આદેશ કરવામાં આવ્યો છે. આ ઈન્સ્પેકશન માટે જીટીયુ દ્વારા એક કમિટી બનાવવામાં આવી છે. એન્જીનીયરીંગ કોલેજોની સુવિધાઓ એક્સપર્ટ કમિટી તપાસ કરશે. આચાર્ય નહીં હોય તેવી કોલેજોને દંડ ફટકારવામાં આવશે.

યોગ્ય સુવિધા ન ધરાવતી કોલેજો સામે એફિલેશન રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રો. નવીન શેઠએ જણાવ્યું કે જીટીયુ રાજ્યની સૌથી મોટી ટેકનોલોજીકલયુનિવરસિટી છે. દર વર્ષે કોલેજો પાસે સેલ્ફ ડિક્લોઝન એટલે કે કોલેજો પોતે જ બધી વિગતો ભરીને આપે છે. પછી અમે તે કોલેજનું ઈન્સ્પેકશન કરતા હોઈએછીએ. છેલ્લા બે વર્ષથી જ્યાં ઈન્સ્પેકશન થયા નથી જે કોલેજ એકરીડીયેટેડ નથી ત્યાં સૌથી



પહેલા ઈન્સ્પેકશન કરવામાં આવશે.

અત્યારે ૪૨૭માંથી ૨૫૦ જેટલી કોલેજોનું ઈન્સ્પેકશન થશે. સેલ્ફ ડિસ્કલોઝરમાં જે લખ્યું છે તેનું અમારી ટીમ ત્યાં જઈ વેરીફાય કરશે. સિનિયર અધ્યાપકો આ વેરિફિકેશન માટે જશે. ત્યારબાદ તેનો રિપોર્ટ તૈયાર થશે કે અમારી ડીન કમિટી સમક્ષ મુકવામાં આવશે. રિપોર્ટ અનુસાર જે કઈ ડીન કમીટી સુચવશે તે અનુસાર અમે પગલાં લઈશું. અમે સૂચના આપી છે કે ઈન્સ્પેકશનના દિવસે તમામ અધ્યાકોને હાજર રહેવા આદેશ કર્યો છે. હાજરી સહિતના ડોક્યુમેન્ટની પૂર્ણ ચકાસણી કરવાં આવશે. તમામ મુદ્દે ચકાસણી કરશે અને ખાસ કરીને જ્યાં આચાર્ય નહીં હોય તેની સામે અમે કડક પગલાં ભરીશું.

## • રમઝાન મુબારક •




### ૧૫. ઈશ્વરની પ્રસન્નતા-૧

માનવીની સફળતાનો એક અતિ મહત્ત્વપૂર્ણ આધાર આ છે કે તેનો શ્રષ્ટા, સ્વામી, પાલનહાર અને શાસક, પ્રભુ તેનાથી પ્રસન્ન થાય. એ પ્રભુ જે દુનિયાની બધી નેમતો (કૃપાઓ) નો પેદા કરનારો અને માલિક છે. જેના હાથમાં મનુષ્યનું ભાગ્ય અને તેની ઈજ્જત તેમજ નાલોશી (જિલ્લત) છે, જેના અધિકારમાં લોકો અને રાષ્ટ્રોનું ઉત્થાન અને પતન છે. માનવીને જે કાંઈ મળે છે તેના આપવાથી જ મળે છે અને તેના છીનવી લેવાથી છીનવાઈ જાય છે. તે જો કોઈ મનુષ્યને આપવા ન ઈચ્છે તો કોઈ તેને આપી નથી શકતું અને જો તે કોઈને આપવા ઈચ્છે તો, તો કોઈ તેને વંચિત કરવાવાળો નથી. તે પ્રભુની પ્રસન્નતા સંસારમાં માનવીનો સૌથી મોટો સહારો તેમજ આત્માની શાંતિનો સૌથી મોટો શ્રોત છે.

ઈશ્વરની પ્રસન્નતા કેવી રીતે પ્રાપ્ત થશે? તેનો એક જ જવાબ છે અને તે આ કે આપણે વાસ્તવ તેની પ્રસન્નતાના ઈચ્છુક હોઈએ. આપણી બધી ભાગ-દોડનો મુખ્ય ઉદ્દેશ્ય તેને પ્રસન્ન કરવાનો હોય. આપણે દુનિયામાં એ જ કાર્યો કરીએ, જેને આપણો પ્રભુ પસંદ કરતો હોય અને એવા કાર્યોથી દુર ભાગીએ જેને તે પસંદ ના કરતો હોય. અર્થાત આપણે આપણા જીવનને તેની પ્રસન્નતા અને દીન (જીવન સિદ્ધાંત)ના બીબામાં ઢાળીએ, જે મનુષ્યની સાંસારિક સફળતા અને પારલૌકિક મુક્તિની બાંહેધરી છે.પવિત્ર કુર્આનમાં કહેવામા આવ્યું છેઃ “ હે નબી! લોકોને કહી દો,”જો તમે ખરેખર અલ્લાહને પ્રેમ કરતાં હોવ તો મારું અનુસરણ કરો, અલ્લાહ તમારા સાથે પ્રેમ કરશે અને તમારી ભૂલોને માફ કરી દેશે. તે મોટો ક્ષમા આપનાર અને દયાળુ છે.” (૩:૩૨)

### ૧૬. ઈશ્વરની પ્રસન્નતા-૨

પ્રશ્ન આ ઉત્પન્ન થાય છે કે ઈશ્વરીય ધર્મ અંતે છે ક્યાં ? અહીંયા આવીને સામાન્ય માનવી મુશ્કેલીમાં પડી જાય છે. તે જુએ છે કે સંસારમાં અને તેના પોતાના દેશમાં જે ધર્મ જોવા મળે છે, તેમાંથી દરેક પોતાને સત્ય ઘોષિત કરે છે. માનવી તેમાંથી કોને સત્ય અને ઈશ્વરીય ધર્મ સ્વીકાર કરે. કેટલાક લોકો ધર્મના આ જંગલને જોઈને ધર્મનો જ ઈનકાર કરી દે છે અને ઈશ્વરથી સ્વતંત્ર થઈને જીવન વ્યતીત કરવામાં પોતાની સુરક્ષા સમજે છે. પરંતુ ઈશ્વર વિનાનો માર્ગ સફળતાનો માર્ગ નથી, જાહેર નિષ્ફળતા અને તબાહીનો માર્ગ છે અને સત્ય આ છે કે ઈશ્વરના ઈક્રાર અને ભૌતિકવાદને માટે હવે કોઈ આધાર બાકી નથી.વિજ્ઞાનની નવીનતમ શોધો અને માનવીય અનુભવો અને વિચારોએ વાસ્તવિકતાના ઈક્રારને અસંભવ બનાવી દીધા છે. બધા જ આધાર ધરાશાયી થઈ ગયા છે અને ઈશ્વરનો ઈક્રાર વિજ્ઞાન, બુધ્ધી, અનુભવ, દરેક વસ્તુનો ઈક્રાર છે.

કેટલાક લોકો આ ઝંઝટથી બચવાને માટે આ સલાહ આપે છે કે જે રીતે મનુષ્યનું મન ઈચ્છે તે રીતે તે ઈશ્વરથી મન લગાવે અને પોતાના અંતરાત્માના અવાજનું પાલન કરે. પરંતુ પ્રથમ વાત તો આ છે કે અંતરાત્માનો અવાજ ખૂબ જ ધીમો હોય છે, જેને દરેક વ્યક્તિ સાંભળી નથી શકતી, બીજું આ અવાજ એક-બીજાથી ભિન્ન પણ હોઈ શકે છે અને સાથે જ તે મનુષ્યની પોતાની ઈચ્છાઓ, વિચારો અને અનુમાનોથી પ્રભાવિત પણ થાય છે. આ રીતે આ તો ઈશ્વરની નહિ પોતાની ઈચ્છા મુજબ ચાલવું થયું. આ ઈશ્વરના ધર્મ અને તેના વિધાન નહિ, પોતાના વિચારો અને અનુમાનોનું અનુસરણ થયું. ઈશ્વર પોતાના સર્વશ્રેષ્ઠ બંદાઓ દ્વારા પોતાની ઈચ્છાથી મનુષ્યને અવગત કરાવતો રહે છે અને પોતાના સંદેશવાહકો દ્વારા પોતાનો ધર્મ માનવજાતિ સુધી પહોંચાડતો રહે છે. કુર્આનમાં કહેવામા આવ્યું છે કે : “સ્પષ્ટપણે કહી દો કે આ સત્ય છે તમારા રબ તરફથી, હવે જેનું મન ચાહે માની લે અને જેનું મન ચાહે ઈનકાર કરી દે. અમે ઈનકાર કરનારા જાલિમો માટે એક આગ તૈયાર કરી રાખી છે.” (૧૮:૨૯)

– ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

(કોન્ટેકટ નંબર : ૯૭૨૭૨૧૦૭૬૮)

# દર્દીના મોત માટે તબીબની બેદરકારી જવાબદાર ગણી શકાય નહીંઃ સુપ્રીમ કોર્ટ

## જરૂરી કૌશલ્ય ન હોય અથવા તેનો વાજબી ઉપયોગ ન કર્યો હોય તો જ બેદરકારી ગણાય

(એજન્સી)

નવી દિલ્હી તા. ૨૨

સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું કે માત્ર ડોક્ટરો દર્દીને બચાવી શક્યા ન હોવાથી, તેમને તેણીને તબીબી બેદરકારી માટે જવાબદાર ઠેરવી શકાય નહીં.

ન્યાયમૂર્તિ અજય રસ્તોગી અને અભય એસ. ઓકાની બનેલી બેન્ચે અવલોકન કર્યું હતું કે, ડોકટરો પાસેથી વાજબી કાળજી લેવાની અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ કોઈ પણ વ્યાવસાયિક ખાતરી આપી શકતું નથી કે દર્દી કટોકટીમાંથી બહાર નીકળીને ઘરે પાછો આવશે. કોર્ટે ઉમેર્યું હતું કે જવાબદારી ફક્ત ત્યારે જ આવશે જો કોઈ વ્યક્તિ (ડોક્ટર) પાસે આવશ્યક કૌશલ્યો ન હોય જે તેણે લીધા હોવાનો દાવો કર્યો હતો; અથવા તેણે આપેલ કિસ્સામાં તેની પાસે જે કૌશલ્ય હતું તે વાજબી યોગ્યતાનો ઉપયોગ કર્યો ન હતો.

આ કિસ્સામાં, એક મહિલાએ નેશનલ કન્ઝયુમર ડિસ્પ્યુટ રિડ્રેસલ કમિશનનો સંપર્ક કર્યો અને આરોપ લગાવ્યો કે તેના પતિનું મૃત્યુ પોસ્ટ ઓપરેટિવ મેડિકલ બેદરકારીના કારણે થયું છે. તેણીએ સારવાર કરતા ડોકટરો અને હોસ્પિટલની બેદરકારીને જવાબદાર ગણાવી અને કુલ રૂા.૯૫,૧૬,૧૭૪.૩૩/- ની કુલ રકમ માટે વિશેષ નુકસાન/સામાન્ય નુકસાનનો દાવો કર્યો. આયોગે માત્ર એટલું જ કહીને ફરિયાદને ફગાવી દીધી હતી. કારણ કે તેમની લાંબી માંદગી પછી તબીબોની નિષ્ણાત ટીમ તેમને બચાવી શકી ન હતી અને ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૬ના રોજ તેમનું અવસાન થયું હતું કે જે પોતે પોસ્ટ ઓપરેટિવ મેડિકલ બેદરકારીનો મામલો ગણી શકાય નહીં.

# ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ ફેઈમ જેઠાલાલ ગડા ચોટીલાના પ્રવાસે, જલારામ મંદિરની મુલાકાત લીધી



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૨૨

ઘરે ઘરે જોવાતી સિરિયલ તારક મહેતાના ઉલ્ટા ચશ્માનું મુખ્ય પાત્ર એવા જેઠાલાલ અને રીયલલાઈફના તેમના ધર્મપત્ની એ ગઈ કાલે ચોટીલામાં ટૂકુ રોકાણ કરી શિવપૂજન કરતા ચાહકો ઉમટી પડ્યા હતાં. ચોટીલા રાજકોટ નેશનલ હાઈવે પર આવેલ જલારામ મંદિર ખાતે મંગળવારના જેઠાલાલ ગડા ના પાત્ર થી ટીવી દર્શકોમાં ઘેરઘેર જાણીતા બનેલ ટીવી સ્ટાર દિલીપ જોશી અને તેમના પત્ની જયમાલા જોશીએ ચોટીલા જલારામ મંદિરે ટુકુ રોકાણ કર્યું હતું. જાણીતા કલાકાર જલાબાપાના ભકતનું પૂના આણંદી જલારામ સત્સંગ મંડળ વતી ટ્રસ્ટી દામજીભાઈ પટેલ, મંદિરના મેનેજર રાજુભાઈ રાજપુત સહિતનાએ ખેસ અને બાપાની પ્રતિમા આપી સ્વાગત કરેલ. ચોટીલા જલારામ મંદિરે ટીવી સ્ટાર અને તેમના પત્ની એ મંદિરમાં બિરાજમાન દેવી દેવતાના ભાવ પુર્વક દર્શન સાથે ખાસ શિવ પુજનનો લ્હાવો લઈ ભોજનાલયમાં બાપા નો ભોજન પ્રસાદ આરોગી ધન્યતા અનુભવી હતી. જેઠાલાલ જલારામ મંદિરે આવ્યા ની વાત વાયુવેગે પ્રસરતા શહેરમાં રહેલ ચાહકો જલારામ મંદિરે ઉમટ્યા હતા.

જાણવા મલ્યા મુજબ તેમના વતન પોરબંદર થી બાય રોડ અમદાવાદ ખાતે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પુત્રના રીશેપ્સનમાં જવા માટે નિકળ્યા હતા અને સમય ની અનુકૂળતા હોવા થી ચોટીલા જલારામ મંદિરે ટૂંકું રોકાણ કર્યું હતું.

# ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ-રાજકોટ અને આયુધ પબ્લીકેશન-ભાવનગર દ્વારા આયોજિત એક દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ સંપન્ન : ૩૪૪ પ્રાધ્યાપકો અને સંશોધકોએ ભાગ લીધો





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૨

ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ દ્વારા તા.૨૦-૪-૨૦૨૨ ના રોજ એક દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલું હતું. જેનો મુખ્ય વિષય **'One Day Online International Conference on "Your Discipline, Your Issues in Contemporary Era"** જેમાં કુલ મળીને ૩૪૪ જેટલા સહભાગીઓએ ભાગ લીધો હતો અને ૨૬૦ જેટલા ગુણવતાયુકત પેપર પ્રકાશિત કરવામાં આવશે. ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજના આચાર્ય એ.એસ. રાઠોડના માર્ગદર્શનમાં અને ડો. ભાવેશ બી. કાછડીયાના સફળ નેતૃત્વમાં સમગ્ર ટીમ દ્વારા એક દિવસીય આંતરાષ્ટ્રીય કોન્ફરન્સના આયોજનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. આ એક દિવસીય આંતરાષ્ટ્રીય કોન્ફરન્સના ઉદ્‌ઘાટન સમારોહના મુખ્ય અતિથિ રાજકોટના મેયર ડો. પ્રદીપ ડવ હતા. તેમજ આ ઉદ્‌ઘાટન સમારોહના અધ્યક્ષ સંયુકત શિક્ષણ કમિશ્નર નારાયણ માધુ હતા, કીનોટ સ્પિકર આંતરરાષ્ટ્રીય કવિયત્રી ડો. ઉષા ઉપાધ્યાય (અમેરિકા) હતા. તેમજ પ્લેનેરી વક્તા ડો. અમિતા વાલ્મિકી (જુનજુનવાલા કોલેજ-મુંબઈ) તથા કશ્યપ રૈયાણી (પોર્ટુગલ) હતા. કવિયત્રી ડો. ઉષા ઉપાધ્યાય દ્વારા માતૃભાષાની મહત્તા વિષે વિસ્તૃત વ્યાખ્યાન આપેલું હતું. જયારે ડો. અમિતા વાલ્મીકિ દ્વારા નારીવાદ વિષે વિસ્તૃત અને ગહન ચિંતન રજૂ કરવામાં આવેલું હતું. કશ્યપ રૈયાણી દ્વારા ડેટા સાયન્સ વિષય ઉપર ગહન વકતવ્ય આપવામાં આવેલું હતું. આ કોન્ફરન્સમાં કુલ ૮ વિભાગમાં વિવિધ વિષયોના પેપરોને વિભાજીત કરી, સમાંતર આઠ વિભાગમાં, બહોળી સંખ્યામાં શોધાર્થી દ્વારા પેપરોનું વાંચન કરવામાં આવેલું હતું. આ વિભાગોના અધ્યક્ષ તરીકે વિવિધ યુનિવર્સિટીના તજજ્ઞોને આમંત્રિત કરવામાં આવેલ હતા. જેમાં યુનિવર્સિટી ઓફ બોમ્બેમાંથી નમિતા નીમ્બાલકર, ગુજરાત યુનિવર્સિટીમાંથી દ્યુતીબેન યાજ્ઞિક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર ભવનમાંથી ડો. સંજય પંડ્યા તથા કપુરિયા કોલેજ-કાલાવડમાંથી ડો. મુકેશ ભેસાણીયાને આમંત્રિત કરવામાં આવેલ હતા. આ એકદિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં સમાપન સત્રના અધ્યક્ષ ડો. ગિરીશ ભીમાણી (કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ) ટેકનિકલ કારણોસર હાજર ન રહી શકતા તેઓએ કોન્ફરન્સની સફળતા માટે શુભ સંદેશો પાઠવેલ હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજમાં વિવિધ સમિતિઓ બનાવવામાં આવી હતી. જેમાં જનસંપર્ક સમિતિમાં ડો. જિજ્ઞેશ કાચા, ડો. હાર્દિક ગોહિલ, ડો. ગિરીશ જાદવ, ડો. રાજેશ્રી વાઝા દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. વિવિધ સેશનનાં ઇન્ચાર્જ તરીકે ડો. જશ્મીના સારડા, ડો. હર્ષિદા જગોદડીયા, ડો. કલ્યાણી રાવલ, ડો. માલતી પાંડે, ડો. જયાબેન વાઢેળ, ડો. કિરણ વાડોદરીયા, ડો. રવિ ડેકાણી, પ્રો. રીતેશ પટેલ, હેમાંગી સોપારીયા, ડો. નેહલ જાની, પ્રો. હંસા ગુજરિયા દ્વારા વિશેષ રીતે કાર્યક્રમનું સફળ સંચાલન કરાયું હતું. કાર્યક્રમના સમાપનસત્ર વેળાએ ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજના આચાર્ય ડો. એ.એસ. રાઠોડ દ્વારા પ્રેરણાત્મક ઉદબોધન આપવામાં આવેલું હતું. સમગ્ર સેશન કાર્યક્રમોનું સફળ સંચાલન ડો. હેમલ વ્યાસ દ્વારા કરવામાં આવેલું હતું. સમગ્ર કોન્ફરસનું સુચારૂ સંચાલન ડો. ક્રિષ્ના દૈયા દ્વારા કરવામાં આવેલું હતું. સમગ્ર કોન્ફરેન્સ ડો. જીગ્નેશ ઉપાધ્યાયના વડપણ હેઠળ સંચાલિત થયેલી હતી. ગ્રંથપાલ હીનાબેન પરમાર, જયેશ વાલાણી ડો. કેતન બુહા અને ડો. શ્વેતા દવેના નિરીક્ષણમાં સમગ્ર કોન્ફરેન્સનું ટેકનીકલ સંચાલન થયેલું હતું. આ ઉપરાંત દરેક વિષયના પ્રાધ્યાપકો, અશ્વિન પુંજાની, ડો. શિરીષ ભારદ્વાજ, ડો. એફ.એફ. ખાન વગેરે દ્વારા ગુણવતા યુક્ત સંશોધનને એકત્રિત કરી પ્રકાશન માટે મોકલવામાં આવેલા આવશે. આ એક દિવસીય આંતરાષ્ટ્રીય કોન્ફરન્સના આયોજનને સફળ બનાવવા માટે કોલેજના વિદ્યાર્થીઓ જાદવ જયદીપ તથા ભલગામડિયા વિજય તથા માંડવી સાયન્સ કોલેજના ડો. દિલીપ કાટલીયા (માંડવી) તથા વિદ્યાર્થીઓ જય, વસીમ, ધવલ, તુલસી અને રાજદીપ તથા ભક્તરાજ દાદા ખાચર કોલેજના પ્રાધ્યાપક ડો. ભાવદીપ ચાવડા, ઠાકોર મુળવાજી કોલેજ કોટડા સાંગાણીના પ્રાધ્યાપક ડો. ઋષિરાજ વાઘેલા દ્વારા તકનીકી સહાય આપવામાં આવેલ હતી. આ સમગ્ર કોન્ફરન્સના આયોજનને સફળ થવા બદલ આચાર્ય દ્વારા સમગ્ર કોન્ફરન્સ ટીમને પ્રમાણપત્રો આપીને બિરદાવેલી હતી અને સમગ્ર કોલેજ પરિવારને અભિનંદન આપેલા હતા તથા આયુધ પ્રકાશનનો પણ આભાર માનેલો હતો. કોન્ફરન્સના કન્વિનર ડો. ભાવેશ કાછડીયા દ્વારા આ કોન્ફરન્સના પ્રમાણપત્રો આગામી પંદર દિવસમાં મોકલવામાં આવશે અને પ્રકાશિત જર્નલ સહભાગીઓના એડ્રેસ ઉપર આગામી દિવસોમાં મોકલવામાં આવશે તેની ઘોષણા કરવામાં આવી હતી. તેમજ આગામી સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને બીજી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવશે એવી આગોતરી જાહેરાત પણ કરવામાં આવી હતી.

# ડોળાસા ગામે આવેલ વિરાબાપાનાં મંદિરની જગ્યા છોડી બાયપાસ બનાવવા માંગ

(પ્રતિનિધિ દ્વારા)

ડોળાસા તા.૨૨

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે સોરઠી સંત તરીકે જાણીતા સંત વીરા ભગતનું ભવ્ય મંદિર આવેલું છે. સૂચિત ડોળાસા બાયપાસનું કામ પણ અંહિ જ થવાનું છે. જેમાં વિરાબાપાના મંદિરની જગ્યામાંજ હાઈવે રોડ બનશે. જે બાયપાસ મંદિરની જગ્યા છોડી થોડો દૂર બનાવવાની માંગ સાથે રજૂઆત કરવામાં આવી છે. ગીર-સોમનાથ જિલ્લા ભાજપના અનુ.જાતી મોરચાના પ્રમુખ માનસિંહભાઈ વાઘેલાએ સાંસદ રાજેશભાઈ ચુડાસમાને રજૂઆત કરી વિરાબાપાની જગ્યાથી થોડે દૂર બાયપાસ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. ડોળાસા સહિત કોડીનાર, ઉના, ગીરગઢડા, સુત્રાપાડા, વેરાવળ, તાલાલા તાલુકાઓમાં વીરાબાપામાં આસ્થા ધરાવતો વિશાળ માનવ સમુદાય વસે છે. લોકોની વીરાબાપા પ્રત્યેની અપાર શ્રદ્ધાને ધ્યાનમાં રાખી વીરાબાપાની જગ્યા છોડી દેવા વીરાભગત ભકતોની પણ માંગ સાથે નેશનલ હાઈવે ઓથોરીટીને અપીલ છે.

# માંગરોળમાં શ્રીમદ્‌ ભાગવત સપ્તાહનો પ્રારંભ

## મહાલક્ષ્મી સેવા ટ્રસ્ટ દ્વારા ભક્તિભાવ સાથે પોથી યાત્રા કાઢવામાં આવી



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૨

માંગરોળના આંગણે શ્રી મહાલક્ષ્મી સેવા ટ્રસ્ટ દ્વારા તા.૨૧ એપ્રિલથી ૨૭ એપ્રિલ ૨૦૨૨ દરમ્યાન વેરાઈ ફળીયામાં શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરેલ છે. જેમાં પોરબંદર સાંદિપની આશ્રમના છાત્ર રમેશભાઈ ઓઝાના શિષ્ય શિવકુમાર ઠાકર શાસ્ત્રી વ્યાસપીઠે બીરાજી સંગીતમય શૈલીમાં ભાગવત કથાનું રસપાન કરાવશે. માંગરોળ મહાલક્ષ્મી સેવા ટ્રસ્ટ દ્વારા અગાઉ કેટલાક ધાર્મીક કાર્યક્રમોની સફળતા બાદ આ ભકિતમય ભાગવત કથાનો ચતુર્થ આયોજન કરેલ છે. જેમાં દરરોજ બપોરે ૩ થી ૭ દરમ્યાન અલગ-અલગ ભકિતમય કાર્યક્રમો સાથે આસ્થાભેર ભાગવત સપ્તાહ યોજાશે. ત્યારે ગઈકાલે બપોરે ૨:૩૦ કલાકે માંગરોળ-બેનની હવેલી (દ્વારિકાધીશ હવેલી)થી ખુબ જ હર્ષોઉલ્લાસથી ઢોલ શરણાઈ સાથે પોથી યાત્રા કાઢવામાં આવી હતી. જે લીમડાચોક ખાતે ટ્રસ્ટના આગેવાનો સહિત બહોળી સંખ્યામાં ભાઈઓ-બહેનો દ્વારા રાસ લઈ ભક્તિભાવ સાથે પવિત્ર પોથી કથાના સ્થાન વ્યાસપીઠ સુધી પધરામણી કરી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો મંગલ પ્રારંભ કરાયો હતો. માંગરોળની ધર્મ પ્રેમી જનતાને પોતાના અમૂલ્ય સમય ભાગવત સપ્તાહમાં ફાળવવા મિત્ર મંડળો, ભાઈઓ-બહેનો બહોળી સંખ્યામાં પધારે તેવી મહાલક્ષ્મી મિત્ર મંડળ દ્વારા વિનંતીસહ અપીલ કરવામાં આવેલ છે.

# શ્રી રાજપુત કરણી સેના રાજયના હોદેદારોએ કેશોદ શહેરની મુલાકાત લીધી



(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૨

શ્રી રાજપૂત કરણી સેના દ્વારા આયોજિત એક્તા યાત્રાની તૈયારીના ભાગરૂપે કેશોદના આંગણે મુલાકાત લીધી હતી. આ તકે ઉપસ્થિત ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જે.પી. જાડેજા, પ્રદેશ મંત્રી સત્યરાજભાઈ ખાચર, જૂનાગઢ જિલ્લા અધ્યક્ષ ધમભા વાઘેલા, જિતુભા સોલંકી, હરપાલસિંહ પરમાર, રાજદીપસિંહ જાડેજા, કેશોદ તાલુકા અધ્યક્ષ પ્રતિપાલસિંહ રાયજાદા, મહામંત્રી અજયસિંહ, જયદીપસિંહ, મંત્રી બી.કે. રાયજાદા, સંરક્ષક સત્યજીતસિંહ રાયજાદા, પ્રધ્યુમનસિંહ રાયજાદા, હાજર રહેલ હતા.

# યાત્રાધામ દ્વારકામાં પૂજ્ય સંત શ્રી પ્રેમભિક્ષુજી મહારાજની પ૨ મી પુણ્યતિથીની ભવ્ય ઉજવણી કરવામાં આવી

## મહાઆરતી, પુષ્પાંજલિ, પ્રસાદ, બ્લડ ડોનેશન કેમ્પ સહિતના કાર્યક્રમો યોજાયા




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૨

ભારત સહિત વિશ્વભરમાં 'શ્રીરામ જય જય, જય જય રામ'નો મહામંત્ર ગૂજતો કરનાર સંત પ્રેમભિક્ષુજી મહારાજની પ૨મી પુણ્યતિથીની ભવ્ય ઉજવણી આજે અનેક સંકીર્તન મંદિરોમાં કરવામાં આવી હતી. ત્યારે દ્વારકામાં અખંડ હરિનામ સંકીર્તન મંદિર ખાતે પણ વિશેષ ઉજવણી કરવામાં આવી છે. આજે સંત પ્રેમભિક્ષુ મહારાજ દ્વારા સ્થાપિત સંકીર્તન મંદિર દ્વારકામાં બિહારી સંત પ્રેમભિક્ષુ મહારાજની પ૨મી પુણ્યતિથિની કરાઈ હતી. છેલ્લા પ૪ વર્ષથી સંકીર્તન મંદિરમાં 'શ્રીરામ, જય રામ, જય જય રામ' રામનામની ધૂન સતત ચાલતી જ રહે છે. આજે પ૫માં વર્ષે તે સંકીર્તન મંદિરમાં પ્રેમભિક્ષુ મહારાજની અને શ્રીરામની બપોરે ૧૨ કલાકે મહાઆરતી કરવામાં આવી હતી. સવારે અભિષેક અને પૂજન તેમજ બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજાયો હતો અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. પ્રેમભિક્ષુજી મહારાજને પુષ્પાંજલિ સહિતના આયોજનો દ્વારકા સંકીર્તન મંદિર તેમજ રામભક્તો દ્વારા કરવામાં આવ્યા હતા. રામભકતો એકસાથે લોહાણા મહાજન વાડી ખાતે પ્રભુપ્રસાદ લીધો હતો.

# ખંભાળિયા નજીક પખવાડિયાથી કુવામાં ખાબકેલી બિલાડીનું સફળ રેસ્ક્યુ



(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૨

ખંભાળિયા તાલુકાના પરોડીયા ગામના વાડી વિસ્તારમાં આવેલા એક કૂવામાં આજથી આશરે બે સપ્તાહ પૂર્વે એક બિલાડુ પડી જતા આ અંગે સ્થાનિક રહીશો દ્વારા અહીંના એનિમલ કેર ગ્રુપના કાર્યકરોને જાણ કરવામાં આવી હતી. આથી એનિમલ કેર ગ્રુપના સેવાભાવી કાર્યકર દેશુરભાઈ ધમા તથા તેમની ટીમ તાત્કાલિક આ સ્થળે દોડી ગયા હતા અને કૂવામાં ખાબકેલી બિલાડીને બે કલાકની જહેમત બાદ સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવી હતી. બાદમાં તેને ખુલ્લા વિસ્તારમાં છોડી મૂકવામાં આવી હતી. આ માટે દેસુરભાઈ ધમા સાથે પૂર્વ ફૌજી સંજીવકુમાર, રામદે ગઢવી, રવિ વકાતર પણ જોડાયા હતા.

# ભાણવડ તાલુકાના મોડપર મુકામે આવતીકાલે કોટેચા પરિવારનો હવન

(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાબેના મોડપર (ગઢવારૂ) ગામે આગામી શનિવાર તારીખ ૨૩ના રોજ રઘુવંશી જ્ઞાતીના સમસ્ત કોટેચા પરીવારના પૂજનીય વિર વછરાજ ડાડાના મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સવારે નવ વાગ્યે યજ્ઞનો પ્રારંભ થશે. બપોરે એક વાગ્યે બીડુ હોમાયા બાદ સમૂહ પ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ આયોજનમાં સમસ્ત કોટેચા પરિવારજનો ઉપસ્થિત રહેવા તથા આ અંગેની વધુ માહિતી માટે જયદીપભાઈ વી. કોટેચા (મો.૭૨૮૫૦૨૪૩૮૪)નો સંપર્ક સાધવા વીર વાછરા દાદા દેવસ્થાન સમિતિ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# માણાવદરના થાનીયાણામાં આવતીકાલથી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થશે

## નકલંકધામના મહંત ધર્મભુષણ સંત રાજેન્દ્રદાસ બાપુના માતૃદ્વારા બાપુની પ્રાગટ્ય ભૂમિ ઉપર ભવ્ય આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૨

અખિલ ભારતીય સંત સમિતિના અધ્યક્ષ અને નકલંક ધામ, તોરણીયા એવમ્ હરિદ્વારના મહંત ધર્મભૂષણ સંત રાજેન્દ્રદાસ બાપુના પ્રાગટ્ય ભૂમિ માણાવદરના થાનીયાણા ગામે તેમના માતૃ દ્વારા એક ભવ્યાતિભવ્ય ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. માતૃ પૂ. ગં.સ્વ. કવીબેન કમાભાઈ ટોળીયા, વશરામભાઈ કમાભાઈ ટોળીયા, કેશુભાઈ કમાભાઈ ટોળીયા દ્વારા સમસ્ત ટોળીયા પરિવારના પિતૃઓના મોક્ષાર્થે તારીખ ૨૪મી એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધી માણાવદરના ધન્ય મુકામે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાશે તેના વ્યાસાસને ભાગવતાચાર્ય શાસ્ત્રીજી પૂજ્ય કૌશિકભાઈ ભટ્ટ પીરાજી કથાનું રસપાન કરાવશે સાથે વિષ્ણુયાગયજ્ઞ, શ્રી ગાત્રાળ માતાજી, શ્રી રાધા-કૃષ્ણ તેમજ શ્રી મેલડી માતાજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પણ રાખેલ છે. આ મહોત્સવમાં પરબધામથી પૂજ્ય કરસનદાસ બાપુ, પૂજ્ય મોરારીબાપુ, પોરબંદરથી પૂજ્ય રમેશભાઈ ઓઝા, જામનગરથી દેવપ્રસાદ બાપુ અને તોરણીયાથી રાજેન્દ્રદાસ બાપુ સહિતના સંતો-મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. તારીખ ૨૬ના રોજ સાંજે પાંચ વાગ્યે ધર્મસભાનું પણ આયોજન રાખવામાં આવેલ છે. તેમજ તા.૨૫ના રોજ રાત્રે રામદાસ ગોંડલીયા, બીરજુ બારોટ, ગીતાબેન રબારી જ્યારે તારીખ ૨૭ના રોજ રાત્રે, નિશા બારોટ, કાજલ મહેરીયા અને તા.૨૯ના રોજ માયાભાઈ આહીર, કિર્તીદાન ગઢવી અને બીરજુ બારોટ સહિતના કલાકારો રમઝટ બોલાવશે. આયોજનને સફળ બનાવવા માટે સમગ્ર ટોળીયા પરિવાર તેમજ આજુબાજુના ગ્રામ્ય પંથકના સેવકો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ખંભાળિયાના નગરજનોનેની પ્રતીક્ષાનો અંત : ઘી નદીમાંથી વર્ષો જુની ગાંડી વેલને દૂર કરવાની કામગીરીનો પ્રારંભ



(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૨

ખંભાળિયાના પાદરમાંથી પસાર થતી ઘી નદીને પ્રદૂષિત કરતી ગાંડી વેલ કે જેનું સામ્રાજય છેલ્લા ઘણા વર્ષોથી બરકરાર રહ્યું હતું, આ વેલને દૂર કરવાની કામગીરીનો આખરે ગઈકાલથી પ્રારંભ થયો છે. ખંભાળિયાના ઘી ડેમ વિસ્તારમાંથી નીકળી અને જુદા-જુદા ભાગોમાંથી પસાર થતી ઘી નદી કે જે અનેક નાના જળસ્ત્રોતોને જીવંત રાખવા માટે આશીર્વાદરૂપ બની રહેલ છે, આ ઘી નદીમાં છેલ્લા ઘણા વર્ષોથી ચોમાસા બાદ ગાંડી વેલનું સામ્રાજય છવાઈ જાય છે.

આ નદીમાં ઊગી નીકળતી ગાંડી વેલ નદીના પાણી માટે ફક્ત નુક્સાન કર્તા જ નહીં, પરંતુ ગંદકી અને મચ્છરનું ઉત્પતિ સ્થાન પણ બની રહેતી હતી. દુર્ગંધ મારતી આ ગાંડી વેલને દુર કરવા માટે વારંવાર કરવામાં આવેલી માંગણીઓ બાદ ગઈકાલે ગુરૂવારે નગરપાલિકા દ્વારા ઘી નદીમાંથી ગાંડી વેલને દૂર કરવા માટે આપેલા કોન્ટ્રાકટ કામ અંતર્ગત આજથી આ ગાંડી વેલને દૂર કરવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત અહીંના ખામનાથ વિસ્તારમાંથી શરૂ કરવામાં આવેલી આ કામગીરીના પ્રારંભ દરમ્યાન કોન્ટ્રાકટરો સાથે નગરપાલિકાના સભ્ય ઈમ્તિયાઝખાન લોદીન, અરજણભાઈ ગાગીયા, કિશોરભાઈ નકુમ, કારૂભાઈ માવદીયા, ઈન્ચાર્જ સેનેટરી ઈન્સ્પેકટર કિશોરસિંહ સોઢા સહિત નગરપાલિકાનો સ્ટાફ અને સ્થાનિક રહીશો ઉપસ્થિત રહ્યા હતા. ગાંડી વેલને જડમૂળથી દૂર કરવાની કામગીરીનો પ્રારંભ થતાં અનેક નગરજનોએ રાહતનો દમ ખેંચ્યો છે.

# ખંભાળિયા પંથકમાં SHE TEAM ટીમ દ્વારા વિદ્યાર્થીનીઓને જરૂરી માહિતી અપાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ તંત્ર હેઠળના નેજા હેઠળ કાર્યરત **"SHE TEAM"** દ્વારા સમયાંતરે જુદા-જુદા વિસ્તારોમાં બહેનો-મહિલાઓ માટે માહિતી તથા સુરક્ષા પ્રદાન કરતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ અંતર્ગત ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામ નજીકના ભરાણા ખાતે સ્થિત કન્યા છાત્રાલયની બાળાઓને **"SHETEAM"** બાબત માહિતગાર કરવામાં આવી હતી. અહીં ઉપસ્થિત સ્ટાફ દ્વારા હેલ્પલાઈન નંબર ૧૧૨, ૧૮૧ અને પોલીસ હેલ્પલાઈન નંબર ૧૦૦ વિષે બહેનોને માહિતગાર કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં, મહિલા સુરક્ષા કે આ અંગેની કોઈપણ ફરિયાદ કે મુશ્કેલી હોય તો તેમનો સંપર્ક સાધવા પણ જણાવાયું હતું. આ માહિતી કાર્યક્રમનો લાભ મોટી સંખ્યામાં છાત્રાઓએ લીધો હતો.

# ખંભાળિયા પંથકની પરિણીતાના આપઘાત પ્રકરણમાં સાસુ-સસરાની જામીન મુક્તિ

(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૨

ખંભાળિયા તાલુકાના વાડીનાર નજીક આવેલા મોટા આંબલા ગામે રહેતી એક પરિણીત યુવતીએ થોડા સમય પૂર્વે આપઘાત કરી લીધા બાદ આ અંગે પરિણીત યુવતીના પિતાએ તેણીના પતિ અને સાસુ-સસરા સામે ત્રાસ ગુજારીને મરી જવા માટે મજબૂર કરવા સબબની ફરિયાદ વાડીનાર મરીન પોલીસ મથકમાં નોંધાવી હતી. આના અનુસંધાને પોલીસે મૃતક મહિલાના સસરા નવલસિંહ મેરૂજી રાઠોડ તથા સાસુ ગીતાબેન નવલસિંહ રાઠોડની ધરપકડ કરી, અદાલતમાં રજુ કરતા અદાલતે તેઓને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. આ પ્રકરણમાં આરોપીઓ દ્વારા જામીન મુકત થવા માટે ખંભાળિયાની સેસન્સ અદાલતમાં જામીન અરજી મૂકતા આ અંગે આરોપીના એડવોકેટ તરૂણભાઈ વિઠલાણી તથા તેમની સાથે ધ્રુમિલ પંચમતિયા દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલોને ગ્રાહ્ય રાખી, નામદાર અદાલતે ઉપરોક્ત બંને આરોપીઓને જામીન મુકત કરવા માટેનો હુકમ કર્યો હતો.


**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ભાવિનકુમાર મહેશભાઈ ટીલવા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું **નામ ભાવિન મહેશભાઈ ટીલવા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**એ-૧૨૦૪, કોપર એલીગન્સ,**

**અંબીકા ટાઉન શીપ, રાજકોટ**

# જૂનાગઢ શહેરમાં આવેલા રસ્તાઓ હવે સરકાર બનાવી આપશે

## શહેરી વિસ્તારમાં આવેલા સીસી રોડ, પાણીની લાઈન, સ્ટ્રીટ લાઈટ અને ગટરની કામગીરી પણ ફ્રીમાં થશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૨

ગુજરાત રાજયનાં કોઈપણ શહેરમાં છેલ્લા કેટલાય સમય થયા લોકભાગીરીદારીથી પ્રાથમીક સુવિધાનાં કામો થતા હતા પરંતુ હવે એક નવી પહેલનાં ભાગરૂપે સોસાયટી, શેરીનાં રસ્તા સરકાર બનાવી આપશે અને લોકભાગીદારીની પ્રથા બંધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. જૂનાગઢનાં ધારાસભ્ય ભીખાભાઈ જોષીએ નવી પહેલ કરી છે અને સરકારમાં દરખાસ્ત કરતા જૂનાગઢ શહેર માટે સરકાર દ્વારા નાણાંની ફાળવણી કરનાર હોય અને પ્રાથમીક સુવિધાનાં વિવિધ પ્રશ્નો યોગ્ય કાર્યવાહી કરનાર હોવાનું જાણવા મળે છે. જૂનાગઢ કોર્પોરેશન વિસ્તારમાં હવે સીસીરોડ, પાણીની લાઈન, એલઈડી સ્ટ્રીટ લાઈટ, ગટર વગેરેના કામો ફ્રીમાં થશે. અગાઉ આવા કામો લોક ભાગીદારીથી કરાવવા પડતા હતા જેમાં પ્રજાજનોએ ૨૦ ટકા ફાળો આપવો પડતો હતો. પરંતુ જૂનાગઢના ધારાસભ્ય ભીખાભાઈ જોષીએ એક નવી પહેલ કરી છે. જેના પરિણામે કોર્પોરેશન હદ વિસ્તારની સોસાયટીમાં સીસીરોડ, ગટર, પાણીની લાઈન કે એલઈડી સ્ટ્રિટ લાઈટની કામગીરી કરાવવી હશે તો તેના માટે એક રૂપિયો પણ લોક ભાગીદારીથી કાઢવો નહિ પડે.

આમ, ધારાસભ્યની દરખાસ્ત બાદ સરકાર નાણાં આપનાર હોય આવા કામોમાં લોક ભાગીદારી બંધ થશે અને લોકોને ફ્રીમાં પ્રાથમિક સુવિધા મળી શકશે. આ અંગે ધારાસભ્ય ભીખાભાઈ જોષીએ જણાવ્યું હતું કે, અગાઉ સ્થાનિક સોસાયટીમાં લોક ભાગીદારીથી સીસીરોડ, પાણીની લાઈન, ગટર, એલઈડી સ્ટ્રીટ લાઈટના કામો થતા હતા. આમાં જેતે સોસાયટીએ કુલ કામના ૨૦ ટકા નાણાં ભરવા પડતા હતા. જ્યારે બાકીની ૮૦ ટકા રકમમાં ૧૦ ટકા ધારાસભ્ય અને ૭૦ ટકા રકમ સરકાર ભરતી હતી.

જોકે, આ યોજનામાં પણ દરખાસ્ત ઓછી મળતા લોકો વધુ નાણાં ખર્ચી ન શક્યા હોય તેમ જણાયું હતું. પરિણામે યોજનામાં ફેરફાર કર્યો. પ્રજાજનોએ લોક ભાગીદારીથી કરાવવાના કામોમાં ૨૦ ટકાના બદલે માત્ર ૧૦ ટકા જ ભરવાના હતા અને ધારાસભ્યએ ૧૦ ટકાના બદલે ૨૦ ટકા ભરવાના હતા. તેમ છત્તાં લોકોને આર્થિક નાણાંકીય તંગી નડી ગઈ હોય કે ગમે તે હોય તેમાં પણ દરખાસ્ત ન મળતા હવે આ કામો ફ્રિમાં કરી દેવાયા છે.

મતલબ કે, હવે સ્થાનિક સોસાયટીમાં સીસીરોડ, ગટર, પાણીની લાઈન કે એલઈડી સ્ટ્રીટ લાઈટના કામો કરાવવા હશે તો પ્રજાજનોએ ૧૦ ટકા રકમ પણ ભરવી નહિ પડે. માત્ર દરખાસ્ત મોકલી આપવાથી કામ થઈ જશે. આ માટેના નાણાંમાં ૨૦ ટકા ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ભરાશે, ૧૦ ટકા રકમ કોર્પોરેશન સ્વભંડોળમાંથી ચૂકવશે અને બાકીની ૭૦ ટકા રકમ સરકાર ભરશે. આમ, ટોટલ ફ્રિમાં લોકોને પ્રાથમિક સુવિધા મળી શકશે જેના માટે માત્ર દરખાસ્ત કરવાની રહેશે.

## જૂનાગઢ શહેરમાં પોલીસનું સઘન ચેકીંગ અને કોમ્બિંગ, ગુનેગારોમાં ફફડાટ





(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૨૨

હાલમાં તાજેતરમાં તહેવારોની સીઝન શરૂ થયેલ હોય, જૂનાગઢ રેંજના પોલીસ વડા ડીઆઈજી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢ શહેર વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધરવા તમામ પોલીસ અધિકારીઓને સુચનાઓ કરવામાં આવેલ છે. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા આપવામાં આવેલ સૂચના આધારે જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં ભારત મિલના ઢોળા ઉપર બનેલ મારામારીના બનાવ અનુસંધાને એ ડિવિઝન પીઆઈ એમ.એમ. વાઢેર, પીઆઈ આર.એસ. પટેલ, પીએસઆઈ એ.કે. પરમાર, આર.પી. ચુડાસમા, એ.બી. દત્તા, સી ડિવિઝન પીએસઆઈ જે.જે. ગઢવી, બી ડિવિઝન પીએસઆઈ જે.એચ. કછોટ, ક્રાઈમબ્રાન્ચના પીઆઈ એચ.આઈ. ભાટી, પીએસઆઈ ડી.જી. બડવા તેમજ તાલુકા પોસઈ પી.વી. ધોકડીયા, ભવનાથ પોસઈ એમ.સી. ચુડાસમા સહિતના જૂનાગઢ શહેર એ ડિવિઝન, બી ડિવિઝન, સી ડિવિઝન, જૂનાગઢ તાલુકા, ભવનાથ પોલીસ સ્ટેશન તેમજ ક્રાઈમ બ્રાન્ચ, પેરોલ ફરલો સ્કવોડ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સહિતના આશરે ૧૦ જેટલા પોલીસ અધિકારીઓ તથા ૬૦ જેટલા સ્ટાફના માણસોના વિશાળ કાફલા સાથે ભારતમિલના ઢોળા વિસ્તાર, સુખનાથ વિસ્તાર, દાતાર રોડ તથા દોલતપરા વિસ્તારમાં ભૂતકાળમાં ચોરી, લૂંટ, ખૂન, મારામારી, જુગાર, દારૂ, જેવા ગુન્હાઓમાં પકડાયેલા ગુન્હેગારોનું લિસ્ટ બનાવી કોમ્બિંગ કરી, સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું.

જૂનાગઢ પોલીસના અધિકારીઓ તથા સ્ટાફ દ્વારા યોજવામાં આવેલ કોમ્બિંગ દરમ્યાન ભારત મિલના ઢોળા વિસ્તાર તથા દોલતપરા રામદેવપરા વિસ્તારમાં ભૂતકાળમાં ગુન્હાઓમાં પકડાયેલ આરોપીઓ પકડાયેલ અનેજાણીતા ગુન્હેગારોના ઘરમાં સઘન ચેકીંગ હાથ ધરવામાં આવતા, ભૂતકાળમાં પકડાયેલ આરોપીઓ અને જાણીતા ગુન્હેગારોમાં ફફડાટ ફેલાયો હતો. આ સઘન ચેકીંગ દરમ્યાન જાણીતા ગુન્હેગારોના ઘર ચેક કરવામાં આવેલ હતા. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા ગુન્હેગારોને અંકુશમાં લેવા જુદા જુદા વિસ્તારોમાં કોમ્બિંગ કરી, કાર્યવાહી શરૂ કરવામાં આવતા, ભૂતકાળમાં પકડાયેલ ગુન્હેગારોમાં ફફડાટ ફેલાયો છે. ભવિષ્યમાં પણ જૂનાગઢ શહેરના અલગઅલગ વિસ્તારોમાં સઘન ચેકીંગ અને કોમ્બિંગની કાર્યવાહી શરૂ રાખવામાં આવશે, એવું પોલીસની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

## બિલખામાં પીજીવીસીએલનાં ધાંધીયાથી જનતા ત્રાહીમામ

### રાત્રીનાં દોઢ વાગ્યાથી વિજળી ગુલ : હજુ પણ સ્થિતિ યથાવત

(પ્રતિનિધિ દ્વારા) બિલખા તા. ૨૨

બિલખામાં છેલ્લા ઘણા સમયથી પીજીવીસીએલની નબળી સર્વિસનાં પરીણામે હાલની વિજળી ગુલ થવી સામાન્ય થઈ ગયું છે. ગઈકાલે રાત્રે દોઢ વાગ્યાથી વિજળી ગુલ થયેલ છે. અને હજુ પણ સ્થિતિ યથાવત છે. આ અંગે કચેરીનાં નાયબ કાર્યપાલક ઈજનરનો સંપર્ક કરતા બપોર સુધી વિજપાવર આવવાની કોઈ શકયતા નથી તેમ જણાવેલ હતું. વિજ કંપનીની ઘોર બેદરકારીનાં કારણે બિલખા ફરીથી ફાનસ યુગમાં પહોંચી ગયેલ છે. બે દિવસ પહેલા પણ જયારે માવઠાનાં પાંચ છાંટા ખર્યા ત્યારે આખી રાત્રી વિજળીની આવ-જાથી લોકો કંટાળી ગયા હતાં. ઉનાળાનો સમય હોય વિજ ધાંધીયાને કારણે બિમાર વ્યકિતઓ, વડીલો અને બાળકો ત્રાહીમામ પોકારી ગયા છે.

## જૂનાગઢમાં અંગદાન અભિયાન માટે સોમવારે અગત્યની બેઠક

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૨

પ્રવર્તમાન સમયમાં વિવિધ સેવાકીય પ્રવૃતિ સતત થઈ રહી છે અને લોકો પણ સહભાગી બની રહયા છે ત્યારે જૂનાગઢની સેવાભાવી સંસ્થાઓ દ્વારા અંગદાન અભિયાન ચલાવવામાં આવનાર છે અને જે અંગેની એક મહત્વની બેઠક યોજવામાં આવી રહી છે. જૂનાગઢ શહેરની સામાજીક સંસ્થાઓ તક્ષશિલા એજયુકેશન ટ્રસ્ટ, ગાયત્રી પરીવાર ચેરીટેબલ ટ્રસ્ટ અને સત્યમ સેવા યુવક મંડળ જૂનાગઢ દ્વારા અંગદાન અભિયાનનાં સંદર્ભે લોકજાગૃતિ માટે આગામી તા. ૨૫-૪-૨૨ સોમવારે રાત્રીનાં ૮ કલાક મનોરંજન સર્કિટ હાઉસ ખાતે એક બેઠક યોજવામાં આવનાર છે. આ બેઠકમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનાં પૂર્વ પ્રચારક અને પોતાનાં માટે લીવરનું અંગદાન પ્રાપ્ત કરનાર દિલીપભાઈ દેશમુખ ઉપસ્થિત રહેશે. અને પોતાનાં સ્વાનુભાવ અંગે મંતવ્ય આપશે.

આ કાર્યક્રમનો સફળ બનાવવા સત્યમ સેવા યુવક મંડળનાં પ્રમુખ મનસુખભાઈ વાજા, તક્ષશિલા એજયુકેશન ટ્રસ્ટનાં અશોકભાઈ ભટ્ટ, ગાયત્રી શકિતપીઠનાં નાગભાઈ વાળા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

## જૂનાગઢ : નિરાધાર વૃધ્ધા સાથે રૂા.૨.૬૦ લાખની છેતરપીંડી

### લોનનાં નાણાં અંગે કોરો ચેક લખાવી પૈસા ઉપાડી લીધા, વૃધ્ધાની દીકરીએ એક શખ્સ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી



(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢમાં એક ગઠીયા દ્વારા નિરાધાર વૃદ્ધાના મૃતક દીકરા સાથે જે તે વખતે લોન કરાવી સંબંધો કેળવી કોરા ચેક લખાવી ચેક દ્વારા લાખોની રકમની ઉઠાંતરી કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. લોનના નામે છેતરપીંડીના અનેક બનાવો સામે આવતા હોય છે. ઓનલાઈન લોનથી વધારે પડતી છેતરપીંડી થયાના કિસસ્સાઓ તો અવાર-નવાર સામે આવતા હોય છે, પણ લોન કરાવી સંબંધો કેળવીનો લોનના નાણાં અંગે છેતરપીંડીથી કોરા ચેક લખાવી લાખોની રકમ ઉઠાંતરીનો પ્રથમ કિસ્સો જૂનાગઢમાંથી સામે આવ્યો છે. જૂનાગઢમાં એક નિરાધાર વૃધ્ધાની દીકરીએ એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, જે તે વખતે જૂનાગઢમાં રહેતી નરેશ નાગદેવ નામની વ્યક્તી દ્વારા તેમના ભાઈના નામે લોન કરી આપવામાં આવેલ અને તેમના ભાઈ સાથે મિત્રતાના સંબંધો કેળવવામાં આવેલ, બાદમાં લોન કરાવી આપનાર નરેશ નાગદેવને પૈસાની જરૂરિયાત હોય એવું બતાવી મિત્રતાના નાતે કોરા ચેક લખાવી વૃધ્ધાના દીકરા પાસેથી જેતે વખતે વૃધ્ધા અને તેમની દીકરીની હાજરીમાં ચેક લઈ ગયેલ અને તેમના ખાતામાંથી ચેક દ્વારા ૨ લાખ ૬૦ હજારની ઉઠાંતરી કરેલ, વૃધ્ધાનો દીકરો કોરોનામાં મૃત્યું પામ્યા બાદ નિરાધાર વૃધ્ધાએ અવાર-નવાર નરેશ નાગદેવ નામની વ્યક્તિ પાસે પૈસાની માંગણી કરેલ પરંતુ પૈસા પરત ન દેવાના બદ ઈરાદે નરેશ નાગદેવ નામની વ્યક્તિ દ્વારા વૃધ્ધાને માત્રને માત્ર ધક્કાઓ ખવડાવી અને છેલ્લે પૈસા નથી આપવા થાય એ કરી લ્યો એવી ધમકી આપતા ના છૂટકે આખરે વૃદ્ધાના દીકરી દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવેલ છે અને નિરાધાર વૃધ્ધાને વહેલામાં વહેલી તકે પોલીસ દ્વારા ન્યાય આપવામાં આવે એવી માંગ કરી છે.

## જૂનાગઢમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢ એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પોલીસ કોન્સ્ટેબલ કલ્પેશ ગેલાભાઈએ અમિત ધનસુખભાઈ મારડીયા (ઉ.વ.૩૩) રહે. પંચહાટડી ચોક, કુંભારવાડા, યમુના ભવન અને હાલ કાલાવડ રોડ એવરેસ્ટ પાર્ક શેરી નં.૩, કુળદેવી કૃપા જૂનાગઢ વાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, આરોપીનાં કબ્જામાંથી ભારતીય બનાવટની પરપ્રાંતની ઈંગ્લીશ દારૂની ૩૧ બોટલ તેમજ પાઉચ નંગ-૨૮ વગેરે મળી કુલ રૂા. ૧૫,૨૦૦નો મુદામાલ જપ્ત કરી તેના વિરૂધ્ધ ધોરણસારની કાર્યવાહી હાથ ધરી છે.

## જૂનાગઢમાં ગાયત્રી શકિતપીઠ ખાતે આવતીકાલે આયુર્વેદીક સર્વરોગ નિદાન કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢ ખાતે સત્યમ સેવા મંડળ તથા શ્રી સિધ્ધ ગાયત્રી શક્તિપીઠ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા આયુર્વેદિક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ આવતીકાલ તા. ૨૩ એપ્રિલ, શનિવારનાં રોજ સવારે ૯.૩૦ થી બપોરે ૧ દરમ્યાન શ્રી ગાયત્રી શક્તિપીઠ, ગિરનાર રોડ, જુનાગઢ ખાતે યોજાશે. આ કેમ્પમાં વિવિધ રોગોની સમસ્યાઓનું નિદાન કરી આપવામાં આવશે. જેમાં ગેસ, એસિડીટી, અપચો, કબજિયાત, સાંધાના દુઃખાવા, પેની તથા કમરનો દુઃખાવો, સંધિવા, સાયટીકા, સોજો, વેરીકોઝ વેઈન, થાઈરોઈડ, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, વજન વધારો/ઘટાડો, અનિદ્રા અને માનસિક તણાવ. હરસ, મસા, પથરી, ભગંદર ઓપરેશન વગર મટાડો. શરદી, ઉધરસ, એલર્જી અને અસ્થમા, ચામડીનાં રોગો, મોંમા ચાંદા પડવા, મોં ન ખુલવું, પગના વાઢીયાનો સચોટ ઉપાય, બાળકોનાં રોગો, સ્ત્રીઓનાં રોગો, પુરૂષોનાં ગુપ્તરોગો વગેરેનું નિદાન વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

વધુમાં જરૂરી આયુર્વેદિક દવાઓનો ચાર્જ લેવામાં આવશે. આ કેમ્પમાં ૨૭ વર્ષોનાં અનુભવી અને નિષ્ણાંત વૈદ્ય જે. પી. દંગી પોતાની સેવાઓ આપશે. ગાયત્રી ઉપાસક પ્રગટ માસ્વરૂપ સ્વરૂપાનંદજી - "માડી", રાજકોટ (ઝાલાવાડનાં ઈતિહાસવિદ ડો. ઈન્દ્રવદન આચાર્ય)એ આ સેવાકીય કામગીરીને આશીર્વાદ પાઠવ્યા છે. આ કેમ્પનો જરૂરીયાતમંદ લોકોએ લાભ લેવા એક યાદીમાં જણાવ્યું છે.

## જૂનાગઢમાં સગાઈ પ્રશ્ને લાગી આવતા ગળાફાંસો ખાધો

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢ શહેરમાં બિલખા રોડ આંબેડકરનગર ખાતે રહેતા ટીશાબોન કિશોરભાઈ (ઉ.વ.૧૯)ને પોતાની સગાઈની ના પાડતા લાગી આવતા પોતે પોતાની રીતે રૂમમાં સીલીંગ પંખા સાથે ચુંદડી બાંધી ગળા ફાંસો ખાઈ જીવનનો અંત આવેલ છે. આ બનાવથી તેના પરીવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

બિમારીથી કંટાળી ગળાફાંસો ખાધો

મેંદરડાનાં સાતવડલા પ્લોટ વિસ્તારમાં રહેતા હેમીબોન નરસીંહભાઈ રાવત (ઉ.વ.૯૦) છેલ્લા ઘણા સમયથી બિમાર રહેતા હોય અને આ બિમારીથી કંટાળી જઈ પોતાની મેળે ઘરે ગળાફાંસો ખાઈ લઈ જીવનનો અંત આણેલ છે.

## જૂનાગઢમાં ગોડાઉનનું તાળું તોડી રૂા. ૮૫,૧૯૦ની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢ શહેરમાં કડીયાવાડ શાક માર્કેટ પાસે આવેલ મહાદેવ ડેરીનાં ગોડાઉનમાંથી ચોરી થયાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અગે ઝાંઝરડા ચોકડી પાસે રહેતા અમરીશભાઈ ધીરજલાલ આખજા (ઉ.વ.૩૮)એ નરેશભાઈ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપીએ ફરીયાદીનાં ગોડાઉનનાં લોકરમાંથી તાળુ તોડી રોકડ રૂા.૮૫,૧૯૦ની ચોરી કરી નાસી ગયાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ : બેકારીથી કંટાળી જઈ ગળાફાંસો ખાધો

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢમાં આંબેડકરનગર વિસ્તારમાં રહેતા સિધ્ધાર્થ પુંજાભાઈ વાઘ (ઉ.વ.૩૦) દારૂ પીવાની ટેવવાળા હોય અને કોઈ કામ ધંધો કરતા ન હોય તેથી બેકારીથી કંટાળી જઈને ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કોડીનાર તાલુકાના ડોળાસા ગામે એકજ વાડીમાંથી પાંચમો દીપડો પાંજરે પુરાયો

(પ્રતિનિધિ દ્વારા)

ડોળાસા તા.૨૨

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે પાદરમાં જ આવેલ વાડીમાંથી ૧૫ દિવસમાં પાંચમો દીપડો પાંજરે પુરી વન વિભાગે પ્રશંશનીય કામગીરી કરી હતી. ડોળાસા ગામના કાળુભાઈ નારણભાઈ બારડની વાડી બોડિદર રોડ ઉપર આવેલી છે. તેમનો પરિવાર પણ વાડીએ જ રહે છે. છેલ્લા કેટલાક દિવસોથી દીપડા, દીપડી, બચ્ચાઓ જાહેરમાં નીકળતા આ ખેડૂતે જામવાળા જંગલખાતાને જાણ કરી હતી. બાદ જંગલખાતાના અધિકારીઓ દિપકસિંહ રાઠોડ, અલીભાઈ, સેવરાભાઈ, સાગરબાપુ, જીતુભાઈ ગોહિલ, વનમિત્ર જીતુભાઈ મોરી વિગેરે પંદર દિવસની સખત મહેનતથી એકજ વાડીમાંથી પાંચમો દીપડો પાંજરે પુરાયો હતો. જંગલખાતાની કામગીરીને ખેડૂતો બિરદાવી હતી. છેલ્લા લાંબા સમયથી આ દીપડા પરિવારે ધામાં નાખ્યા હતા.

જૂનાગઢમાં સૌપ્રથમ એમ.ડી. (હોમીયોપેથી)

Dr. Vachhani's HOMEOPATHY

Best Allergy Treatment without side-effects

આડઅસર રહિત, સચોટ હોમીયોપેથી સારવાર

- શરદી
- છીંકો
- ઉધરસ
- શ્વાસ
- ખંજવાળ
- શીળસ

એલર્જી મટી શકે છે.



ડો. નવનીત વાછાણી M.D. (Hom.)

૧૬૪, પહેલા માળે, પ્રિઝમ કોમ્પ્લેક્ષ, બસ સ્ટેશન સામે, જૂનાગઢ.

મો. ૯૪૦૯૧ ૫૧૫૨૨ સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 108, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India